કુદરતની મનોરમતા દાખવતી વાંકીચૂંકી ડાળીઓ પર બેઠેલાં ફૂલો ને પત્તીનું આલેખન જે સમતોલ પ્રમાણભાર-પૂર્વક સમસ્ત પટને આવરીને આમાં કરેલું છે એ જાપાની કલાકારોના આલેખન-સામર્થ્યની એક વિશિષ્ટતા છે.



વસંત (જાપાની આલેખન)

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત

સંસ્થાપક · રવિશંકર રાવળ · વર્ષ ૨૭ · અંક ૩ · માર્ચ ૧૯૫૦ · અંક ૩૧૫



કનુ દેસાઈની કલા-વાનગી

શ્રી કનુ દેસાઈની કલોપાસનાથી એકલું ગુજરાત જ નહિ પણ આખું ભારત સુપરિચિત છે. ભારતીય કલાની વિશિષ્ટતા રજ-તમ ભાવથી દૂર રહીને સૌમ્ય સાત્ત્વિક ભાવના પ્રેરવાની છે. એ વિશિષ્ટતા શ્રી કનુ દેસાઈની કલામાં સહજે ઓતપ્રોત રહેલી છે. ભાવ-સભર એકાન્તથી માંડીને રસગરત નૃત્ય સુધી વિલસતી માનવ-લાગણીઓને લયબદ્ધ કરતાં અને રંગદર્શી વાતાવરણનું માધુર્ય જગાવતાં એમનાં રંગચિત્રોનો સમગ્રતયા ખ્યાલ આપતાં આ લઘુચિત્રો સંગ્રહયોગ્ય પણ છે; અથવા પ્રત્યેક કાપીને કાર્ડ પર ચોડી આહ્લાદક અભિનંદનપત્રો પણ બનાવાય.

કુમાર

માર્ચ ૧૯૫૦

અંક ૩૧૫

અનુક્રમણિકા

ચિત્રો

વસંત		(જાપાની આલેખન) પૂઠું
કનુ દેસાઇની કળાની વાનગી	કનુ દેસાઇ	પૂઠાની પાછળ
બીનકાર પરશુરામ [મુઘલ કલમ]		મુખચિત્રની પાછળ
ફાગણનો ફાગ	ચિત્રકાર ચન્દ્રકાન્ત ત્રિવેદી	ત્રિરંગી મુખચિત્ર
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ		પાછલા પૂઠામાં
પુષ્પસૃષ્ટિની શોભનગૂંથણી		(જાપાની કલા) ૯૮

કાવ્યો

દિગ્વિજય	પ્રજારામ રાવળ	૭૯
—ને એ જ તું?	રાજેન્દ્ર શાહ	૭૯
નદી	નિરંજન ભગત	૭૯
રાવળ	'સરોદ'	૭૯
દીવડી અને દાવાનળ	જયાનન્દ દવે	૭૯

ચરિત્ર

રોમેલ	અશોક હર્ષ	૮૦
બાંધ ગઠરિયાં (આપકથા—૩)	ચન્દ્રવદન ચીમનલાલ મહેતા	૮૫

વાર્તા

લાલ જાદૂગર	(જૉન રસેલ કૃત) અશોક હર્ષ	૮૩
સડકનો પત્થર	(ફેડોર સોલોગલ) શાન્તિકુમાર કડિયા	૮૮


લેખો

સંવત્સર પ્રતિપદા—ગૂડી પડવો [માસમાસના તહેવારો-૧૬]		૮૯
કોઠી [આપણી વનસ્પતિ—૩૧)	જયંતીલાલ દેવશંકર ઓઝા	૯૦
ઑલિમ્પિક રમતો	રમણલાલ નાગરજી મહેતા	૯૧
અપભ્રંશ સાહિત્યનું માધુર્ય	ભોગીલાલ જ. સાંડેસરા	૯૩
સ્તંભતીર્થની સરસ્વતી	યશોધર નર્મદાશંકર મહેતા	૯૫
નિકલ [રોજિંદા જીવનમાં વિજ્ઞાન—૩૫]	નરસિંહ મૂ. શાહ	૯૯

વિભાગો

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ	શ્રીદામ વાટ્ટ	૯૭
પચ્ચીસ વર્ષ પહેલાં		૧૦૧
પત્રમિત્ર વિભાગ		૧૦૨
ટિકિટ-સંગ્રહ [૮]		૧૦૭
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ : વિલિયમ મૉરિસ]		૧૧૦
માધુકરી [ડૉ. સચ્ચિદાનંદ સિંહા, ખાંડ-સાકર, ઉનાળા માટે]		૧૧૧
કલકલિયો [માસમાસનાં પંખી-૫૦]		૧૧૧
છેલ્લું પાનું		૧૧૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૭ાા; પરદેશમાં રૂા. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છૂટક નકલના બાર આના



આપણે ગરીબ કેમ છીએ? હિંદ એક અતિ સંપત્તિવાળો પ્રદેશ હોવા છતાં ગરીબ પ્રજાથી ભરપૂર દેશ છે એમ અનેક વાર કહેવાયું છે. એ ઉક્તિનો તાદૃશ ચિતાર આપતું એક પુસ્તક 'આપણો દેશ' તાજેતરમાં જ મુંબાઈની વૉરા એન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ તરફથી (૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી મુંબાઈ-૨, કિં. ૩ાા) પ્રકટ થયું છે. એ આખા યે પુસ્તકનું પાનેપાનું, આ ઉપર પ્રકટ કર્યું છે તેવાં, આપણાં "ધન અને જનનું દર્શન" કરાવતાં, "બોલતાં ચિત્રો"થી ભરેલું છે. આપણો દેશ ગરીબ કેમ છે તેના આંકડાઓ તો નીરસ થઈ પડે. એ જ હકીકત ચોટદાર ચિત્રોનાં રૂપમાં મુકાય તો નાનાં બાળકો સુદ્ધાં તે સમજી શકે. અમદાવાદના શેઠ ચી. ન. વિદ્યાવિહારના શિક્ષકો ને વિદ્યાર્થીઓ તરફથી દર ગાંધી જયંતી પ્રસંગે જે વિવિધ અનુબંધ યોજાય છે તેમાં, ૧૯૪૫માં આ પ્રકારના આલેખોનું એક પ્રદર્શન યોજાએલું, જેમાંના ચાર-પાંચ આલેખો અમે તે વખતે 'કુમાર'માં પ્રકટ કરેલા. ભૂગોળ અને અર્થશાસ્ત્રના નિષ્ણાત શિક્ષક શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ અને 'કુમાર'ના ચિરપરિચિત કલાકાર શ્રી રસિકલાલ પરીખે એની રચના કરી છે, એટલે તેની પ્રમાણભૂતતા અને સચોટ સુંદરતા કેવી હશે તે કહેવાની જરૂર નથી. આ ઉપરનું ચિત્ર જ તે કહેશે. આવાં ૬૮ પાનાંના એ પુસ્તકમાં દરેક ચિત્ર નીચે તેને સમજાવતી આવી નોંધ પણ આપી છે: કુદરતે આપણા દેશને અઢળક સમૃદ્ધિ આપ્યા છતાં આટલી અનહદ ગરીબી શા માટે? ખરી વાત એ છે કે આપણને મળેલી સમૃદ્ધિનો પૂરતો ઉપયોગ આપણે કરતા નથી. આપણી જમીન, જંગલો, મચ્છી, લોખંડ, જલશક્તિ ને માનવશક્તિનો કેટલો થોડો ભાગ આપણે વાપરીએ છીએ તેનો અભ્યાસ કરીને ડૉ. આર. કે. દાસે અમુક આંકડા કાઢ્યા છે તેનું પ્રમાણ આ આલેખમાં બતાવ્યું છે. લમણે હાથ દઈ બેઠેલા હિંદીવાનને પડખે આપણી સમૃદ્ધિ ચિત્રિત કરી છે, અને તેને નિર્દેશતા પટ્ટાઓનો જેટલો ભાગ સફેદ છે તેટલો જ આપણે વાપરીએ છીએ ને બાકીનો કાળા પટ્ટા જેટલો ભાગ એળે જાય છે. દાખલા તરીકે આપણી જલશક્તિનો માત્ર ૧ ટકો જ વાપરીએ છીએ ને ૯૯ ટકા વેડફાઈ જાય છે. કેટલો વ્યય?'

વર્ષ ૨૭ · અંક ૩ કુમાર માર્ચ ઈ. ૧૯૫૦

દિગ્વિજય

· મિશ્ર ·


આ અશ્વમેધાશ્વતણી ચતુર્દિક
જયેષણાની હણહણંત હેષા;
સૌ લક્ષણો શોભનયુક્ત, શુભ્ર,
અંગાંગ કેરી અવદાત રેખા!

ખુર-પ્રહારે ઉડતી ધરા-રજ:
ધરા ઉઠાવે કર ઊર્ધ્વ જાણે!
સિંહાસન સ્વર્ગનું હસ્ત-આમણું!
સુપુચ્છ વીંઝે: થનકંત પ્રાણે!

તૈયાર સેના ચતુરંગિણી ઉભી,
શસ્ત્રો ઝલે, મંગલ તૂરી આસ્વને,
ધ્વને વિશાળી હિલચાલ સૈન્યની,
સમુદ્ર શું પૂનમ વેળ પ્રાંગણે!

અહો, થતું આપ તણું સુ-દર્શન!
ચલો: ઉગી દિગ્જયની શુભ ક્ષણ!

પ્રજારામ



—ને એ જ તું?

· મિશ્ર ·

એ તું જ? જેની
હથેલિ તો નાગરવેલ કેરા
કૅાળેલ કોઇ નવ પર્ણ જેવી
સ્પર્શી હતી શીતલ લાલિમા ભરી.
ને એ જ તું?—
જે કાંટાળો લહું આ શતશત શૂલથી વીંધનારો થુવેર?!

એ તું જ? જેની
વાણીમહીં સંગીત કિન્નરી મેં
માણ્યું હતું (ગુંજરતો વહ્યો ધ્વનિ
તરંગ-આવૃત્ત અનંત શાન્તિમાં).
ને એ જ તું?—
જેના ગર્જિત મૌને નિખિલ સકલ કોલાહલે વ્યગ્ર કીધું?!

એ તું જ? જેની
દૃગો સુધા વર્ષતી પૂર્ણચંદ્રની,
અંધારને યે મળી જેની શુભ્રતા;
સમષ્ટિને અંતર, ગૂઢ સંમુદા.
ને એ જ તું?—
જે વિદ્યુત્ શી અજંપે ભ્રમણમહીં કરે સર્વ કૈં ભસ્મસાત?!

રાજેન્દ્ર શાહ

નદી

કહું?...કહું તો લાજું!
એક નદીનાં વ્હેણ વહે બે બાજૂ

એક ચહે પોતામય થાવું
પાછા જૈ ગિરિગાગરમાં;
એક ચહે અંતે લય થાવું
આગળ જૈ દૂર સાગરમાં:
અને ન આડી આવે એને પાજું!—કહું?

ગંગાજમના સઘળી દીઠી,
નદિયું લાખહજાર સહી;
એક નદી આ નવલી દીઠી,
પામું જેનો પાર નહીં!
(તોય) પ્રીતે એની પાગલતા પર રાજું!—કહું?

નિરંજન ભગત

રાવળ*

· પૃથ્વી ·

કરાળ તવ કોતરો પથરિયાળ પંથે હસે,
બિભીષણ અશબ્દ હાસ્ય પડઘાય ચારે દિશે;
અશોર ઘન ઘોર જેમ નભ મધ્ય તોળાઈ રૂંહે
ભયંકર અવાજ તેમ અણઉચ્ચર્યો મૌનમાં
પ્રચંડ સિંહત્રાડથી ય અદકો ભરે ભે ઉરે.

તટે વળગી રાજિઓ તરુની શું રહી છૂપવી
બતાવતી ન તેથી ગૂઢ સરજે કુશંકા કુડી.
અરે સરિત! ચેતદાતૃ જલવાહિની તું છતાં
ભયાનક વિભાવ એ જ તવ આત્મકેરી મુડી?

ભુલું હું અહ કેમ? એ જ જલવાહિનીના તટે
તૃષા નિજ નિવારતા અનુપ કેસરીસિંહ છે:
અઘોર તરુઝુંડથી વિષમ ખીણ ને ટેકરા—
ભરેલ ભર ગીરમાં જ જન સિંહ જેવા વસે.
ભયંકર નિવાસમાં જ ભયજીત સર્જાય છે.

સરોદ

* રાવળ—સૌરાષ્ટ્રમાં ગીરના જંગલની એક નદી છે.

દીવડી અને દાવાનળ

· ઝૂલણા ·

ખંડના એક ખૂણા મહીં કોડિયે તેલ ટીપું અને વાટ ઝીણી,
એહની જ્યોતને પલકમાં ઓલવે વાયુલહરી ય કો' સત્ત્વહીણી:
કિંતુ એ દૂબળી જ્યોત ધારણ કરે રૂપ દાવાગ્નિનું જ્યાં પ્રચંડ,
એ જ એ અનિલ અણનોતર્યો આવીને સાથ દે, દહન રાખે અખંડ!

જયાનન્દ દવે

ગયા મહાયુદ્ધનો વિરલ હિંમતવાન ને ખેલદિલ જર્મન સેનાપતિ

રોમેલ

જેનાં શૌર્ય ને યુદ્ધ-કાબેલિયતનાં મોંફાટ વખાણ
આજે ખુદ એના શત્રુ–સેનાપતિઓ કરે છે

લેખક · **અશોક હર્ષ**

રોમેલ! આજથી આશરે એકાદ દાયકા પર આ જર્મન સેનાપતિના નામે જગત પર જાણે જાદૂ છાઈ દીધું હતું. ખુદ બ્રિટિશ સૈનિકો પર પણ એ નામે એવી ભુરકી નાખેલી કે એ જાદૂમાંથી એમને મુક્ત કરાવવાને સરસેનાપતિ ઑકિનલેકને સર્વ સૈનિકો જોગ એક ખાસ પરિપત્ર બહાર પાડવો પડેલો.

રોમેલની આટલી બધી નામના, આટલા બધા પ્રભાવનું કારણ શું? એક અપ્રતિમ સેનાની તો એ અલબત્ત હતો જ, પણ એની સાથોસાથ એ ખેલદિલ તેમજ સચ્ચારિત્ર્યશીલ પણ હતો. દારૂ, તમાકુ વગેરેના વ્યસનથી એ મુક્ત હતો; અને એ નાઝી સંપ્રદાયનો નહોતો.

સુંદર છતાં ખડતલ ચહેરાના એ સેનાની સામે શોણિતના ખેલ ખેલવા છતાં આફ્રિકામાં કે નૉર્મૅન્ડી મુકામે એના સામનામાં ઊતરેલો ભાગ્યે કોઈ બ્રિટિશ કે અન્યદેશીય સૈનિક હશે જે એની કાબેલિયત કરતાં યે વધુ એની ખેલદિલી પર મુગ્ધ ન હોય. તાજેતરમાં જ બ્રિગેડિયર ડેસમંડ યંગે એના પર બહાર પાડેલા પુસ્તકમાં એના સાચા સૈનિક જુસ્સાના, ઉદારતાના ને ખેલદિલીના અનેક પ્રસંગો આપેલા છે જેમાંના એકાદ-બે નીચે આપ્યા છે.

૧૯૪૨નો જૂન મહિનો હતો. આફ્રિકાના રણપ્રદેશમાં જનરલ ઑકિનલેકની સરદારી નીચેના 'ડેઝર્ટ આર્મી' અને રોમેલની સરદારી નીચેના 'પાંત્સર આર્મી' વચ્ચે યુદ્ધ ચાલતું હતું. એ યુદ્ધમાં ઉપર્યુક્ત બ્રિગેડિયર યંગના નેતૃત્વ નીચેની બ્રિટિશ ટુકડી હારી. ટુકડીના સઘળા સૈનિકોને તેમના નેતા સાથે કેદ પકડવામાં આવ્યા. કેદીઓની એ કતાર જર્મન શરણે આગળ વધી રહી હતી છતાં પાછળ બ્રિટિશ તોપોની ગર્જના ચાલુ રહી હતી. રોમેલના સૈન્યે બ્રિગેડિયર (એ વખતના કર્નલ) યંગને તોપોના બાર બંધ કરાવવા કહ્યું, જ્યારે યંગે તહકૂબીના વાવટા નીચે શરણે થવાની ના પાડી. આ અંગે રકઝક ચાલી રહી હતી ત્યાં રોમેલ પોતે ફૉક્સ-વૅગનમાં આવી પહોંચ્યો. એણે રકઝકનું કારણ પૂછી જોયું અને પછી પોતાના અફસરને કહી દીધું: 'જાઓ, એ બ્રિટિશ કર્નલને કહી દો કે તહકૂબીના હુકમને તાબે થવાની કશી જરૂર નથી.'

હિટલરે એક વાર પકડાએલી આખી યે બ્રિટિશ કમાન્ડો ટુકડીને મોતને મોંએ ધકેલી દેવાનો હુકમ મોકલ્યો. રોમેલે એ હુકમ વાંચીને ત્યાં ને ત્યાં જ બાળી નાખ્યો,–જોકે આ ગેરશિસ્તની સજા લશ્કરી કાયદા પ્રમાણે બહુ જ આકરી હોય છે.

મેજર પીટર લેવિસે રોમેલ માટે લખ્યું છે: 'એની વિપુલ શક્તિનો કણેકણ યુદ્ધ જીતવામાં ખરચાતો રહેલો, અને છતાં, ઘણા લોકો ધારતા હતા એમ એ પ્રૂશિયન યુદ્ધયંત્રની પેદાશ નહોતો.' અને એ સાચું છે. પ્રૂશિયન લશ્કરી તોખમવાળા કુટુંબને બદલે અર્વિન રોમેલનો જન્મ વુર્ટેમ્બર્ગના એક શિક્ષકને ત્યાં થએલો. એની બહેન આજે પણ સ્ટુટગાર્ટમાં શિક્ષિકા છે. પહેલા મહાયુદ્ધમાં વિમાની તરીકે ફરજ બજાવી ચૂકેલો એનો એક ભાઇ મૅલેરિયાના પરિણામે અપંગાવસ્થા ભોગવી રહ્યો છે, જ્યારે બીજો ભાઈ ઑપેરા-ગાયક છે.

રોમેલના હાથે પરાજય પામનાર લૉર્ડ વૅવેલ જેવાએ પણ એની મુક્તકંઠે પ્રશંસા કરેલી છે, તે પરથી જણાય છે કે રોમેલ કેવો અદ્‌ભુત સેનાની હતો. વૅવેલે લખ્યું છે: 'એ ભલે ઉચ્ચ સૈનિક શિક્ષણ પામેલો નહિ હોય, પરંતુ યુદ્ધ-નીતિ ને વ્યૂહરચનાની સ્વયંપ્રેરણા એ ધરાવતો હતો; અને આપણે આપણી જાતને કદાચ એટલી નસીબદાર માનવી જોઇએ કે ધરીવ્યૂહનું સંચાલન રોમેલને નહિ પણ હિટલરને હાથ હતું ને યુદ્ધસંચાલનમાં એની સલાહ લેવામાં નહોતી આવતી!'

રોમેલને પણ વૅવેલને માટે બહુ ઊંચો અભિપ્રાય હતો. એ એને સર્વોચ્ચ કક્ષાનો સેનાપતિ ગણતો. અને વૅવેલ તો એની અદ્‌ભુતતા પર મુગ્ધ હતો. આફ્રિકાના રણપ્રદેશમાં રોમેલે પોતાને આપેલા પરાજય ઉપર એ ખેલદિલીપૂર્વક એકરાર કરે છે કે 'I had not reckoned on a Rommel.'

અર્વિન રોમેલ ઈ.સ. ૧૯૧૦માં સૈન્યમાં જોડાયો પહેલા મહાયુદ્ધ સમયે એની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. પણ દમાં પાયદળ ટુકડીમાં થોડા જ સમયમાં એણે પાણી બતાવી દી ને યુદ્ધ શરૂ થયાના છ મહિનાની અંદર તો જર્મન સૈનિકોને ાં બહાદુરી માટે અપાતો 'આયર્ન ક્રૉસ' તેણે મેળવ્યો.

પરંતુ સૈનિક તરીકેની શક્તિ અને ધૃતિનો સાચો પરિચય તો રૂમાનિયા ને ઈટલીમાં આલ્પેનકૉર્પ્સમાં રહીને લડતાં એણે બતાવ્યો. એની આડે કશું આવી શકે તેમ નહોતું. દુશ્મન સૈન્યને કલ્પના પણ ન હોય એ રીતે તે વારંવાર એમના પર તૂટી પડતો. એ વખતે યે એના નામની અનેક કિંવદંતીઓ શરૂ થઈ ગએલી; અને યંગે કહ્યું છે તેમ, ડિવિઝનના અફસરો એ વખતે કહેતા: 'જ્યાં રોમેલ ત્યાં જ યુદ્ધમોરચો (Where Rommel is the front is).'

શસ્ત્રવિરામ અને વેર્સાઇની સંધિ બાદ પણ આવો જન્મજાત સૈનિક તો સૈન્ય વિના બીજું શું પસંદ કરે! વેર્સાઇની સંધિએ જર્મનીને જે ૪૦૦૦ લશ્કરી અફસરો કાયમ રાખવા દેવાની છૂટ આપેલી તેમાંનો એક રોમેલ પણ હતો. શાંતિકાળમાં તેણે ગ્રામજીવન પસંદ કરેલું અને ઇ.સ. ૧૯૧૬માં તેની સાથે લગ્નથી જોડાએલી તેની પત્ની સાથે તે સ્કીઈંગ, પર્વતારોહણ તથા તરવાનો આનંદ માણતો. તે આરામ વેળા જો કોઈ પુસ્તક વાંચતો હોય તો તે પણ અચૂકપણે યુદ્ધનું જ હોય. આમ છતાં, નખશિખ યુદ્ધમાં ઊતરેલો અને એવી જ રીતે બીજા મહાયુદ્ધ માટે પોતાને તૈયાર કરી રહેલો આ આદમી યુદ્ધથી આનંદિત નહોતો. યુદ્ધને તે મૂર્ખતા ને પાશવતાપૂર્ણ ગણતો. આ કદાચ વદતોવ્યાઘાત લાગશે, પણ એ હકીકત છે. રોમેલે યુદ્ધને એક ધંધા તરીકે જ સ્વીકારેલો, નહિ કે અન્ય કશા ઉદ્દેશે.

વર્ષો વીતી ગયાં. જર્મનીમાં હિટલર સત્તા પર આવ્યો. રોમેલને હિટલર તરફ માન હતું, પણ તેની નાઝી ટોળકી પ્રત્યે નહિ. હિટલર-કુમાર-દળમાં શિસ્ત આણવા માટે તે એની સાથે જોડાએલો ત્યારે તેર તેર વર્ષની કુમળી વયના કુમારોને 'નાના નેપોલિયનો' બનાવવાના એના નેતા બાલડુર ફૉન શિરાકના પ્રયત્નો સામે તે ઝગડી પણ પડેલો. પાયદળ યુદ્ધપદ્ધતિ પર રોમેલે લખેલું એક પુસ્તક હિટલરના વાંચવામાં આવતાં ઈ. સ. ૧૯૩૮માં સુડેટનલૅન્ડ પરની કૂચ વખતે હિટલરે તેને પોતાની સાથેની રક્ષક ટુકડીનો સેનાનાયક બનાવ્યો. હિટલર સાથે તેનો આ પહેલવહેલો જ નિકટનો સંપર્ક.

ત્યાર બાદ બીજે વર્ષે હિટલરે પ્રાગમાં પ્રવેશ કર્યો ત્યારે પણ કર્નલ તરીકે રૉમેલને એ જ દરજ્જો સોંપવામાં આવ્યો. યુદ્ધ શરૂ થયું ત્યારે તો રોમેલ હિટલરના વડા મથકનો મેજર જનરલ અને હિટલરની સલામતી માટે જવાબદાર વ્યક્તિ બની ગયો હતો.

યુદ્ધ શરૂ થયું એટલે હિટલરના વડા મથક પરની શાંતિ અને સલામતી રૉમેલને અસહ્ય લાગવા માંડી અને પોતાને યુદ્ધમોરચા પર જવા દેવાની માગણી એણે મૂકી. હિટલરે એ માન્ય રાખી અને ઇ. સ. ૧૯૪૦ના મેની ૧૦મીએ રૉમેલની સાતમી પાંત્સર ટુકડીએ બેલ્જિયમની સરહદ ઓળંગી. ત્યાર પછીનાં ફ્રાંસના પતન સુધીનાં જે પાંચ ભયંકર અઠવાડિયાં ગયાં તેમાં બીજી કોઇ ટુકડીએ રોમેલની ટુકડી જેટલું જોખમ નહોતું ખેડ્યું, નહોતી એટલી બહાદુરી બતાવી કે ન તો એટલી ઝડપ. બેલ્જિયનો તરફથી સતત થતા રહેલા તોપમારા સામે પણ કેડ સમાણાં પાણીમાં ઊભા રહી લશ્કરી ઈજનેરોને મ્યૂઝ નદી પર પૂલ ઊભો કરવામાં મદદ માત્ર રોમેલ જ આપી શકે. એની ટુકડી 'ભૂતિયા ટુકડી' તરીકે ઓળખાતી. તરત એણે સેન્ટ વૅલરી કબજે કર્યું અને ત્યારબાદ ચાર ફ્રેન્ચ ઍડમિરલો સાથે ૩૦,૦૦૦ યુદ્ધકેદીઓ સહિત શેર્બુર્ગ લીધું.

ત્યાં આફ્રિકામાં ઇટાલિયન સેનાપતિ ગ્રાઝીઆનીના સૈન્યે જનરલ વૅવેલના હાથે હાર ખાધી હોવાના સમાચાર આવતાં રૅમેલને ઇ. સ. ૧૯૪૧ના ફેબ્રુઆરીમાં ઉત્તર આફ્રિકા રવાના કરવામાં આવ્યો. ટ્રિપોલી બ્રિટિશોના હાથમાં જઈ પડવાની અણી પર હતું ત્યાં રોમેલે ત્યાં પહોંચી જઇને વૅવેલના વિજયી સૈન્યને સેંકડો માઇલ ઠેઠ મિસરની સરહદ સુધી પાછું મારી હઠાવ્યું.

વૅવેલને બદલે જનરલ આકિનલેકને મૂકવામાં આવ્યો. એણે રોમેલનો કટોકટનો સામનો કર્યો. બંને પક્ષે તુમુલ યુદ્ધ આદર્યું. રૉમેલને સારી જેવી ખુવારી સાથે પાછા હઠવું પડ્યું. પરંતુ અગિયાર જ દિવસમાં ફરી પાછો તે એ જ જુસ્સાપૂર્વક ત્રાટકી પડ્યો અને બ્રિટિશ સૈન્યને ઠેઠ ગઝાલા બિર-હાશમ સુધી તગડી કાઢ્યું. એનો આ વિજય અસાધ્ય તો શું પણ લગભગ અકલ્પ્ય જેવો હતો. સૈનિકોમાં એણે ભારે આશ્ચર્ય પેદા કર્યું હતું. અને એ કારણે જ ઑકિનલેકને, રૉમેલ કોઈ અતિમાનવ હોવાની દંતકથાઓ સામે, પ્રારંભમાં જેનો ઉલ્લેખ થએલો છે તે, પરિપત્ર બહાર પાડવો પડેલો.

ઇ. સ. ૧૯૪૨ના મેમાં એણે ગઝાલા મુકામેથી પાછું આક્રમણ શરૂ કર્યું અને બ્રિટિશ સૈન્યને અલ-આમીન સુધી હાંકી કાઢ્યુ આ આક્રમણ ચાલુ હતું ત્યારે યુદ્ધકેદી તરીકે પકડાએલા મેજર આર્ચર-શીએ હિંદી સૈનિક કેદીઓને પૂરતું પાણી મળતું ન હોવાની ફરિયાદ રોમેલ સમક્ષ કરી અને જણાવ્યું કે જો તેમને પાણી પૂરતું ન આપી શકાય તો તેમને બ્રિટિશ હરોળ પર પાછા મોકલી આપવા.

રોમેલે જવાબ આપ્યો કે 'તેમને જર્મન સૈનિકોને માપબંધીમાં અપાય છે એટલું જ પાણી આપવામાં આવે છે:અરધો પ્યાલો. પરંતુ,' એણે ઉમેર્યું, 'હું તદ્દન સંમત થાઉં છું કે આમ લાંબું ન ચાલી શકે. જો રાત સુધીમાં પાણીનો પુરવઠો આવી ન પહોંચે તો હું તેમને પાછા સોંપી દેવા માટેની શરતો જનરલ રીચી પાસે માગીશ.'

રોમેલ અલ-આમીન પહોંચ્યો ત્યારે તેની પાસે કામ આપી શકે તેવી માત્ર બાર ટૅન્કો રહેલી. ને છતાં તે વિજયી થયો હતો— કોઇ લશ્કરી ઓલાદનો નહિ પણ એક સામાન્ય પંતુજીનો આ પુત્ર! હિટલરે એને તરત ફીલ્ડ-માર્શલ બનાવી દીધો. એની ઉંમર ત્યારે પચાસ વરસની હતી.

હવે જનરલ મૉન્ટગોમરીને આફ્રિકાની કામગીરી સોંપાઈ અને



એણે આલમ-અલ-હૈફા મુકામે રોમેલના 'આફ્રિકા કૉર્પ્સ'ની સારી જેવી ખુવારી કરી. રોમેલ ત્યારે બીમાર હતો (જિન્દગીમાં એ પહેલી જ વાર બીમાર પડેલો) છતાં તે વધુ કુમક માગવા જર્મની ઊપડી ગયો. વધુ સૈનિકો અને વધુ પુરવઠા માટે એ ક્યારનીય જર્મન હાઈ કમાન્ડ પાસે માગણી કરી રહ્યો હતો, પરંતુ હિટલરે આફ્રિકાના યુદ્ધને કદિય મહત્ત્વ આપ્યું નહોતું. બ્રિટિશો તેનું મહત્ત્વ સમજતા હોઇને તેમણે પોતાની સૈનિક અને સાધનસામગ્રીને સારી પેઠે વિકસાવી હતી, પરંતુ હિટલરને મન તો આફ્રિકાનું યુદ્ધ એ ઇટલીને લડાઈમાં રોકાએલું રાખવા સિવાય વિશેષ કશા મૂલ્યનું નહોતું. મેજર પીટર લેવિસ કહે છે તેમ, 'રોમેલને જો તેની જરૂરિયાત મુજબની મદદ મળી હોત તો આફ્રિકાના આખા યે યુદ્ધના અંતનું સાક્ષી અલ-આમીન બની રહેત.'

પછી તો આફ્રિકામાંથી સાથી સૈન્યોએ જ આક્રમણ આદર્યું. રોમેલ ફરી હિટલરને મળ્યો અને આફ્રિકામાં જે કંઇ જર્મન સૈન્ય બચ્યું હતું તે પાછું ખેંચી લેવાની સલાહ આપી. હિટલર ધૂંવાંફૂંવાં બની ગયો. રોમેલને એણે કાયર તેમજ પરાજયવાદી કહ્યો. જોકે હિટલરે પાછળથી આ શબ્દો માટે માફી માગી, પરંતુ હિટલરનું મગજ કઈ રીતે કામ કરી રહ્યું હતું તે રોમેલને ત્યારે તદ્દન સ્પષ્ટ થઈ જવા પામ્યું. ૧૯૪૩ના ફેબ્રુઆરીમાં રોમેલને આખા યે આફ્રિકામાંનાં ધરી રાજ્યોનાં સૈન્યોની સરદારી સોંપવામાં આવી. એ જાણતો જ હતો કે પોતાના ભાંગ્યાતૂટ્યા સૈન્યની શક્તિ કેટલી છે, છતાં તેણે આગળ વધતા સાથીસૈન્યો પર બે વાર ભયંકર આક્રમણ કર્યું: કેસેરીન મુકામે અને મેદેનીન મુકામે. મેદેનીન મુકામે પાછા પડ્યા પછી ફરી એક વાર તે હિટલરને મળવા ઊપડ્યો ને આફ્રિકામાંના સૈન્યને હજુ યે બચાવી લેવાનો આગ્રહ કર્યો. ફરી હિટલરે તેને કાયર તરીકે નવાજ્યો, એટલું જ નહિ પણ તેને આફ્રિકા પાછા જ ન ફરવાનો હુકમ કર્યો. 'આફ્રિકા કૉર્પ્સ' ઠેઠ સુધી વગર સેનાનાયકે લડતું રહ્યું. માલ્ટાનું રૉમેલે આંકેલું મહત્ત્વ સ્વીકારવામાં પણ

એ જ જર્મન હાઇ કમાન્ડે તત્પરતા નહોતી બતાવી.

ઇ. સ ૧૯૪૪માં સાથી રાજ્યોના યુરોપ પરના આક્રમણ સમયે રોમેલને નેધર્લૅન્ડ્સથી હ્વાર સુધીનાં જર્મન સૈન્યોની સરદારી સોંપાઈ. તેણે પોતાના જૂના ઉત્સાહપૂર્વક જર્મન સંરક્ષણ હરોળ સુધારવા માંડી. એની દૃઢ માન્યતા હતી કે આક્રમણને કાંઠે કાંઠે જ ખાળી શકાશે, એથી આગળ વધ્યા પછી નહિ. દુર્ભાગ્યે એ માટે જોઇએ તેટલો પૂરતો સમય તેને હવે નહોતો રહ્યો. આમ છતાં થોડા જ મહિનામાં ૪૦ લાખ સુરંગો એણે પાથરી દીધી. યુદ્ધનાં ત્રણ વર્ષમાં માત્ર ૨૦ લાખ સુરંગો નાખી શકાઈ હતી, ત્યારે રોમેલે એટલા મહિનામાં નાખેલી એથી બમણી સુરંગો એની લશ્કરી પ્રતિભાનો પુરાવો બની રહે છે. પરંતુ અહીં પણ રોમેલની યોજના ને જર્મન હાઇ કમાન્ડનો ટેકો ન મળ્યો. આક્રમણને આટલાંટિકના કાંઠા પર જ ખાળી શકાશે એમ માનવા હાઈ કમાન્ડ તૈયાર નહોતું!

આવી પરિસ્થિતિમાં રોમેલને ખાતરી થઈ કે અમેરિકન સેનાનાયક અને સાથી રાષ્ટ્રોના સરસેનાપતિ આઇઝેનહોવરના આગળ ધપતા સૈન્ય સામે ઝીક ઝાલી શકાય તેમ નહોતી. એણે એ જ સાલની જૂનની ૧૨મીએ હિટલર પર એ બાબતનો એક પત્ર લખ્યો. એને આગલે જ દિવસે રોમેલના વિશ્વાસપાત્ર મિત્ર ઍડમિરલ રૂગેએ એવો અભિપ્રાય દર્શાવેલો કે હિટલરે પદત્યાગ અથવા તો આત્મત્યાગ કરીને શાંતિનો માર્ગ ખુલ્લો કરી આપવો જોઇએ.

અને રોમેલે તેને જવાબ આપેલો (હિટલરને કારણે જ આફ્રિકા કૉર્પ્સની થવા પામેલી દુર્દશાને ગ્લાનિપૂર્વક સંભારતાં) કે: 'હું એ આદમીને જાણું છું. જર્મન પ્રજાનો જરા યે ખ્યાલ કર્યા વિના, જર્મનીનું એકે એક મકાન સાજું નહિ રહે ત્યાં સુધી એ યુદ્ધ જારી રાખવાનો.'

ત્યાર બાદ એકાદ અઠવાડિયું રહીને મળેલી જર્મન લશ્કરી પરિષદમાં રોમેલ અને ફૉન રૂન્ડસ્ટેટ બંનેએ જર્મન સૈન્ય પાછું ન ખેંચી લેવાની મૂર્ખાઇ પર ટકોર કરી. એ બંનેની વાતોમાંથી શાંતિનો ધ્વનિ ઊઠતાં આ પરિષદ એટલેથી જ ભાંગી પડી. આ પરિષદને અઠવાડિયું વીતવા આવ્યું હશે ત્યાં તો સાથી સૈન્યોના બૉમ્બમારાની ઝપટમાં રોમેલની ગાડી આવી ગઈ અને એ સખ્ત ઘવાયો. થોડો વખત ઇસ્પિતાલમાં રહ્યા બાદ એણે પોતાને આગ્રહપૂર્વક હેરલિંગેન મુકામેના પોતાના નિવાસસ્થાને ખસેડાવ્યો.

હેરલિંગેન મુકામે એની આસપાસ જાળ ગૂંથાવા માંડી, કારણકે હિટલરને એ અપ્રિય થઇ પડ્યો હતો. હિટલરને ઉથલાવી પાડવાના કાવતરા પાછળ એનો હાથ હોવાની શંકા હતી. હિટલરને ઉથલાવી પાડવા માટેના ખરેખરા કાવતરાખોરોએ તો સુલેહપરિષદમાં જર્મનીના પ્રેસિડેન્ટ તરીકે રોમેલને મૂકવાનો નિર્ણય કરેલો.

હિટલરને દૂર કરવાનું રોમેલને સમજાવવાનું માથે લેનાર અને તેમાં સફળ થનાર હતો મેયર ડૉ. કાર્લ સ્ટ્રૂલિન. રોમેલનો એ મિત્ર હતો તેમજ ધૃતિવાન અને ચારિત્ર્યશીલ હતો.

હિટલરને ઉથલાવી પાડવાના ષડ્યંત્રની મુખ્ય વ્યક્તિ ડૉ. ગર્ડેલર, કર્નલ-જનરલ બેક તથા ડૉ. સ્ટ્રૂલિને પહેલેથી જ નક્કી કરી રાખ્યું હતું કે કાવતરાને સફળ બનાવવા માટે કોઇ એવી લોકપ્રિય વ્યક્તિના હાથમાં રાજધુરા સોંપવી પડશે, જેને કશો અંગત સ્વાર્થ ન હોવાની પ્રજાને પૂરેપૂરી ખાતરી હોય, અને એ ગુણો ધરાવતા હોવા ઉપરાંત હિટલર પછી વધુમાં વધુ લોકપ્રિય વ્યક્તિ કોઈ હોય તો તે રોમેલ જ હોઇને એના પર એમની પસંદગી ઊતરી.

હેરલિંગેન મુકામે રોમેલની મુલાકાત લઇને સ્ટ્રૂલિને જર્મનીની રાજકીય અને લશ્કરી પરિસ્થિતિની ચર્ચા કરી. યુદ્ધની બાજુ જર્મનીના હાથથી ગઇ હોવાની વાતનો રોમેલે તરત સ્વીકાર કર્યો.

'તો પછી શું કરવું ઘટે તેનો તમે જ વિચાર કરી જુઓ.' સ્ટ્રૂલિને જણાવ્યું: 'પૂર્વના સૈન્યના કેટલાક વડા અફસરો હિટલરને કેદ કરીને રેડિયો પરથી તેના પદત્યાગની જાહેરાત કરાવવાનું વિચારે છે.'

રોમેલે સંમતિ આપી દીધી. ત્યારે, કે તા. ૨૦મી જૂને હિટલરનો જાન લેવાના પ્રયાસ થયો ત્યાં સુધી, તેને એ વાતની ખબર જ નહોતી કે એ કાવતરામાં હિટલરનો નાશ અપેક્ષિત હતો. સ્ટ્રૂલિને જેમ આ વાત રોમેલને નહોતી જણાવી તેમ હિટલરને દૂર કરીને રાઇખનો પ્રમુખ એને બનાવવાનો હતો એ વાત પણ નહોતી કરી. રોમેલે હિટલરને દૂર કરવાની વાતમાં સંમત થતાં માત્ર એટલું જ કહેલું: 'હું માનું છું કે જર્મનીને બચાવવાની મારી ફરજ છે.'

અંદરખાનેથી જર્મનરાષ્ટ્રને સુલેહ દ્વારા બચાવી લેવાની આટલી તત્પરતા છતાં યુદ્ધમોરચે તો એનો વિજયસંકલ્પ છેવટ સુધી મોળો નહોતો પડ્યો એના હિટલર પરના હેવાલોમાં નિરાશા નીતરતી પણ યુદ્ધમોરચે તો એનું સૈન્ય પોતાની તાકાતનો કણે કણ ખર્ચી રહ્યું હતું.

ઇ.સ ૧૯૪૪ના ઑક્ટોબરની ૧૪મીની બપોરે બે એસ. એસ. સેનાપતિઓએ હેરલિંગેનમુકામેના રોમેલના ઘરની મુલાકાત લીધી. એમની સાથે એકાદ કલાક વાત કર્યા બાદ રોમેલ ઉપલે મજલે પોતાની પત્નીને મળવા ગયો અને શાંત ગંભીર ચહેરે જણાવ્યું: 'હું અંતિમ વિદાય માગવા આવ્યો છું. પા કલાકમાં જ હું મૃત્યુને ભેટીશ. હિટલરના ખૂનના કાવતરામાં મારો હાથ હોવાનું એ લોકો માની રહ્યા છે.'

રોમેલ સામે બે વિકલ્પો મૂકવામાં આવેલા: યા તો ઝેર ખાઈ આપઘાત કરવો અથવા તો બર્લિનની લોક-અદાલત સમક્ષ ખડા થવું. 'એ લોકો ઝેર લાવ્યા પણ છે,' રોમેલે પોતાની પત્નીને જણાવ્યું, 'અને એમના કહેવા પ્રમાણે ત્રણ સેકંડમાં તો બધું પતી જશે.'

ફ્રાઉ રોમેલે પોતાના પતિને બર્લિનની લોક-અદાલત સમક્ષ ખડા થવા વિનવી જોયો, પણ રોમેલે ના કહી. એને ખાતરી હતી કે પોતે વિષપાનનો અનાદર કરશે તો એને જીવતો તો બર્લિન પહોંચવા દેવામાં નહિ જ આવે, પણ હિટલરની ઇચ્છાનો અનાદર કરતાં પોતાની પત્ની ને પુત્ર ઉપર શું શું વીતે તેની પણ ભયંકર કલ્પના તેને હતી. એથી ઊલટું, જો એ વિષપાન સ્વીકારી લે તો માનભેર દફનક્રિયાની તથા સાલિયાણાની ખાતરી આપવામાં આવેલી.

રોમેલનો નિર્ણય અફર રહ્યો. એ નીચે ઊતર્યો અને પેલા સેનાપતિઓ સાથે ગાડીની પાછલી બેઠકમાં ગોઠવાઇ ગયો પચીસ મિનિટ બાદ રોમેલનું અવસાન જાહેર થઇ ગયું!

હિટલરે પોતાનું વેર લઇ લીધું.

આજે એ રોમેલનું મૂલ્યાંકન એની સામે સીનેસીનો ઘસીને લડેલા વૅવેલ સિવાય બીજું કોણ ઉમદારીતે કરી શકે? એટલે એના જ શબ્દો આ નીચે ઉતાર્યા છે, જે એ મહાન સેનાનાયકને માટે એક કૃતજ્ઞતાપૂર્ણ અંજલિ જેવા બની રહે છે:

'રોમેલ એ માત્ર વિરલ પ્રસંગે જ ઉદ્ભવતો એક ચમત્કાર હતો. આવી હિંમત અને શૌર્ય ધરાવનારી વ્યક્તિઓ વિરલ જ નીવડે છે. રણક્ષેત્રે એ 'ને'ના જેટલો જ બહાદુર હતો ને એના કરતાં વધુ સ્વસ્થ મગજનો; મુરા જેટલો જ એ પેશકદમ હતો, પરંતુ એના કરતાં વધુ સમતોલતાવાળો. યુદ્ધપદ્ધતિમાં એ વેલિંગ્ટનના જેટલો જ ઝડપી અને ઠંડા મગજનો હતો....સરસ વ્યક્તિ અને મહાન સૈનિક:

'Among the chosen few,
Among the very brave, the very true.'

લાલ જાદૂગર

મંગળના ગ્રહમાંથી ઊતરી આવેલા માનવીની ગયા અંકમાંની વાર્તાના રહસ્યનો સ્ફોટ

[૪]

એકાદ મહિના બાદ વાસનું લોહિતાંગ મંદિર પૂર્ણ થયું ને તેમાં મંગળનું વિજ્ઞાન સમજાવવાની પોતાની તૈયારી એણે જાહેર કરી.

ટર્નરે ત્યાં સુધીમાં કશી ખાસ કામગીરી નહોતી બજાવી. આ જાહેરાત થતાં એણે બીજા કોઇના પણ પહેલાં ત્યાંની મુલાકાત લીધી.

મંદિર ગોળાકાર હતું અને લાલ ઇંટોથી બાંધેલું હતું. એની છત તથા બારીઓનું સ્થાપત્ય ત્રિકોણાકાર હતું અને નીઓન પ્રકાશમાં 'લોહિતાંગમંદિર'ના નામ સાથે એ આખું યે ચણતર લોકોમાં ભવ્યતાની છાપ પાડતું હતું. વચ્ચે કાળા પરદા સાથેનો એક પ્રયોગમંચ હતો. તે નક્કર ધાતુની દીવાલો સાથે તૈયાર કરેલો હતો.

'બહુ સરસ સ્થાન છે, નહિ?' ટર્નરને બધું આશ્ચર્યપૂર્વક નિરખી રહેલો જોઈને વાસ તેની નજદીક આવતાં બોલ્યો: 'છતમાંનાં વાબારાં સિવાય બધું ધાતુનું જ છે. આ મંચ પરથી હું તમારી પૃથ્વીને ચિત્ત-શક્તિનો મહિમા સમજાવવા માગું છું.'

'ક્યારે?'

'આજે જ રાત્રે આઠ વાગ્યે.' આત્મશ્લાઘામય સ્મિત સાથે વાસ બોલ્યો: 'યુરોપના તમામ પ્રસિદ્ધ વિજ્ઞાનીઓને મેં નિમંત્ર્યા છે.'

'એમ?' વિચારમાં ગરકાવ થતો ટર્નર બોલ્યો અને પછી તરત બહાર નીકળ્યો. એ આખો દિવસ એણે નિષ્ક્રિય વિચારમાં જ ગાળ્યો. સાંજે ફરી પાછો એ લોહિતાંગ મંદિર પર પહોંચ્યો, તો પ્રવેશદ્વારે જ ઊભેલી જોન વિનગેટે તેને સત્કાર્યો: 'ઓહો, વૃત્તાધિરાજ જાતે જ પધાર્યા છે ને? આ એક અદના છોકરીને આપના સાન્નિધ્યમાં રાખવા કૃપા કરશો?'

'હેં–ના, ના,–પણ' ટર્નર બેચેનીમાં અકળાતો બોલ્યો: 'જોન, મને શું સમજી?'

'તમે પુરુષો શું એમ સમજી બેઠા છો કે કોઇ સ્ત્રીથી તમારી હરીફાઇ જ ન થઈ શકે? બધી પ્રતિભાનો ઇજારો પુરુષોનો ખરોને?' જોન મીઠા અવાજે બોલતી રહી: 'પણ એ ખયાલ જ ખોટો છે. મારી ઑફિસમાં આવી સઘળું પૂછી જવા છતાં એની પાછળના ઇરાદાની મને ગંધ સુદ્ધાં ન આવવા દેવાની કુનેહ તેં વાપરી હતી ખરુંને? પરંતુ તારા મોંએ નીકળેલો એકેએક શબ્દ મને યાદ છે. એબલ કાર્ટનની માંજરી આંખો ને તેના કદના વર્ણન વખતે તને ઊપજેલા આશ્ચર્યનું મેં બરાબર નિરીક્ષણ કર્યું હતું. હું, એક અબુધ છોકરી, સોલિવસ વાસ સાથેનું તેનું સામ્ય સમજી શકી છું. જોન વિનગેટ આ રહસ્ય પરનો પરદો ઊંચકવા માગે છે અને એ ઊંચકશે ત્યારે 'કલૅરિયન' બીજાં સૌ પત્રોને કેવાં પાછાં પાડી દેશે!'

'એમ કે? નાદાન કહીંની!' ટર્નર ઉત્તેજિત બની બોલી ઊઠ્યો; પણ પછી ઠંડો પડી બોલ્યો: 'પણ હા, એ મારો જ વાંક હતો. તું તારી અટકળ દોડાવ્યા વિના નહિ રહે એવો ખયાલ મને તે જ વખતે આવવો જોઇતો હતો.'

'કંઇ નહિ; યુદ્ધ અને–અને પ્રેમમાં બધું જ વ્યાજબી ગણાય છે.' જોન બોલી: 'આપણને બંનેને એ રહસ્ય હાથ કરવું છે; અને બંને વર્તમાનપત્રોમાં કામ કરનારાં હોઇને આમ તો રહ્યાં એકબીજાનાં



એ યુવતીને કશા પણ આધાર વિના તેણે હવામાં અદ્ધર રાખી બતાવી.

હરીફ; એટલે આપણા વચ્ચે સહકાર તો સંભવે જ ક્યાંથી? વળી મને એબલ કાર્ટન અને સોલીવસ વાસ એક જ હોવાની પૂરેપૂરી ખાતરી નથી. સૌ પ્રથમ તો વાસના માથાનું કદ. કાર્ટનનું માથું જો કે મોટું તો હતું જ, પણ આવડું નહિ.'

'હં, મને પણ કેટલીક શંકાઓ તો છે જ; આગે દેખા જાયગા.' એવા ટર્નરના જવાબ સાથે બંને મૂગાંમૂગાં મંદિરમાં પ્રવેશ્યાં.

પ્રકાશથી ઝળહળતો પ્રયોગખંડ પ્રેક્ષકોથી ચિક્કાર ભરાઇ ગયો હતો. પહેલી જ હારમાં સઘળા વિજ્ઞાનીઓ બેઠા હતા, જેમાં સર ગૅડ્સ્બી બ્રાક આગળ તરી આવતા હતા. જોન અને ટર્નર વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને માટે રાખવામાં આવેલા ડાબી બાજુના ખૂણા તરફ વળ્યા.

મંચ પર વાસના દેખાવા સાથે ઘોંઘાટ શાંત પડી ગયો. પોતાના હાથ વડે શાંત રહેવાની સંજ્ઞા કરતો મૃદુ અવાજે તે બોલવા લાગ્યો:

'મારા પૃથ્વીવાસી મિત્રો! આ મંદિર મેં તમને સમર્પિત કર્યું છે. અહીં દર્શાવવામાં આવનારી ક્રિયાઓ મંગળના વિજ્ઞાનની હશે, અને ચિત્તની શક્તિમાં તમારી સંપૂર્ણ શ્રદ્ધા બેસવા સાથે મારું કાર્ય પૂર્ણ થશે. કેટલાક કીમતી—એટલેકે મંગળના ગ્રહ માટે કીમતી—એવા પદાર્થોના બદલામાં તમે એ જ્ઞાન પણ મેળવી શકશો. હવે જો રજા આપતા હો તો આપણે આપણું કામ શરૂ કરીએ.'

પળેક માટે તે શાંત ઊભો રહ્યો. ઉપરથી એના મસ્તક પર પીળો પ્રકાશ રેલાઇ રહ્યો હતો. ધીમે રહીને એણે પોતાનો જમણો હાથ હલાવ્યો અને ગ્રીક વેશભૂષામાં એક પાતળી યુવતી આકાર ધરતી દેખાઈ. સંપૂર્ણ આકૃતિ અપનાવ્યા બાદ સસ્મિત નમન સાથે વાસ તરફ આગળ વધતી તે પાછી હવામાં ઓગળી જઇને અદૃશ્ય થઈ ગઇ! એ જ રીતે વાસે એક તાળી પાડતાં પક્ષીનું પીંજરું દેખાયું અને પાછું અદૃશ્ય થઇ ગયું.'

પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની જોઈ રહ્યા હતા. વાસે કશીક પારદર્શક ધાતુના બે ગોળ દર્શાવ્યા જે એકબીજામાંથી પસાર થઇ શકતા

હતા! પહેલાંની જ યુવતી પાછી સ્નાનના પોશાકમાં દૃષ્ટિગોચર થઇ. કશા આધાર વિના તે હવામાં અદ્ધર લટકતી રહેલી જણાતી હતી.

'ચિત્તશક્તિનો પ્રભાવ!' વાસ પોતાના વિસ્મિત પ્રેક્ષકવૃંદને સંબોધતો બોલ્યો અને પછી સર ગૅડ્સ્બી બ્રાઉ તરફ ફરી જણાવ્યું, 'સર ગૅડ્સ્બી! આપની પ્રતિષ્ઠા તો શંકાથી પર છે. આપ જાતે આવીને આની ખાતરી કરી શકો છો.'

કુતૂહલને વશ થઇને સર ગૅડ્સ્બીએ વાસનું આમંત્રણ સ્વીકાર્યું. પેલી છોકરીની ચારે બાજુ પોતાની લાકડી ફેરવી જોઇને ખાતરી કરી લીધા બાદ ચકિત ભાવે એ પોતાને સ્થાને પાછા ફર્યા.

વાસે મંદ સ્મિત સાથે ફરી એ યુવતીને અદૃશ્ય કરી દીધી. પછી તેણે ઘૂઘવતા સાગરો, પ્રચંડ ઝંઝાવાતો, ધખધખતાં રણો અને એવો તો પ્રખર ઘોમ ધખતો દર્શાવ્યો કે પ્રેક્ષકોને પોતે જાણે વિસુવિયસના અંતરાળમાં હોય એવો જ ભાસ થાય.

'આ તો ચિત્તવિદ્યાની તદ્દન પ્રાથમિક સિદ્ધિ છે. હિપ્નૉટિઝમ સાથે રખે કોઇ તેને સંડોવતા. હવે પછી અવારનવાર આવા બીજા પણ પ્રયોગ અહીં થતા રહેશે. આપ સૌની સેવામાં આ સેવક હાજર છે.' એટલું કહેતો વાસ તાળીઓના ગડગડાટ વચ્ચે નીચે ઊતર્યો.

મેદની ધીમે ધીમે વિખરાવા માંડી. એ તદ્દન પાંખી થઈ જતાં વાસે જેવી પોતાની પીઠ ફેરવી કે સર ગૅડ્સ્બી તેની પાસે પહોંચી જઈ તેને કહેવા લાગ્યા: 'વાસ, તું આ બધું કેમ કરે છે તે જાણવાનો ડોળ હું નથી કરતો. દૂરદૂરનાં દૃશ્યો દર્શાવવામાં, યુવતીને અદ્ધર રાખવામાં તને મળેલી સફળતા મને નથી સમજાઇ. પરંતુ આ બધું છતાં મને તારામાં કશી વિશેષ પતીજ નથી પડતી. હું તો માનું છું કે આ બધી બનાવટ છે, નરી બનાવટ!'

'એટલે?' એ પ્રશ્ન સાથે વાસનાં કાળાં ભવાં સંકોચાયાં. 'હું તો એવા ખયાલમાં હતો કે તમને હું પૂરેપૂરી પ્રતીતિ કરાવી શક્યો છું.'

'મુદ્દલ નહિ. હા, તેં મને ચકિત કર્યો છે; પણ એથી વિશેષ કશું જ નહિ. અને જો કશું જ છુપાવતો ન હોવાનો તારો દાવો હોય તો તારો આખો યે પ્રયોગમંચ હું તપાસવા માગું છું.'

આ વાતચિત કાને પડતાં જે રહ્યાસહ્યા પ્રેક્ષકો થોભીને વાસ તરફ તાકી રહ્યા હતા તેમના તરફ ફરતો તે બોલ્યો: 'મિત્રો, આપણી વચ્ચેની એક વ્યક્તિને શંકા પેદા થવા પામી છે. હું પૂછું છું કે એ રીતે તપાસવાની ઈચ્છા રાખનાર બીજા કોઈ સંશયાત્માઓ છે ખરા?'

'હું છું', ટર્નર જોનને પડખે લઇને નિશ્ચયપૂર્વક આગળ આવ્યો.

'આશ્ચર્ય!' વાસ બોલ્યો: 'તમને તો પૂરતો સંતોષ મળ્યો હોવાનું હું માનતો હતો, મિ. ટર્નર! ભલે તમે ય આવો.'

વાસના આવા શીઘ્ર સ્વીકારથી સર ગૅડ્સ્બી બ્રાઉને પણ ઓછું આશ્ચર્ય નહોતું ઊપજ્યું.

બ્રાઉ, ટર્નર તથા જોન ત્રણે આગળ વધ્યાં. એમની પાછળ પાછળ વાસ ચાલતો હતો, જ્યારે વાસની પાછળ કુતૂહલપ્રેરિત પ્રેક્ષકો. બ્રાઉએ પરદો આગથી તેમ હઠાવ્યો, ભીંતોને ટકોરી જોઇ અને ઘૂંટણભેર પડીને જમીનને પણ ટકોરા મારી ખાતરી કરવા માંડી. ટર્નર અને જોને મળીને ભીંતોનો તસુ યે તસુ તપાસી જોયો. લગભગ અરધોએક કલાક સુધી ત્રણેએ પોતાને સંતોષકારક રીતે તપાસ કરી જોઈ અને પછી કંઈક શરમિંદા ચહેરે પાછાં ફર્યાં.

'અજબ કૌતુક!' ટાલ પડેલા પોતાના મસ્તક પર હાથ ફેરવતા સર ગૅડ્સ્બી બોલ્યા: 'ભીંતો અને જમીન તો નક્કર ધાતુનાં છે. કોઈ યંત્ર કે ઓજાર પણ નથી જણાતાં,—સિવાય કે એ સમૂહ-સંમોહન—માસ હિપ્નૉટિઝમ હોય.'

'અને તે ય આવડા જંગી સમૂહ પર?' વાસે તદ્દન શાંતિપૂર્વક સવાલ કર્યો. પરંતુ સર ગૅડ્સ્બી પ્રતીતિ માટે તૈયાર નહોતા. 'તારી એ હોશિયારી ભલે કયામત સુધી ચાલુ રહે, પણ મારું મન તો આ બધુ માત્ર બનાવટ જ હોવાની શાખ પૂરે છે.' કંઈક મૂંઝવણ ને કંઇક ચીડમાં આટલું બોલી એ ત્યાંથી ચાલી નીકળ્યા.

વાસ માત્ર હસી રહ્યો હતો. એ હાસ્ય ઝીલતા શેષ પ્રેક્ષકો બહાર નીકળવા માંડતાં મૂગાંમૂગાં એકબીજા તરફ તાકી રહેલાં. જોન અને ટર્નર પણ ત્યાંથી બહાર નીકળ્યાં. બંનેના મનમાં એ જ પ્રશ્ન ઘોળાઈ રહ્યો હતો કે, વાસ ખરેખર મંગળનિવાસી હતો કે પછી આ દુનિયાનો એક ઉસ્તાદ તમાશગીર?

[૫]

દિવસો વીતતા જતાં આ લાલ જાદૂગરે બ્રિટિશ સામ્રાજ્યના પાટનગરને પોતાના જાદૂને વશ બનાવી લીધું હોવાની હકીકત સ્પષ્ટ તેમજ ઉદ્વેગપ્રેરક બની રહી. એનું અસામાન્ય વ્યક્તિત્વ, એનો અજબ તલેસમાત, એની અનન્ય શક્તિ, એની એકવાર પણ મુલાકાત લેનારનું વશીકરણ કરી લેતાં હતાં. એનું મંદિર જન અને ધન બંનેથી છલકાવા માંડ્યું હતું. ગરીબો પ્રત્યે બતાવવા માંડેલી સહાનુભૂતિએ એને એ વર્ગમાં પ્રિય બનાવી દીધો હતો, જ્યારે શ્રીમંતો એની પ્રિયતા પામવા સામેથી નાણાંના ઢગલા કરતા હતા.

સમસ્ત યુરોપે હવે તો આ બાબતમાં રસ લેવા માંડ્યો. યુનાઇટેડ સ્ટેટ્સે શરૂઆતમાં તો થોડુંક ટીકાત્મક વલણ દર્શાવ્યું, પરંતુ પછી એ પણ વાસનો મહિમા સ્વીકારતું બની ગયું. અમેરિકન પત્રો એમની લાક્ષણિક રીતે વાસને જગતની આઠમી અજાયબી ગણાવવા મંડી પડ્યા. લોકમાનસમાં ઊંડે સુધી પહોંચી ગએલી વીરપૂજાની જડને કારણે સોલિવસ વાસને અખિલ જગતનો અધિનાયક બનાવવાની લાગણી સર્વસામાન્ય બની રહી હતી.

પરંતુ ટર્નરને એમાં જબરા ભયનો સંભવ જણાતો હતો. એબલ કાર્ટન? ગમેતેમ કરીને પણ સોલિવસ વાસ અને એબલ કાર્ટન વચ્ચેનો સંબંધ શોધી જ કાઢવો જોઇએ, અને સમગ્ર જગતને તે પોતાની આણ નીચે આણી દે તે પહેલાં તે ખુલ્લો પાડી દેવો જોઇએ.

પણ મુશ્કેલી એ હતી કે સોલિવસ વાસ કદિ તેનું મંદિર છોડતો નહિ. આખો યે વખત તે ત્યાં જ રહેતો હોઇને તેની જાણ બહાર મંદિરની પૂરેપૂરી તપાસ કરવી અશક્ય હતી.

ટર્નરે જોનને પોતાની મનઃસ્થિતિ અથથી ઇતિ કહી બતાવી. જોનને પણ શંકા ગએલી જ હતી; એટલું જ નહિ, એણે આગળ તપાસ પણ ચલાવી જોઈ હતી મંદિરના અરધા માઇલ સુધીના સઘળા રેડિયો ધરાવનારાઓને એમના રેડિયોના અવાજમાં કશો વિક્ષેપ આવતો હતો કે કેમ એ એણે પૂછી જોએલું, જેનો જવાબ ચોખ્ખા નકારમાં જ મળેલો. વધુ ખાતરી કરવા વીજળીઘરને પણ પુછાવી જોએલું, ત્યાંથી જવાબ મળેલો કે એકાદ થીએટરમાં વપરાય એથી વધુ વીજળી વાસના વિજ્ઞાનમંદિરમાં નહોતી વપરાતી.

છેવટે બંનેએ માનવમાત્રને માટે અશક્ય ગણાય એવી સ્થિતિમાં વાસની પાસે પ્રયોગો કરાવવાનું નક્કી કર્યું. આ બાબતમાં એમણે સર ગૅડ્સ્બી બ્રાઉની સલાહ માગી અને એમણે પોતાનો સહકાર આપવા તત્પરતા બતાવતાં, ત્રણે જણ વાસના મંદિર પર પહોંચ્યાં.

'ઓહોહો, આવો આવો, આજે કંઈ આ બાજુ?' વાસ એમનું સ્વાગત કરતો બોલ્યો.

'જુઓ, વાસ, તમે જાણો છો તેમ મને તમારામાં બહુ શ્રદ્ધા

(અનુસંધાન આગળ પૃષ્ઠ ૧૦૩ ઉપર જુઓ)

બાંધ ગઠરિયાં...



[આપકથા]

લેખક

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

આપણે કારખાનું જોયું, એના ટર્ન-ટેબલ પર ફર્યા, સ્ટોર નિહાળ્યો, કૅબિનમાંથી સિગ્નલોની માયા જોઈ, ફાટક પાસેની મધાની નાની બંગલી જોઈ: હવે સામી બાજુની ફાટકમાંથી પેલી ગમ જઇએ. ડાબે હાથે હજી યે ત્યાં એક ભાંગ્યો-તૂટ્યો બંગલો છે. ત્યાં અમારા—આખા કારખાનાના નવરોજજીકાકા રહેતા. જાડા, મજબૂત બાંધાના, અડીખમ દેખાતા, જોતાં બીક લાગે એવા એ રેલવેના કૉન્ટ્રૅક્ટર હતા. પૈસેટકે સુખી, પાસે ગાડીઘોડો અને સ્વભાવે મિલનસાર. છતાં નવરોજજીની ત્યાં હાક વાગતી. જેટલો એનામાં તાગસ, તેટલા જ પ્રમાણમાં એનું દિલ કોમળ.

સાંજનો પહોર થતાં જ સફેદ ઇસ્ત્રીબંધ અક્કડ અંગરખું, માથે નાની ટોપી ને બાજુમાં ટપકીની પાઘડી રાખી, હાથમાં પીળો ચોકડીનો રૂમાલ લઇ નવરોજજીકાકા ઘોડાગાડીમાં નીકળતા, ને ફાટક વટાવી કાંપની ક્લબમાં જતા. ફાટક બંધ હોય તો નવરોજજી શેઠ જરા ખંખારતા. બસ, એટલું જ. ને તરત જ કૅબિનવાળો, આજુબાજુ જોઈ, ટ્રેન કે એન્જિનને આવવા-જવાની જરી વાર હોય તો દરવાજો ઉઘાડી આપતો. કોઈવાર આમાં ગફલત થઈ જાય, અને જરા મોડું થાય તો એમનો કૂતરો પૂછડી પટપટાવતો ગાડીમાંથી નીચે ઊતરી, કૅબિન સામે જઇ ઊભો રહેતો અને ધાર્યું કામ કરાવી લેતો. દિલના દિલાવર, વ્યવહારમાં એક્કા અને સ્વભાવમાં માયાળુ, આ નવરોજજી કાકાની સૌને સારી હૂંફ હતી.



એમ એક વખત એમની ઘોડાગાડી કાંપમાંથી પાછી ફરીને અમારા ઘર અને મધાની બંગલી વચ્ચેના ઝાંપા પાસે ઊભી હતી. એવામાં એકાએક કાળાંમેશ કપડાંમાં એક દાઢીવાળો ત્યાં ધસી આવ્યો: 'નવરોજી શેઠ! અલ્લાની કસમ ખાઇને કહું છું—આટલો એક સુખન પાળો; બીજી વાર નહિ આવું.'

'કોન મુસ્તફો? પન હવે સું કે'છ? મેં તારા ભાઇને કહી દીધું છ, કાલ સવારે આવજે, જા.' નવરોજજી શેઠ બોલ્યા ને ફાટક ઊઘડતાં એમની ગાડી પાટા ઓળંગી ચાલી ગઈ.

મુસ્તફો તે કમાલનો ભાઇ; અને કમાલ તે નવરોજજીકાકાનો બબરચી. જાડી દાઢીવાળા, બાંધીદડીના એ મુસ્તફાનું આગળપાછળનું નામ તો મને યાદ નથી, પણ એની ઘેરી દાઢી અને કાળી ફેઝ બરાબર યાદ છે અને એનો લાપરવા ચહેરો હજી યે નજર સામે તરવરે છે.

મુંબાઈથી અમદાવાદ જતાં વડોદરે ગાડી ઊભી રહે છે, ત્યાં એનું એન્જિન જ્યાં ઊભું રહે છે તેની ડાબી બાજુ જોશો તો પાણીની ટાંકી નીચે ફડક ફડક કરતું એક પંપએન્જિન ચાલતું સંભળાશે. ગોધરાની ગાડીના પાટા ઓળંગી ગયા કે એ પંપખાનામાં. ત્યાં મુસ્તફો પંપડ્રાઇવર હતો. પણ તે પહેલાં એ નાની ગાડીમાં ડ્રાઇવર હતો.

નાનીગાડી એટલે વશાવામંતરી (વિશ્વામિત્રી)ની ગાડી, ડભોઈની રેલ—પાછળથી ગાયકવાડી રેલવેથી જાણીતી થએલી તે. એ પરનાં એન્જિનો પણ ત્યારે મોટા સ્ટેશનના કારખાનાની દે ખરેખ હેઠળ ચાલતાં. એટલે ચિમનલાલ શેઠના બાબુને મુસ્તફા સાથે વાર ફરવાનું મળતું. મને કેડે બેસાડી, મોટા એન્જિન પર વ લઇ જઈ, ત્યાંથી ફરી કેડે બેસાડી, 'ફડ ફડફડ' મોઢે મોલનો ઢળાવ ઊતરતાં દોડતો, ને નીચે ઊભેલા નાના એન્જિનની પેડી પર બેસાડતો.

એક દિવસે એ જરા ખુશમિજાજમાં હતો. 'જાન છે, જાન. આપણી ગાડીમાં આજે જાન છે, બાબુ સેઠ; ચલો આવો.' કહી મને બાજુના એક ડબ્બા પાસે લઇ ગયો. 'અઈ! બૅન્ડ બજાએ' કહી જાન સાથે આવેલા ચારપાંચ વાજંવાળાઓ પાસે બૅન્ડ વગડાવ્યું.

એક વાર તો એણે એવી જાનવાળી ટ્રેન એકાએક ક્યાંક અધવચ્ચે જ ઊભી રાખેલી. પછી માથે હાથ દઇ રડવા જેવું મોઢું કરી એ ઊભો રહ્યો: 'સાલી સિક હો ગઈ!' પાંચ છ લોકો ઊતરીને જોવા લાગ્યા, અને જાનવાળા પણ મુસ્તફા પાસે જઇને 'શું થયું ભાઈ, શું?' એમ પૂછવા લાગ્યા. મુસ્તફો રડમસ ચહેરે બોલ્યો: 'સાલું એન્જિન બગડી ગયું!' પાએક કલાક એમ જતાં ગાર્ડસાહેબ એ બાજુ ફરક્યા. પછી મુસ્તફા અને ગાર્ડ કંઇક ઘુસપુસ કરી અને ગાર્ડસાહેબ પાછા ચાલ્યા ગયા. વખત તો વીતવા લાગ્યો, અને જાનવાળા ઊંચાનીચા થવા લાગ્યા. અંતે એક જણ મુસ્તફા પાસે આવીને કરગર્યો: 'ભાઈ શાબ, ચલાયને, અમારું મૂરત જાયસે!' પણ કંઈ મુસ્તફો ચળે નહિ. પછી વળી પાછા ગાર્ડસાહેબ જરા મલકાતા મલકાતા આવ્યા. હવે મુસ્તફો હથોડી કાઢી, બેચાર વાર ગાડીની આસપાસ આંટા મારી, આમથીતેમ એન્જિનને ટીપતો, સ્ટીમ લીક કરતો. થોડા અવાજો કરતો, એન્જિનને ગાળો દેતો બબડ્યો: 'તમારું નસીબ! હવે છેલ્લો નુસખો અજમાવું છું.' કહી એન્જિનની બરાબર સામે જઈ કંટાળેલા અવાજે બોલ્યો: 'ઓ મારી મા! ચાલ હવે.' ને પછી હથોડો લઈ બેચાર ઠેકાણે ફરી આમતેમ ઠોકતો, પૈડાં તપાસતો એન્જિન ઉપર ચડી ગયો ને છુટકારાનો દમ ખેંચી બધાને બાંગ મારી બોલ્યો: 'ચાલો, બધા બેસી તો જાઓ. ચલાવી જોઉં છું. પણ ચાલ્યા પછી ઊભી નહિ રાખું.' અને ગાડી ઊપડી. બીજે સ્ટેશને ગાર્ડ માસ્તર પાસે જઇ એણે જાનવાળાઓ પાસે લીધેલા ચાંલ્લાની વહેંચણી કરી લીધી, અને ડભોઇ સ્ટેશને ખારસી જ્યાફત ઉડાવી! આવા દાવપેચ પણ કોઇ વાર એ લડાવતો, અને એમ જાનૈયા પાસેથી પાંચદસ રૂપિયા પડા-



વનો સાંજે અમે પાછા ફરતા, ત્યારે વળી એક મિઠાઈની ટોપલી પણ મારે માટે સાથે લઈ લેતો. પાછા ફરતાં લહેરમાં ગાડી હાંકતો, દોડતી ગાડીએ ગીતો ગાતો ને સાંજે મને ઘેર મૂકી જતો.

કૅબિન ઉપરના ડાહ્યાકાકા એક દિવસ કહેતા હતા : 'શું કરે બીચારો ? મેં જ એને આ નુસ્ખો બતાવેલો. ડભોઇથી જરા આગળ બોડેલી સ્ટેશન પર હું નોકરી કરતો હતો ત્યારે જાનૈયા રેલવેને ઠીક-ઠીક ખટાવે, એની મને ખબર. અને મુસ્તફા ઉપર અલ્લાની મહેર, તે એને એક નહિ પણ છ દીકરી ! લગનની મુસીબત ! રેલવે તે શું આપે ? એટલે બીચારો પોતાની દીકરીઓ પરણાવવા જાનૈયા પાસેથી તેણે લ્લા લઈ લેતો ! એમ કરતાં પણ એને ટાંચ પડી હતી, એટલે બીજે એવો સે સવારે નવરોજજી શેઠને ત્યાં ઊપડી ગયો હતો. અને ભલા વિસુ રોજજી શેઠે એની દીકરીના લગનની ભીડ ભાંગી દીધી હતી.

સા **સો**મેશ્વર, લલ્લુશંગ અને નાગજી એ બીજા ત્રણ દરાવરો મારા માનીતા હતા. સોમેશ્વર, તે રેલવેમાં 'સોમેસર ખેડાવળ' નામે ઓળખાતો ડાકોરનો ખેડાવાળ બ્રાહ્મણ. જીભે 'સરસ્વતી'ની કૃપા ! સાધારણ ગાળ તો એ સમજે જ નહિ. વિશેષણ વિનાનું વાક્ય નહિ. કોઈની તારીફ કરવાની હોય તો યે સોમેસર બેચાર તો વચ્ચે મૂકી જ દેતો ! ગોરો, બાંધ્યા શરીરનો, આમ જોઇએ તો સ્વભાવનો જરા ભોળો પણ ખરો; છતાં જીભે કુહાડો ! કરવત જેવી પણ નહિ, કે ધીમેધીમે વહેરે. આ તો એક ઘાએ જ બે ટુકડા ! અને ઘા પર ભાર દેવા પાછી ગાળ ! પરંતુ જીભની નીચે પછી કંઇ નહિ. મનમાં મેલ નહિ. મુસ્તફો મને ડભોઇ ફરવા લઇ જતો, તેમ સોમેસર મને ડાકોર લઈ જતો. કારખાનામાંથી સવારે એન્જિન નીકળે કે અમારી સવારી ઊપડે. પહેલા જઇએ મોટે સ્ટેશન વડોદરે, અને ટ્રેન લઈ પાછા કારખાના આગળથી ગોધરા લાઈનથી ડાકોર. રસ્તે એ જ ઝાંપો આવે, પછી તરત અમારો બંગલો આવે, પડખેનું કૅબિન આવે. એ બધું ઝપાટાબંધ પસાર થતું જાય, અને અમે હાથ હલાવ્યા કરીએ. બહુ મજા પડતી. સ્ટેશને સ્ટેશને ઊભા રહીએ. સોમેસર રસ્તે જામફળ, જાંબુ, રાયણાં, કમરખ, જેજે મળે તે વેચાતું લે, અને અમે સવારથી જ ખાવા માંડીએ. સાથે ભાથું તો કદી લેતા જ નહિ. ડાકોર પહોંચી, એને ઘેર નહાઇ, રણછોડરાયજીનાં દર્શને જઇએ, ગોમતી પર ફરી આવીએ, અને પાછા ટ્રેન પર આવી જઇએ. વચ્ચે જમીએ ખરા. પણ મને તો ડાકોરનું માખણ અને ત્યાંની સાકર ખાવામાં જ મઝા પડતી. બા મને ઠાકોરજી આગળ મૂકવા પૈસો આપતી, તે સાચવીને મંદિરમાં મૂકતો અને થોડું માખણ ઘેર લઇ જવા પડિયામાં સાથે લેતો. ડાકોરના એ માખણનો મીઠો સ્વાદ હજી યે મારા મોંમાં રવરવે છે.

નાગજી જેવો નફ્ફટ દરાવર મેં કદી જોયો નથી. નફ્ફટ એટલો જ વફાદાર. જિંદગી હથેલીમાં રાખી ફરતો. મોત પણ એનાથી બીને જાણે આઘું રહેતું. એ મરે એમ હું આજે પણ માનવા તૈયાર નથી. ટાઢ, તાપ, ઉજાગરો, વરસાદ એણે જાણ્યાં જ નથી. ધોધમાર વરસાદે એ છત્રી વિના બાદશાહ જેવો ચાલતો હોય. છાતી કાઢીને, ઢંકાયા વિના શંટિંગ પર જાય. કામ આઠ કલાકનું, પણ અઢાર કલાક કરવા તૈયાર. ઓવરવર્ક તો એ સમજતો જ નહિ. એન્જિનને પણ બરાબર રાખતો. પણ મગજ ગરમ. 'અન્યો (અન્યાય)નો સાંખું ! મારા બેટા, મારી પછેના આવેલા ગુડસમાં ફરે અને હું શંટિંગમાં ! કિરિસ્તાન આયો તો મેલ ઉપર ! ના, ના ! સગો બાપ બી અન્યો કરે તે નહિ સંખાય. સાલાને ભૂંજી દઉં.' અને એને અન્યાય થએલા એ વાત પણ સાચી. એ લઢયો—એની રીતે. પણ બીચારાનું સાંભળે કોણ ? અરજો કીધાં: પણ તે ફોરમૅનથી આગળ જાય જ નહિ. પેલો થર્લો, એવી બાબતમાં થરો Thorough —પૂરો. પછી તો નાગજી વિફર્યો : 'સાલો મને અન્યાય ?! કંપનીને પણ હું હવે બતાઈ આલીશ. ઠીક છે.'

મને ટર્નટેબલ પર ફરવા લઈ જાય, શંટિંગ પર લઈ જાય. એક દિવસ કહે: 'ના, આજે નહિ. આજે તમારું કામ નથી.' કહી એ ગયો. પા કલાકમાં તો 'ધડડડ ધમ્મ !' કરતો ધડાકો સંભળાયો. પાટાના ડેડ એન્ડ પરના ધક્કા આગળ એન્જિન ઊભું નહિ રહેતાં જોરથી અફળાવ્યું ! થોડા જ મહિના કેડે ટર્ન-ટેબલ પર એન્જિન પડયું ! ત્રીજી વાર બે પાંચ ગુડઝનાં વૅગનોનો જ ભુક્કો કરી નાખ્યો ! એવા ચારપાંચ ઍકસિડંટ તો મારી જાણમાં છે. દર વખત ઈન્કવાયરીઓ થતી, એ માફી માગતો, ભૂલ કબૂલ કરતો, સસ્પેન્ડ થતો અને પોતાની રેકૉર્ડ બગાડતો જ જતો. બસ, અન્યાયની સામે એમ જ એ વેર લેતો. એક વાર અમે એને પૂછયું: 'નાગજી ! પણ આમ કરવામાં તો તારા જીવનું જોખમ.'

'અરે હોય ? મોત તો મારાથી દૂર જ ભાગે. અને ધારો કે એમ કરતાં મૂઆ બી, તો સું ? સાલી રેલવેને સરમ. હું તો નોકરી કરતાં જ મર્યો ગણાઉં ને ? પણ ભાઈસાબ હું મરું જ નહિ તેનું કેમ ?'

અને ખરેખર દર અકસ્માતમાંથી નાગજી આબાદ બચી જતો. એક વાર એણે પોતાનું એન્જિન બીજા એન્જિન સાથે અફાળેલું, ત્યારે હાથ ભાંગી ગયો હતો. પણ એનો એને શોક નહોતો. એ તો રાજી થયો હતો. એકને બદલે બે ગાડી સિકમાં ! 'સાલી કંપની ચોટ્ટી ! એની બે ગાડી બગડી ! બસ; રેલવેને જેટલું નુકસાન થાય એમાં હું રાજી. મને અન્યો કરીને કોઈ સુખી નહિ થાય.'

જો નાગજીને અન્યાય કરવામાં ન આવ્યો હોત, તો હું માનું છું કે એના જેવો વફાદાર, કુશળ, મહેનતુ, ખડતલ અને હોશિયાર દરાવર બીજો કોઈ ન થાત. આ પછી મને એ પાછો વીસે વર્ષે મળ્યો હતો. ત્યારે પણ એ શંટરમાંથી દરાવર નહોતો થયો !

નાગજી, સોમેસર અને મુસ્તફા મને એન્જિન પર ફેરવતા, તો લલ્લુશંગ વળી બીજે ફેરવતા. એ કદી જ એન્જિન પર લઇ જાય નહિ; પણ એ લઈ જાય એમને ગામ,—ગોરવા. કારખાનાથી થોડાક જ માઈલ દૂર. સાલસ, શાંત અને પ્રભાવશાળી લલ્લુશંગ ભલે એન્જિન હંકારે, પણ એમનો રજવાડી સીનો, ભરેલું મોં, ભરાવદાર મૂછો અને ખાસ્સી મોટી ચમકતી આંખો કોઈ હાથી ઉપર સવારી કરનારને પણ ઝાંખી જાય એવાં લાગે. આગવાળામાંથી દરાવરમાં દાખલ થતાં જ એ મને એમને ગામ ગોરવા લઈ ગએલા. પાંચ દસ ગરાસિયાઓ ભેગા કરી મજબાની ઉડાવેલી. એ મજબાનીમાં શેકેલી શીંગ, ચણા, ચણીબોરાં, કમરખ, રાયણાં અને જાંબુ તો હતાં જ. પણ સાથે લાડવા અને હોકોપાણી પણ હતાં. પોંક હતો, મીઠા એલચીદાણા હતા, થોડી મિઠાઇ પણ હતી. એ મજબાનીમાં કારખાનામાંથી આવેલામાં નાગજી, ડાભઈ અને બાપરજી તો હતા જ; પણ સાથે, ગુજરાતભરમાં પાછળથી જાણીતા બહારવટીઆ તરીકે પંકાએલા 'બાબર દેવા'ના બાપ દેવજી પણ હતા. લલ્લુશંગને એની સાથે કંઈ દૂરનું સગપણ હતું.

હું તો કેવડો નાનો, પણ મને લઈ જવામાં ને પાછો લાવવામાં લલ્લુશંગે કેવીકની કાળજી લીધેલી તેનો ચિતાર શી રીતે આપું ? કદાવર અને બહાદુર દેખાવના આ ગરાસિયાને માથે ફીંટનો ઊભી ભીંતનો ફેંટો, ચશબંધ મોટી લાલ પટીનું ધોતિયું, ચાંદીની દોરી-



વાળાં બુટાન નાખેલો અધીં ડગલો, અને હાથમાં ભારે લાકડી. કેડે નહિ, પણ પોતાને જમણે ખભે મને બેસાડીને રવાલ ચાલે ચાલતા મને લઈ ગએલા, તેમ જ ફૂલની માફક જાળવી ને રાતે પાછો ઘેર મૂકી ગએલા.

અમે ત્યારે ઘરનાં બારીબારણાંને રાતે બંધ કરી તેને ઓથે ભોંય પર ઊભી થાળીઓ તરભાણાં કે ઢાંકણાં મૂકતા. હેતુ તો એક જ હતો કે રાતે કોઈ ચોર આવે ને બારી-બારણું ખોલવા જાય કે એ વાસણ ખણણણ દઇને નીચે પડતાં અવાજ થાય ને અમે જાગી ઊઠીએ. આ થાળીની કરામત ઉપરાંત વળી વચ્ચે તો એક પગી પણ રાખ્યો હતો. એ બંગલાની આસપાસ રોનફેરા ફરે, આલબેલ બોલાવે ને મોડી રાતે ઊંઘી જાય. મલક ધાડપાડુઓનો ખરો; ચોરોની હસ્તી તો ખરી જ. તે દિવસે લલ્લુશંગને ગામથી આવતાં મોડું થયું, અને મારી બાનો જીવ તાળવે ચોંટ્યો હતો. રાત અંધારી હતી, ગોરવામાં નામચીનો રહેતા, ને ઘરમાંના એકના એક દીકરાનો પત્તો નહોતો. રાંધેલું તો ખરું, પણ માબાપમાંથી જમેલું એકે નહિ. સાત વાગે પાછા આવવાના હતા, પણ થયા નવ-સાડા નવ અને દસ! રાતે રસ્તો પણ બિહામણો કહેવાતો, એટલે એ બાજુ ખબર પણ કોણ કાઢવા જાય? માની ચિંતાનો પાર નહોતો, બાપનો મિજાજ હાથમાં રહેતો નહોતો.

ત્યાં લલ્લુશંગે બહારની સાંકળ ખખડાવી અને એકના એક દીકરાને ખભેથી નીચે ઉતારી ઘરમાં ધર્યો. બેપાંચ પળ પછી લલ્લુ-શંગે આસાનીથી બોલવું શરૂ કર્યું: 'ઑમ તો ચિમનલાલ સેઠ! કોઈ દી તમારે તંઇ હું આયો નથી. આજે ભાઇને મારે તાં મોકલ્યા તે મારેનું હારૂ થયું. અમારા જીવને પણ બહુ ગચ્યું. તમારી મારા પર મેરબૉની સે, એ તો હું જૉણું સું. અને બધા યે જૉણે સે. પણ આજ દી એક વાત કહેવાની રજા આલો તો કહું.'

'હા હા, લલ્લુશંગ, શું છે કહોને! પણ મોડું—'

'વાત તો એમની છે, કે તમારે બધી આ થાળી રાખવાની આવે કે ઘરની રખવાળી માટે પગી રાખવો પડે, એ તો કંઈ અમને ઠીક લાગતું નથી. એમાં અમને નીચું જોવું પંડે. એથી કને અમારું કહેવું એમ છે કે તમો, બા, બેં, બધાએ ઉઘાડે બારણે સૂઓ અને અહીં પચ્ચીસ ગાઉની સરહદમાં તમારો કોઈ વાળ પણ વાંકો કરે તો આવાએ અમારું આખું ગામ જોખમદાર. કાલથી હાપુચો પગી નહિ. અને તમે અમારા ધણી. અહીં તમારું નામ લે ઇને માતા ભરખે. બા! લ્યો આ પોટલી. એમાં થોડાકને પૉંખ અમારાં ઘરવાળાંએ મોકલ્યો સે. ઠીક, તાંણે હવે હું રજા લઉં.'

ના, પગી રહ્યો ખરો, પણ ત્યાર બાદ એ રોજ રાતે નિરાંતે સૂતો. વર્ષો સુધી કારખાનામાં કદી ચોરની બૂમ સરખી પડી નથી. ત્યાર બાદ બારણે તાળું કદી માર્યું નહોતું.

પછી લલ્લુશંગ ઘણી વાર મળેલા તો ખરા; પણ છેક લગભગ દસબાર વર્ષ પછી એક દિવસ બપોરના ફાસ્ટ પર ભરૂચ સ્ટેશને એણે દૂરથી બૂમો પાડી: 'બાબ્ભાઇ! એ બાબ્ભાઇ! પણ 'બાબુભાઈ'-માંથી ચન્દ્રવદન થએલા, એટલે ચન્દ્રવદને કંઇ ધ્યાન ન આપ્યું. પણ લલ્લુશંગ કંઇ છોડે?' એણે તો પાસે આવી એવી તો બાથ ભરી કે આસપાસના પણ ગળગળા થઇ ગયા. 'હેંડો, ચા પીવા' કહી મને ફાસ્ટના એન્જિન પર લઈ ગયા. 'તમારે વડોદરા જ જવું છે ને?'

'હા.'

'તો જુઓ ગાડી ભગાડું છું તે.' કહી આગપેટી પાસે બાંધેલા શીશામાંની ગરમાગરમ ચા પવાલામાં હોંસે હોંસે પીવડાવી.

હવે એકવાર ટ્રૉલીની સફર પણ જોઇ લઇએ. ટ્રૉલી એટલે ચાર પૈડાંના ચોકઠા ઉપર એક બાંકડો બાંધી દીધેલો. પાછળ લાલ વાવ-ટો ફરફરે, અને બે માણસો પાછળથી હાથો પકડીને પાટા ઉપર દોડતા તેને હડસેલી, વેગ પર ચડાવી ચોકઠા પર ચડી બેસે, અને ધીમી પડતાં ફરી પાછી હડસેલે. એ તો ઠીક; બધાએ જ એ દેખાવ તો જોયો હશે. પણ પેલા બાંકડા પર બેસનારા ટોપીવાળા સાહેબ-ની તુમાખી નહિ જોઇ હોય. મુસાફરીનું ભથ્થું એ લે. પણ હડસેલ-નારને કપાળે અફલાયો. વટમાં ટ્રૉલી ઊભી રાખવી હોય તો ભભક-થી એક દાબે: એ દાબે એટલે તરત મજૂરોને આંચકો! પરંતુ સાહેબ મોઢેથી કે ઇશારતથી ઊભી રાખવા ના સૂચવે.

સાહેબ તે પાછા આપણા દેશી;—ટાઈ ટોપી પહેરી સાહેબ થએલા તે. એમને બધો રસ્તો સલામત છે કે નહિ તેની તપાસ રાખવાની ને સમારકામ સંભાળવાનું, એટલે ટ્રૉલીમાં ફરે. હું એક જ દિવસ એમ ટ્રૉલીમાં ગયો હતો, અને સાહેબ વિફરેલા.

વડોદરાથી બાજવાને રસ્તે ટ્રૉલી ઊપડી. ખડખડ ખડખડ કરતા થોડાક માઈલ દૂર પહોંચ્યા ત્યાં મજૂરો પાટા ઉપર સમારકામ કરતા હતા. હાથમાં નરાજ, મોટા હથોડા, પથરાનાં તગારાં અને સલેપાટો. આપણા સાહેબ ઊતર્યા, આમતેમ ફર્યા, કંઈ સૂચનાઓ આપી, અને થોડી વારે પાછા જવા ટ્રૉલી પાસે આવ્યા. ત્યાં મુકા-દમે આવી થોડી વધારે ફિશપ્લેટની માગણી કરી અને સલેપાટ સડેલા હતા તે પણ જણાવ્યું. સાહેબે મૂંગામૂંગા એ સાંભળી લીધું અને ટ્રૉલી એ જ રસ્તે પાછી ફરી. પણ હજી થોડે દૂર નહોતા ગયા ત્યાં તો સાહેબે આમતેમ જોઇ જોરથી બૂમ પાડી: 'રવિયા!'

રવિયો અમારી ટ્રૉલીનો એક હડસેલનારો. એણે 'જી સાહેબ' તો કહ્યું, પણ સાહેબે એ સાંભળવા પણ ન થોભતાં સરસ્વતી ભણવા માંડી. ખૂબ ગાળો દીધી. રવિયાએ ભૂલ કબૂલ તો કરી; પણ એણે કબૂલ કરતાંક વારને તો ટ્રૉલીને એક મારી સાહેબે ઊભી રખાવી ને નીચે ઊતરી ધડાધડ રવિયાને દેવા માંડી. બે પાંચ તમાચા અને બાકીની ધોલ તથા લાતો! ઉપરાંત દરેક શબ્દે ગાળ. અલબત્ત, સોમેશ્વર જેવી તો નહિ જ. આ સાહેબ સરસ્વતીપુત્ર નહોતા, વૈશ્ય યાને વૈષ્ણવજન હતા. પણ ગાળ કરતાં માર જ આકરો હતો. રવિયાએ આમ માર ખાધા જ કર્યો હોત. પણ એટલામાં સામેથી એ જ પાટા પર ટ્રેન આવતી દેખાઈ. દૂરથી એન્જિને ચીસો નાખવા માંડી. બંને મજૂરોએ તાબડતોબ બાંકડો ઉઠાવી બહાર મૂક્યો ને જોસથી ટ્રૉલી દોડવતા પેલા મજૂરો પાસે લઇ ગયા. ત્યાં જઈ બા-જઠિયું ને પૈડાં પાટા ઉપરથી ઉતારી આઘાં મેલી દીધાં. ટ્રેન દેખાતાં જ આપણા સાહેબના તો હોશકોશ ઊડી ગયા હતા, પણ મજૂરોએ ખરેખર ચપળતાથી કામ કર્યું.

ટ્રેન ગયા પછી ટ્રૉલી પાછી આવી ને બાંકડો ગોઠવાતાં અમે વડોદરે આવવા ઊપડ્યા. રસ્તે સાહેબનો બબડાટ ચાલુ જ રહ્યો. રવિયાના પગારમાંથી ચાર રોજ કાપવાની ધમકી અપાતી રહી.

આ મારની મને કંઈ જ સમજ પડી નહિ. પરંતુ આપણે બધી વાત ડાહ્યાકાકાને કહેતા. એ પણ તરત તો કંઇ સમજ્યા નહિ. પણ બીજે દિવસે ડાહ્યાકાકાએ મારે ત્યાં આવી રસપૂર્વક એની પડોશમાં બનેલો કિસ્સો કહી સંભળાવ્યો:

'ચિમનભાઈ! આ સાલો...ભાઇ છે ગામનો ઉતાર. એ તો છે

ઈ. સ. ૧૯૪૯ના વર્ષનો કુમાર-ચંદ્રક



શ્રી નિરંજન ભગતને

એમનાં કાવ્યોની ગુણવત્તા માટે

આપવાનો નિર્ણય થયો છે એ જણાવતાં આનંદ થાય છે.

નિર્ણાયકમંડળ : પ્રા. રામનારાયણ પાઠક; પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી; પ્રા. અનંતરાય રાવળ

પાછલાં વર્ષોના કુમાર-ચંદ્રક-ધારકો



ડૉ. હરિપ્રસાદ દેસાઈ · શ્રી પુષ્કર ચંદરવાકર · શ્રી યશોધર ન. મહેતા · શ્રી રાજેન્દ્ર કે. શાહ · શ્રી બાલમુકુન્દ દવે

પી. ડબ્લ્યુ. ડી.માં, એટલે કોઇ દિવસ રસ્તામાં જ એની લાશ પડી જાણવી. ગઈ કાલે એણે રવિયાને માર્યો. ગ્રહણ યોગમાં જન્મેલો, એટલે દાનત એની બૂરી. રેલ પર કામ કરતા મજૂરો પાસે શાક-ભાજી, તરબૂચ-ટેટી વગેરેની આશા રાખે! એ મારો બેટો ગવન્ડરનો દીકરો, તે એ લાઇન પર જાય તે પહેલાં એના ટ્રૉલીવાળાએ આગલે દિવસે જઈને મુકાદમને કહી આવવું પડે કે સાહેબ બહાદુરની મેયત ત્યાં જવાની છે, એટલે પેલા લોકો જે કંઇ મળે તે દેવને ધરવા લઈ આવે! આ રવિયો બીચારો ગએલો નહિ, અને ત્યાં તો સૌ ખાલી હાથે! અહીં સાહેબને ઘેર 'ઘરવાળાં'નો તાપ આગ જેવો. આ ભાઇ ટાઇ-ટોપીમાં સાહેબ, પણ ઘરમાં ઢીલા ઘેંસ જેવા. શોધો તો શરીરમાં હાડકું ન મળે. એણે ટ્રૉલી ખાલી જોઇ, એટલે રવિયાને દેવા માંડી. અને એમને ઘેર પછી રાતે સળગી. જગદંબા કોપે ચડયાંઃ સીધા પાવાગઢથી જ ઊતરી આવેલાં જો! આઠ દિવસ શાક વગર રસોઇની નોટીસ પડી, અને સવારસાંજ રામાયણ તે નફામાં.

એ તો ઠીક; પણ મજા તો એ થઇ, સઈતાકાકી, કે આજ સવારે રવિયાની વહુ ચઢી આવી. બારણા બહાર ઊભી રહીને એને તો જે બોલવી છે, જે બોલવી છે! 'સાલા ઢોર! વગર વાંકે તું મારે હાનો? તને માતા ભરખે, જો ફરી મારા રવિયા પર હાથ ઉપાડચો સે તો. ને જો ભૂલચૂકમાં અડધો પણ દાંડો કાપ્યો સે.તો મુઆ,ઈમ હમજજે કે ચીભડું વાઢું એમ તને જીવતો વાઢી મેલહ.' લીલો ટપકાંનો સાડલો અને ભૂખરા લાલ રંગનો ઘાઘરો; હાથમાં બાર બંગડી. પેલી પાવાગઢની પટરાણી તો આ ચામુંડા ચંડી આગળ થીજી જ ગઈ! આનો એકાદ હાથબાથ પડચો હોત તો આપણા...ભાઇ જીવતા ન રહેત. અને પછી? ચિમનલાલ શેઠ, શું ધારો છો? આખી પડોશ ગજાવ્યા બાદ, આટલી બેઆબરૂ ઓછી હોય તેમ, લુગડાને છેડે બે તુરીઆં બાંધીને લાવી હશે, તે જતાંજતાં એના બારણામાં ફેંકતાં બોલી: 'લે દુકાળિયા! હાકભાજી નહિ મળતાં હોય તો લે આ તુરિયાં! થૂ તારા જી પર. ને રાંધનારી ના મળતી હોય તો કહે, હું રાંધી આલહ. ખાજે, કે તારા પેટમાં બાર ગલુડાં પાકે!'

કહીને એ તો ગઇ. પણ આ ભાઈનાં ઊંઘ-ખોરાક બગડી ગયાં છે: હવે એતો ટ્રાન્સફર માગે તો છે, નહિ તો જીવતો મૂઓ સમજવો!'

મેં તે દિવસથી ટ્રૉલી પર જવાનું પાણી મૂકયું. (ચાલુ)

સડકનો પત્થર

શહેરના પત્થરના રસ્તા પર એક દિવસ એક ગાડું ટકરાવાથી એમાંથી એક પત્થર ઊખડી ગયો. એ પત્થરને થયું: 'હું અહીં શા માટે બીજા પત્થરો સાથે પડી રહું? હું સ્વતંત્ર રહેવા માગું છું.'

ત્યાં એક છોકરો આવ્યો. એણે પત્થરને ઉચકયો. પત્થરને થયું: 'મુસાફરી કરવાની મારી ઈચ્છા હતી તેથી જ આ સફર હું કરું છું.'

એ છોકરાએ એ પત્થરનો એક ઘર પર ઘા કર્યો. પત્થરને થઇ આવ્યું: 'મારે ઊડવું હતું. માટે હું ઊડચો. કેવું સ્વાભાવિક!'

ત્યાં તો પત્થર કાચને અફળાયો ને કાચ તૂટયો. એટલે કાચ બોલ્યો: 'અરે હરામી! જો તો ખરો, તેં શું કર્યું?'

'તેં મારો રસ્તો સાફ કર્યો એ ઠીક જ કર્યું. મને મારા માર્ગમાં લોકો આડા આવે એ નથી ગમતું. મારી તો એ નીતિ છે કે દરેક ચીજ મારી સગવડ પ્રમાણે જ વર્તવું જોઈએ.' પત્થરે કાચને જવાબ વાળ્યો, ને કાચ વીંધીને પલંગ પરની મજાની પોચી તળાઈમાં જઇને પડચો. 'બસ હવે હું અહીં થોડો આરામ લઈશ.'

ત્યાં નોકરે આવી પથારીમાંથી પત્થરને લઇ, બારી ઉઘાડી, બહાર ફેંકયો. પત્થર પાછો પથરાવાળી સડક પર આવી પડયો.

અને એણે પોતાના જૂના સાથીઓને કહ્યું. 'કેમ છો દોસ્તો? મઝામાં તો ખરાને? હું ફરીવાર તમારી પાસે હાજર થયો છું. મને હમણાં જ એક મોટાં મકાન માટેનું તેડું આવ્યું હતું, પણ મેં એવા મૂડીવાદીઓની પરવા જ ન કરી. મારું દિલ તો આમ જનતા માટે તલસે છે અને એથી જ તો હું ફરી વાર તમારી વચ્ચે આવીગયો છું.'

(ફેડોર સોલોગબની એક રશિયન વાર્તા) શાંતિકુમાર કડિયા

સંવત્સર-પ્રતિપદા : ગુડી પડવો

ચૈત્ર સુદ પડવાને દિવસે આવતો આ તહેવાર શાલિવાહન શકનો પ્રથમ દિવસ હોવાથી એ શક પ્રમાણે કાલગણના કરતા લોકોનો તે બેસતા વર્ષનો દિવસ છે. આપણે ત્યાં જેમ વિક્રમ સંવત પ્રમાણે વર્ષ ગણાય છે, તેમ નર્મદાની દક્ષિણે મલબાર અને તિનેવલ્લી પ્રાંત સિવાય બધે શાલિવાહન શક પ્રચલિત છે. આ ચૈત્ર સુદ પડવાથી શાલિવાહન શકનું ૧૮૭૨મું વર્ષ બેસશે. શાલિવાહન શક કોણે શરૂ કર્યો એ બાબત વિદ્વાનોમાં ભારે મતભેદ છે; પણ સામાન્ય માન્યતા એવી છે કે ગોદાવરી અને કૃષ્ણા નદીના મુખ આગળ ઈ.સ. પૂર્વે ૨૩૦થી ઇ.સ. ૨૨૭ સુધી રાજ્યસત્તા ચલાવતા 'સાતવાહન' નામના રાજવંશમાં જે ૩૦ રાજાઓ થઈ ગયા તેમાંના કોઇકે આ શક શરૂ કર્યો. સાતવાહનનું અપભ્રંશ રૂપ તે શાલિવાહન. તે કાળે 'શક' નામના પરદેશી લોકો ઉત્તર હિંદમાં સત્તા ચલાવતા હતા. તેમનો પરાજય આ સાતવાહનો પૈકી કોઇકે (કેટલાકોના મત પ્રમાણે ગૌતમીપુત્ર સાતવાહને) કરેલો અને ત્યારથી આ કાલગણના શરૂ થઈ ગનાય છે.

જ્યોતિષશાસ્ત્રનું વર્ષ પણ આ જ દિવસથી શરૂ થતું હોવાથી આ દિવસ મહત્ત્વનો છે. વર્ષનાં સાડાત્રણ શ્રેષ્ઠ મૂહૂર્તોમાં આ તહેવારની ગણના થાય છે. આ જ દિવસે રાવણનો વિનાશ કરીને, સીતાજીને છોડાવી લાવી પ્રભુ રામચંદ્રજીએ અયોધ્યામાં પ્રવેશ કરેલો. એ પ્રસંગે ધજા વગેરેથી નગરને શણગારીને નગરજનોએ મોટો ઉત્સવ કરેલો. બ્રહ્માએ ચૈત્ર શુકલ પ્રતિપદાને દિવસે સૃષ્ટિ નિર્માણ કરી એવી ધાર્મિક માન્યતા હોવાથી આજ દિવસ સંવત્સરનો પ્રથમ દિવસ મનાયો.

આ તહેવારનો ઉલ્લેખ છેક મહાભારતમાં આદિપર્વની એક કથામાં પણ મળી આવે છે. સોમવંશના સુપ્રસિદ્ધ રાજા પુરૂરવસ (કાલિદાસના વિક્રમોર્વશીય નાટકનો નાયક)નો પુત્ર વસુ ઘણો પરાક્રમી રાજા થઇ ગયો. સાત્ત્વિક વૃત્તિના એ રાજાનો ઘણો વખત ધર્માચરણમાં જતો. એકદા જંગલમાં શિકાર કરવા ગએલા એ રાજાએ પોતાનાં માણસોએ મારેલાં તથા ઘાયલ કરેલાં પશુઓને જોતાં જ તેને સંસાર પ્રત્યે ઉપરતિ થઈ અને ભગવાન બુદ્ધની માફક તે પણ સંન્યાસ લઈ વનમાં ઘોર તપશ્ચર્યા કરવા ચાલી નીકળ્યો. તેનો દૃઢ નિશ્ચય અને ઘોર તપશ્ચર્યા જોઈ ભગવાન ઇન્દ્ર સંતુષ્ટ થયા ને તેને ત્રણ પારિતોષિકો આપ્યાં: સ્ફટિકમય આકાશયાન, વિજય મેળવી આપનાર તથા કદી ન કરમાનાર ફૂલોનો હાર અને દુષ્ટોથી રક્ષણ કરવા એક વાંસનો દંડ. ઈન્દ્રે વસુને તેના રાજા તરીકેના ખરા કર્તવ્યનું ભાન કરાવી રાજધાની તરફ પાછો મોકલ્યો. વસુએ જ્યારે રાજધાનીમાં પ્રવેશ કર્યો ત્યારે બરાબર આ જ દિવસ (ચૈત્ર સુદ પ્રતિપદા) જ હતો. પોતાના પ્રિય રાજાને પાછો આવેલો જોઇ પ્રજાએ મોટો મહોત્સવ કર્યો. વસુએ ઈન્દ્રે આપેલો દંડ જમીનમાં ઊભો રોપી તેના ઉપર જરીકામવાળાં રેશમી કપડાં બાંધી ઇન્દ્રની પૂજા કરી. ત્યારથી પ્રજાએ એ દિવસને વાર્ષિક ઉત્સવ ગાની દર વર્ષે તે ઊજવવા માંડ્યાં.

દક્ષિણમાં મહારાષ્ટ્ર, મલબાર આદિ પ્રાંતોમાં આ તહેવાર ઘણા આદર તથા ભક્તિથી ઉજવાય છે. મહારાષ્ટ્રીઓમાં આ દિવસે પ્રાતઃકાળે ઘરના આંગણામાં યા ઘર ઉપર ગુઢી ઊભી કરવાનો રિવાજ છે. ગુઢી એટલે, વાંસની લાકડીને એક છેડે પીતાંબર કે એવું જ કોઈ જરીભરતવાળું લાલ, લીલા કે કેસરી વગેરે શુભસૂચક રંગવાળું રેશમી કપડું બાંધી, તેના પર પિત્તળ તાંબા કે ચાંદીનો લોટો બાંધે છે અને તે લોટા પર કંકુના લીટા કરી તેને સાકરનો હારડો પહેરાવ્યા બાદ તે વાંસને ઘરના આંગણામાં કે ઘર ઉપર ઊભો કરે છે. આ રિવાજ પાછળ આનંદપ્રદર્શનનો જ હેતુ છે. રામચંદ્રજીએ આ દિવસે વાલીનો વધ કરી વાલીના ત્રાસમાંથી દક્ષિણની ભૂમિને મુક્ત કરી તેના આનંદમાં ત્યાંના લોકોએ મોટો ઉત્સવ કરી આવી ગુઢીઓ ઊભી કરેલી. ત્યારથી આ ગુઢી (ધજા) ચડાવવાની પ્રથા શરૂ થઈ હોય એમ મનાય છે. મહારાષ્ટ્રમાં આ તહેવાર 'ગુઢી પાડવા' તરીકે ઓળખાય છે.

આ દિવસે જે શાસ્ત્રોક્ત વિધિ છે તેની પાછળ આરોગ્યની દૃષ્ટિ રાખી હોય એમ લાગે છે. સવારે ઘર આગળ ગુઢી ઊભી કરી તેની પૂજા કરવામાં આવે છે. સર્વેએ ઉત્તમ કપડાં પહેર્યા બાદ નિંબભક્ષણ વિધિ કરવામાં આવે છે. નિંબભક્ષણ એટલે લીમડાનાં પાંદડાં ખાવાં. લીમડાનાં કૂણાં અંકુર લાવી હીંગ, મીઠું, જીરૂં અને અજમા સાથે તે ખાવામાં આવે છે. નિંબભક્ષણથી આરોગ્ય તથા બળ અને બુદ્ધિ વધે છે એમ આયુર્વેદનો મત છે. સહકુટુંબ દેવદર્શને જવું, નિમંત્રિત મંડળી સહિત પંચાગ વંચાવી નવા વર્ષના ભવિષ્યનું શ્રવણ કરવું, ગાયનવાદનાદિથી દિવસ આનંદમાં વ્યતીત કરવો, ગરીબ સગાંવહાલાંને નિમંત્રણ આપી મિષ્ટાન્નનું ભોજન કરવું આદિ વિધિ આ દિવસે કરવામાં આવે છે.



માસમાસના તહેવારો [૧૬]

આ દિવસે મહારાષ્ટ્રમાં ઘરના આંગણે કે છાપરા ઉપર ઊભી કરવામાં આવતી ગૂઢી: જેમાં વાંસના ટુકડા પર શુભસૂચક કપડું તથા લોટો બાંધી કંકુની અર્ચના કરાય છે.

પણ મલબારમાં તો આ તહેવાર ઘણા દમામથી પાળવામાં આવે છે. સંવત્સર પ્રતિપદાના આગલે દિવસે ઘર માંહેના દાગીના, હીરા, રત્નો, ફળફળાદિ તથા અનેક સુશોભિત વસ્તુઓ ઘરના દેવના આસનની સામે ગોઠવવામાં આવે છે. પછી આ દિવસે પરોઢિયે, જ્યારે એક પહોર રાત બાકી રહી હોય ત્યારે, ઘરનો મુખ્ય માણસ દેવગૃહમાં પ્રવેશે છે અને એ બધી ચીજોની આરતી ઉતારે છે. ત્યાર પછી કુટુંબના સર્વે માણસો એક પછી એક આંખો બંધ કરી એ ઓરડીમાં જાય છે અને તે ચીજો પાસે જઈ આંખો ઉઘાડે છે. ત્યાંના લોકો આ વર્ષારંભને દિવસે સવારે ઊઠી ઉત્તમ વસ્તુ પર પોતાની નજર પડે તે માટે કાળજી રાખે છે. પછી ઘરનો મુખ્ય માણસ દરેકને એકેક દાગીનો તથા ફળફૂલ વગેરે આપે છે.

ગુજરાતમાં ચૈત્ર સુદ પડવો વર્ષારંભનો દિવસ મનાતો ન હોવાથી આપણે ત્યા વિશેષ કોઇ વિધિ આ દિવસે નથી. માત્ર કેટલાએક વેપારી લોકો આ દિવસે પંચાગ-શ્રવણ કરી વર્ષફળ સાંભળે છે. મંદિરમાં લીમડો તથા હિંગ ભેગાં કરી તેનો નૈવેદ્ય બનાવી તે ખાવામાં આવે છે, પણ ઘેરઘેર લીમડો ખાવાનો રિવાજ નથી

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા
આપણી વનસ્પતિ—૩૧

કૉઠી

લેખક
પ્રો. જયંતીલાલ દે. ઓઝા એમ. એસસી.



ગોળ દડા જેવાં કૉઠાંની ચટણીનો સ્વાદ જેમણે ચાખ્યો હશે તેમને આ વનસ્પતિની ઓળખ સહેજે થશે. તે 'કૉઠ' નામથી પણ ઓળખાય છે. સંસ્કૃતમાં તેને 'કપિત્થ', 'દધિત્થ' ને 'દધિફલ', હિંદીમાં 'કૈથ' તથા 'કવિથ', અને મરાઠીમાં 'કવિત', 'કવઠી' કે 'કવઠ' કહે છે. અંગ્રેજીમાં તે 'વૂડ-ઍપલ' wood-apple (લાકડા જેવું સખત સફરજન), તેમજ હાથીને એ ફળ બહુ પ્રિય હોઈ 'એલિફન્ટ-ઍપલ' (Elephant-apple) નામે ઓળખાય છે. શાસ્ત્રીય નામ 'ફેરોનિયા એલીફન્ટમ્' (Feronia Elephantum). રોમન વનદેવી ફેરોનિયાના માનમાં એ શબ્દ યોજાએલો છે.

દક્ષિણ હિંદ, સિલોન અને જાવા તેનાં ઉત્પત્તિસ્થાન; પણ હિંદભરમાં બધે તે ઉગાડાય છે.

એનું ઝાડ ઘણું ઊંચું થાય છે. થડ ગોળ ને સીધું ઊંચું ઊગે છે અને શાખાઓ ચોમેર ફેલાએલી રહે છે. પાન દાંડીવાળાં, સંયુક્ત તથા આંતરે આવેલાં હોય છે અને તેમાં વરિયાળી જેવી વાસ હોય છે. પાનની દાંડી તેમજ મધ્યશિરા સપાટ અને ઘણી વખત સાંકડી પાંખવાળી હોય છે. દરેક સંયુક્ત પાન ૩ થી ૯ નાનાં પાનનું બનેલું હોય છે. આ નાનાં પાન મધ્યશિરાપર સામસામાં ગોઠવાએલાં હોય છે અને મધ્યશિરાની ટોચે એક અટૂલું નાનું પાન હોય છે. નાનાં પાન ૧ થી ૨ ઈંચ લાંબાં અને પહોળાઈમાં ટોચે ½ થી ૧ ઇંચ, પરંતુ તળિયે સાંકડાં થતાં અને સહેજ ખાંચવાળી ટોચવાળાં હોય છે. પાનની દાંડીના તળિયાના ભાગ તથા ડાળીઓની વચ્ચેના ખૂણામાંથી સીધા, મજબૂત, ½ થી ૧½ ઇંચ લાંબા અણીદાર કાંટા હોય છે.

માર્ચથી મે માસ દરમિયાન કૉઠીને ફૂલ બેસે છે. તે નાનાં, અસંખ્ય, આછાં રાતાં, એકલિંગી અને ઝૂમખાંમાં હોય છે. ફૂલોનાં ઝૂમખાંવાળી ડાળીઓ પર તે બાજુમાં કે ટોચે ગોઠવાએલાં હોય છે અને ઘણી વખત નર અને માદા ફૂલો એક જ ઝૂમખામાં હોય છે.

કૉઠીનું ફળ કૉઠું છેક ચોમાસે (ઑક્ટોબરની આસપાસ)પાકે છે. તે ગોળ દડા જેવું, વ્યાસમાં ૩ થી ૩½ ઇંચ જેટલું અને કઠણ હોય છે. તેની છાલ લાકડા જેવી કઠણ, ખરબચડી અને રાખોડી રંગની હોય છે. તેમાં ખાવાલાયક, ખટમધુરો તથા અનેક બીજથી ભરપૂર ગર્ભ (ગર) હોય છે. કૉઠી બીજ વડે ઊગે છે.

ચટણી, શરબત તેમજ મુરબ્બો બનાવવામાં કૉઠનો ઉપયોગ સારીરીતે જાણીતો છે. તેનો ગર દાળશાકમાં ખટાશ માટે વપરાય છે. કૉઠીના વૃક્ષમાંથી આછો સુગંધી, સફેદ, ચીકણો અને બાવળના ગુંદરને મળતો ઉપયોગી ગુંદર પણ મળે છે. તે પાણી-ગુંદરથી બનાવાતા રંગો (water-colours) બનાવવામાં ઉપયોગી ગણાય છે. તેનાં પાન અને બીજમાંથી વરાળયંત્ર દ્વારા સુગંધી તેલ મળે છે. કૉઠીનું લાકડું પીળાશપડતું સફેદ, કઠણ અને ટકાઉ હોય છે અને તે ઈમારતી કામ, ખેતીવાડીનાં ઓજારો, પૈડાંના મધ્યભાગો અને તેલ કાઢવાના સાંચા બનાવવામાં વપરાય છે. સૂકાં કૉઠાંમાંથી ગર્ભ કાઢી લઈ તેનો તમાકુ ભરવાની દાબડીઓ તરીકે ઉપયોગ થાય છે.

આયુર્વેદ તેમજ યુનાની બંને દવાઓમાં કૉઠીનો ઉપયોગ છે. આયુર્વેદના સંસ્કૃત ગ્રંથોમાં તેના વિષે ઉલ્લેખ છે. કૉઠીનાં ફળ ખટમધુર, તીક્ષ્ણ અને સ્વાદિષ્ટ હોય છે પરંતુ તે પચાવવાં મુશ્કેલ છે. તે કફ, મરડો, હૃદયના રોગો તથા ઊલટી મટાડે છે; પિત્તપ્રકોપ, વાત, ત્રિદોષ, લોહીની અશુદ્ધિ, થાક, તરસ તથા હેડકીને દૂર કરે છે; અને ક્ષય, ગાંઠ, આંખના રોગો, પ્રદર તેમજ કાનના દુખાવા માટે ઉપયોગી ગણાય છે. કૉઠાંનો ગર્ભ પેઢાં અને ગળાનાં દર્દોમાં પણ વપરાય છે. કાચું કૉઠું બાધક (દસ્ત બાંધનારું) ગણાય છે અને બીજાં ઔષધો સાથે ઝાડા તથા મરડામાં તેનો ઉપયોગ થાય છે. પાકું કૉઠું હેડકી અને ગળાના રોગો માટે ઉપયોગી ગણાય છે. તેનો ગર્ભ તેમજ છાલનો ભૂકો ઝેરી જીવડાંના દંશ પર ચોપડવામાં આવે છે.

કૉઠીનાં બીજ હૃદયના રોગો અને માથાનો દુખાવો મટાડે છે. તેનું તેલ તીક્ષ્ણ અને બાધક છે. તે હેડકી તેમજ ઊલટી બંધ કરે છે. ઉદરના તેમજ બીજા દર્દો પર તે અસરકારક ગણાય છે અને પિત્તપ્રકોપ પણ દૂર કરે છે. કૉઠીનાં પાન ઊલટી, હેડકી અને મરડા માટે ઉપયોગમાં લેવાય છે. તે સુવાસિત અને વાતહર ગણાય છે અને બાળકોને અજીર્ણ તેમજ આંતરડાંનાં દર્દોમાં આપવામાં આવે છે. રક્તપિત્તમાં પણ તે ઉપયોગી ગણાય છે. કૉઠીની છાલનો ઉપયોગ પિત્તપ્રકોપ પર થાય છે: તે પિત્તશામક ગણાય છે.

કંબોડિયામાં કૉઠીના કાંટા અત્યાર્તવમાં લોહીનો પ્રવાહ બંધ કરનાર ઔષધ તરીકે ઉપયોગમાં લેવાય છે તેમજ તેની છાલ ઝેરી જીવડાંના દંશ પર અસરકારક ગણાય છે.

ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટે કૉઠીનાં ફળ, મૂળ, છાલ અને પાનને સર્પદંશ માટે ઉપયોગી ગણેલાં છે; વળી ચરક તેમજ સુશ્રુતે તેને વીંછીના દંશ માટે પણ ઉપયોગી ગણેલાં છે; પરંતુ કાયસ અને મ્હસ્કરના સંશોધન અનુસાર કૉઠીનો કોઈ પણ ભાગ સર્પદંશ પર અસરકારક નથી,તેમજ તેઓના મત અનુસાર કૉઠીનું ફળ વીંછીના દંશ ઉપર પણ બીનઅસરકારક છે.

ઑલિમ્પિક રમતો

જ્યારે ગ્રીસમાં રમાતી તે કાળનું એક ચિત્રદર્શન

લેખક · **રમણલાલ નાગરજી મહેતા** એમ. એ.



પૂર્વના ઘેરા ધૂસરરંગી આકાશમાં રક્ત રંગનું ચિત્રસુંદર મિશ્રણ કરતા રવિરાજે પર્વતોથી ઘેરાએલી એ નાનકડી ખીણને પ્રકાશિત કરી. ઊગતા ભાનુનું પૂજન કરી કુમારિકાઓએ સિંદુરરંગી અગ્નિની જ્યોત પ્રકટાવી. પુરોહિતોએ મંત્રોચ્ચાર સાથે વેદી ઉપર દેવોને બલિદાન દીધું. બલિના રક્ત-ટપકતા દેહથી દેવો સંતોષાયા અને 'હરીફાઇ માટે હરીફો હાજર થાય'નો આદેશ થયો.

જમા થએલા લોકો આ દેખાવ એકાગ્રતાથી જોઈ રહ્યા હતા. એક મજબૂત વિશાળકાય હરીફ તરફ તર્જનીથી નિશાની કરી એક પ્રેક્ષકે તેના સાથીને કહ્યું, 'આ સ્પાર્ટાનો લીઓનીડાસ. એના જેવી કુસ્તી કોઇ નથી લડતું. એ આ વખતે જરૂર સ્પાર્ટાને વિજય અપાવશે.' 'જુઓ; પેલો પાતળિયો લાગતો હરીફ દેખાય છે ને, તેનું નામ સાયલોન. ઍથેન્સભરમાં એની દોડની ઝડપને કોઇ પહોંચી શકતું નથી; અને આ વર્ષે એ દોડમાં સ્પાર્ટા સાથેની બરાબરની હરીફાઇ કરશે.' 'આ એકવડા બાંધાના પેરિક્લિસને જોયો ? લાંબું કૂદવામાં એનો સારા યે ગ્રીસમાં જોટો નથી ! કોરિન્થનું એ નાક ગણાય છે.' 'અને આ છે તે થિબ્સનો હરીફ. એ ભાલા-ફેંકનો નિષ્ણાત છે.' આમ, પ્રેક્ષકોમાં જમા થએલા હરીફોનાં કાર્યોની સમાલોચના થતી.

મેદાન વચ્ચે, યજ્ઞવેદી પાસે બેઠેલા પંચ સમક્ષ ગ્રીસના વિવિધ ભાગમાંથી આવતા હરીફો એકત્ર થયા. અને પંચે તપાસ શરૂ કરી:

'આપનું નામ ?'

'સાયલોન.'

'આપ કયા નગરના પ્રતિનિધિ છો ?'

'ઍથેન્સનો.'

'આપ જન્મે કેવા છો ?'

'હું ગ્રીક છું. મારા વડવા એક્રોપોલિસ સ્થાપનાર ગ્રીકો હતા.'

'આપની ઉમર ?'

'અઠ્ઠાવીસ વર્ષ.'

'ઠીક. આપ હરીફાઇ માટે તૈયાર થાઓ.'

આમ, બધા હરીફોની તપાસ થઈ. તેમાં કોરિન્થનો એક હરીફ પાંત્રીસ વર્ષ કરતાં વધુ ઉમરનો જણાતાં તેને હરીફાઈમાં ભાગ લેવાની પંચે મના ફરમાવી. એક હરીફ મિસરવાસી જણાયો. હાજર રહેલા પ્રેક્ષકોએ તેની તરફ ઘૃણાની નજરે જોયું, અને તેણે એ મેદાન છોડ્યું.

હરીફોની આ પરીક્ષા પૂરી થઈ. એટલે વેદી પાસે જઇને દરેક હરીફે ઈશ્વર સમક્ષ રક્તનીતરતા બલિના લોહીથી પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કર્યું કે, મેં અહીંની વ્યાયામશાળામાં દસ મહીના તાલીમ લીધી છે અને આ હરીફાઈમાં ભાગ લેવાની લાયકાત પ્રાપ્ત કરી છે. ઇશ્વરને માથે રાખીને હું પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે આ હરીફાઇમાં સંપૂર્ણ ખેલદિલી રાખી, મારા હરીફો સાથે ઇનામની કે માનની લાલચે દગોફટકો નહિ કરું અથવા તેમના પર કોઈ પણ પ્રકારનો દ્વેષ નહિ રાખું, ને સંપૂર્ણ પ્રામાણિકતાથી, મારી તાકાતથી જ વિજયી થવાનો પ્રયત્ન કરીશ.'

પ્રતિજ્ઞા લઇ હરીફો મેદાન પર હાજર થયા. બસો વાર દોડના પાટા, કુશ્તીનો અખાડો, ભાલા-ફેંક ને ચક્ર-ફેંકની જગ્યા તથા રથ-હરીફાઇનો રસ્તો એ મેદાન પર આંકેલાં હતાં, અને તે જગ્યાઓની સીમા દર્શાવતાં ચિહ્નો દેખાતાં હતાં. પોતાનાં તમામ વસ્ત્રો ઉતારી, શરીરે ઑલિવનું તેલ ચોળી, હરીફો હરીફાઇ માટે સજ્જ થયા.

પ્રસ્થાનકારનો અવાજ આવ્યો: 'દોડનાર હરીફો પ્રસ્થાનરેખા પર હાજર થઇ જાય.' ટપોટપ હરીફો પ્રસ્થાનરેખા પર ઊભા રહી ગયા અને વિજયરેખા પર પહેલા પહોંચવાની આકાંક્ષા સાથે એ રેખાને નિરખી રહ્યા. ત્યાં તો રણશિંગું ફુંકાયું અને પવનવેગી ઝડપે દોડવીરોએ વિજયરેખા તરફ દોટ મૂકી.

'શાબાશ ! ઍથેન્સ !' 'સ્પાર્ટા જલદી–જલદી !'ની બૂમો પ્રેક્ષકોમાં સંભળાવા લાગી. જેમજેમ દોડવીરો વિજયરેખાની નજીક જતા ગયા તેમતેમ પ્રેક્ષકોનાં મન તંગ બનતાં ગયાં. સ્પાર્ટા અને ઍથેન્સના દોડવીરો જાણે ડગલેડગલું મિલાવી એકસરખા દોડતા હતા. વિજયરેખા માંડ વીસ વાર રહી ત્યાં તો હતું તેટલું બળ ઠાલવીને સાયલોન આગળ વધ્યો. અને 'શાબાશ ! ઍથેન્સ ! શાબાશ સાયલોન !'નો નાદ ઊઠ્યો. સાયલોન વિજયરેખાને, સ્પાર્ટાના કરતાં માત્ર છ ઇંચ આગળ વટાવી ગયો હતો.

ઍથેન્સવાસીઓનો હર્ષ માતો ન હતો. વર્ષોથી વિજયને વરતું સ્પાર્ટા આજે પ્રથમ વાર ઍથેન્સને હાથે હાર્યું હતું. ઍથેન્સવાસીઓ પોતાના હરીફનાં વખાણ કરતાં આજે ધરાતા ન હતા. ટોળાંનો એ કોલાહલ શાંત થયો ને દરેકની દૃષ્ટિ મુકુટ-આરોહણ-વિધિના મંચ તરફ ગઇ. ઊંચા મંચ પર પાતળો લાગતો સપ્રમાણ સાયલોન ઊભો હતો. તેની પાસે સ્પાર્ટા અને કોરિન્થના બીજે અને ત્રીજે નંબરે આવનાર હરીફો ઊભા હતા. આ હરીફોમાંથી પ્રથમ આવનારને વાજિંત્રોના નાદ અને ટોળાંના હર્ષોન્માદ વચ્ચે ઑલિવનો મુકુટ મળ્યો. પુરોહિતે મોટેથી સાયલોનનું નામ અને તેનું પેઢીનામું વાંચ્યું. અને પછી હરીફાઇનો કાર્યક્રમ આગળ વધ્યો.

આમ, એક પછી એક, દોડ, કુશ્તી, મુષ્ટિયુદ્ધ, રથ-હરીફાઈ અને પૅન્થેલોનની સ્પર્ધાઓ પૂરી થઈ. દરેક સ્પર્ધાના વિજેતાઓને, ગ્રીકો જેની જીવનભર ઝંખના કરે છે તે, ઑલિવનો મુકુટ મળ્યો.

આ જ ચારચાર વર્ષે ગ્રીસમાં આ ઉત્સવનો દિવસ ઊગ્યો હતો. યુદ્ધે ચઢેલાં થીબ્સ અને સ્પાર્ટા તથા કોરિન્થ અને ઍથેન્સે યુદ્ધવિરામ જાહેર કર્યો હતો. ઇલિસવાસીઓએ આ ઉત્સવ માટે એક વર્ષથી પૂરી જહેમત ઉઠાવી હતી. આ મેદાનની ઉત્તરે ક્રોનિયન પર્વતની હારમાળાનાં નીળાં, લીલાં શિખરો અને દક્ષિણે વાંકોચૂકો માર્ગ કરી આગળ ધસતી આલફ્સ અને તેની શાખા કલડચુસ, મેદાનને રમણીય બનાવતી હતી. પાસેની અલતીસની ઝાડીમાં વિજયી વ્યાયામવીરોનાં તામ્રરંગી શિલ્પો, પોતપોતાની લાક્ષણિક સ્થિતિમાં ગ્રીસના સમર્થ દેવ ઝિયુસના મંદિરના પટાંગણમાં ઊભાં હતાં.

અત્યંત પુરાણ કાળમાં આ મેદાનમાં ઓગિયસનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. તેના શાસન દરમિયાન ગ્રીસના અતુલ બલશાળી હેરૅકલસે તેના પર ચડાઇ કરી. આકાશને ટેકો દેનાર અને નવ માથાના એ નાગનો નાશ કરનાર હેરૅકલસ સામે ઓગિયસે વૃથા બાથ ભીડી. ઓગિયસને હરાવી હેરૅકલસે ઈલીસનું મેદાન કબજે કરી ઝિયુસની

પૂજા કરી અને ત્યારથી ઑલિમ્પિક સ્પર્ધાની શરૂઆત કરી.

એ વાતને વર્ષો વીત્યાં. ગ્રીસમાં દુકાળ, મહામારી વગેરે અનેક આફતો ઊતરી અને તેમાં વધારો કરવા ગ્રીસમાં માંહોમાંહે બખેડા ઊભા થયા. આ ત્રાસમાંથી દેશને બચાવવા ઇલિસના ઇફિટસે ગ્રીસની મહાશક્તિ હેરાના મંદિરમાં જઈ તપશ્ચર્યા કરી અને આ આફતોનું નિવારણ કરવા દેવીને વીનવ્યાં. હેરાએ જણાવ્યું કે ઑલિમ્પિક રમતોની પડતીને પરિણામે જ ગ્રીસની આ દશા થઈ છે; માટે એ રમતોનો ઉદ્ધાર કરો એટલે ગ્રીસમાં શાંતિ સ્થપાશે. દેવીનાં વચને ઇફિટસે રમતોનો પુનરુદ્ધાર કર્યો. તેની યાદ આપતી તામ્રપત્રની તકતી હેરાના મંદિરમાં હતી. એ તકતી પર ઑલિમ્પિકની સ્પર્ધાના નિયમો ને ઇફિટસ તથા લાઈકરગસનાં નામો સ્પષ્ટ રીતે વંચાતાં હતાં.

ઇલિસની ભૂમિ પર શરૂ થએલી આ રમતોમાં પ્રથમ ઇલિસના રહેવાસીઓ અને તેના પડોશીઓ જ ભાગ લેતા. પરંતુ ત્યાર પછીનાં પચાસ વર્ષ બાદ ઈ. સ. પૂર્વે ૭૨૦થી કોરિન્થવાસીઓ, મીગરીઅનો અને પાછળથી ઍથેન્સવાસીઓ તથા પેલીપોનિસવાસી સિવાયના બીજા ગ્રીકો જોડાયા હતા.

વર્ષોથી રમાતી આ રમતોમાં ભાગ લેવા સારા યે ગ્રીક જગતમાંથી હરીફો આવતા. ગ્રીસના કવિઓ આ વ્યાયામવીરોને બિરદાવવા આવતા. વિશ્વવિખ્યાત શિલ્પીઓ અને ઊગતા કલાકારો આ ઉત્સવ જોવાનું ચૂકતા નહિ, કારણકે આ જ ઉત્સવ તેમને શક્તિ અને સૌંદર્યસંપન્ન શ્રેષ્ઠ માનવદેહો સર્જવાની પ્રેરણા આપતો. માત્ર રમત ખાતર રમનાર વ્યાયામવીરનું દર્શન, અને તેમાં યે ઑલિમ્પિકના વિજેતાનું દર્શન ગ્રીકોને મન જીવનનો અમૂલ્ય લહાવો ગણાતું. તત્ત્વજ્ઞાનીઓ ત્યાંથી તત્ત્વાન્વેષણ કરતા. એક મહીના પર સામસામે તલવાર તાણી ચૂકેલા યોદ્ધાઓ આ મેદાન પર મિત્રો બની સ્પર્ધાની મોજ માણતા ને ત્યાંથી ખેલદિલીના પાઠ પઢી છૂટા પડતા.

આ રમતો જોનારને ઘડીભર તો લાગતું કે આખું ગ્રીસ માંહોમાંહેના બખેડા ને વિગ્રહો છોડી એક જ મનુષ્યની માફક ઊભું છે.

સ્પાર્ટાના હરીફો સામે વિજય મેળવવો એ બચ્ચાંના ખેલ ન હતા. પરંતુ આ વખતે નસીબે ઍથેન્સને યારી આપી અને સાયલોન દોડમાં વિજયી થયો હતો. ઍથેન્સવાસીઓનો આનંદ આ વિજયથી માતો ન હતો. રમતો પૂરી થયા પછી તેમણે સાયલોનને પોતાને ખભે બેસાડી નગર તરફ કૂચ શરૂ કરી અને વિજયોન્માદમાં મસ્ત બની ઍથેન્સને પાદરે આવી પહોંચ્યા.

ત્યાં શરણાઇ, ઢોલ, રણશીંગાં વગેરે વાજિંત્રોના સૂર સંભળાતા હતા. ઍથેન્સનું આબાલવૃદ્ધ, સૌકોઇ પોતાના ગૌરવરૂપ સાયલોનને સત્કારવા હાજર થયાં હતાં. દૂરથી સાયલોનનો સંઘ આવતો જોઈ ઍથેન્સવાસીઓએ હર્ષના પોકાર કરવા માંડયા. જોતજોતાંમાં સાયલોન નગરવાસીઓ વચ્ચે આવી રહ્યો. તેના ઉપર પુષ્પોનો વરસાદ વરસ્યો અને તેના માનમાં દેવોની પૂજા કરવામાં આવી.

નગરમાં સભાસ્થાને આવીને ઍથેન્સવાસીઓ સભામંડપમાં ગોઠવાઈ ગયા. સાઇલોનને સૌકોઈ જોઇ શકે એટલા માટે તેને ઉચ્ચ સ્થાને બેસાડવામાં આવ્યો. નગરપતિએ તેની ઝડપ, ઉત્સાહ અને વીરતાનાં વખાણ કર્યાં અને નગરને ગૌરવાન્વિત કરવા બદલ તેને અભિનંદન આપ્યાં. નગરવાસીઓએ ઠરાવ કરીને સાયલોનને ૫૦૦ ડ્રામ્મી ઈનામમાં આપ્યાં અને તેની પછી જે ઑલિમ્પિકમાં વિજેતા થાય તેને પણ આ ઈનામ આપવાની ઘોષણા કરી. સારા યે ગ્રીસમાં વિખ્યાત ફીડિયસે ઉત્સાહપૂર્વક સાયલોનનું શિલ્પ બનાવવાનું જાહેર કર્યું. સાયલોનને હવે પીથિયન, નીમિયન અને ઇસ્થમિઅનની રમતોમાં મોકલવાનો સભાએ ઠરાવ કર્યો અને તેને મફત ભોજન મળે એવી વ્યવસ્થા કરી.

ગ્રીસના ઉષઃકાળ અને મધ્યાહ્ન વખતે એ દેશમાં શરૂ થએલી પ્રણાલિકા પ્રમાણે જુદીજુદી રમતો રમાતી. પરંતુ રાજકીય સત્તાની ખેંચતાણે આ રમતોમાંથી ઉત્પન્ન થતી એકતા છિન્નભિન્ન કરી નાખી. ઇરાનના પરાજય પછી ગ્રીસના રાજકીય આકાશમાં ઍથેન્સ, સ્પાર્ટા, કોરિન્થ, થીબ્સ અને મેસેડોનના સિતારાઓ ચમકયા અને અસ્ત પામ્યા. મેસેડોનના સામ્રાજ્ય વખતે ગ્રીક સંસ્કૃતિના પ્રસાર સાથે ગ્રીક રમતો પણ ગ્રીકોને આધીન જગતમાં ફેલાઇ. પરંતુ ગ્રીક રમતનો ખરો પ્રાણ ચાલ્યો ગયો ને તેની જગ્યાએ રોમનોની રમતના પ્રેક્ષક બનવાની ટેવથી ઑલિમ્પિક રમતો તેની ઉચ્ચ કક્ષાએથી અધોગતિની ગર્તામાં ઊતરી પડી અને ખ્રિસ્તી બનેલા રોમે તેની ઘોર ખોદી.

ત્યાર પછી વર્ષો બાદ, ઉચ્ચ આદર્શોથી ઘડાએલી ગ્રીક સંસ્કૃતિએ યુરોપને પ્રેરણા આપી ને તેને મધ્યકાલીન ઊંઘમાંથી ઢંઢોળ્યું. જાગેલા યુરોપને ગ્રીસે ફરી પાછી પોતાની રમતોની પ્રેરણા આપી ને આ પ્રેરણા પીને ઇ. ૧૮૯૬માં ઑલિમ્પિક સ્પર્ધાઓ પાછી શરૂ થઈ ને જગતના દરેક દેશમાં પ્રસરી. આજે એ રમતો આખાયે જગત પર રમાય છે, અને તેમાં ભાગ લેવા દરેક દેશ પોતાના હરીફો તૈયાર કરે છે.



ઇંગ્લંડના વિદ્યાર્થીઓ અવકાશનો સમય કોઈ ને કોઈ જ્ઞાન કે તાલીમ આપતી કલબમાં ગાળે છે, જેમાં પર્વત-આરોહણ, પક્ષીનિરીક્ષણ, વનસ્પતિઅભ્યાસ, મત્સ્યજ્ઞાન, નૌકાતાલીમ આદિ હોય છે. એવી એક કલબ ટેમ્સ નદી પર તરતા 'નૉર્મનહર્સ્ટ' નામના જહાજમાં હમણાં શરુ થઈ છે તેમાં અંગ્રેજ કુમારો કામ કરતા આ ચિત્રમાં જણાય છે. આપણા દેશમાં પણ ક્રિયાશીલ જ્ઞાનની આવી આવી પ્રવૃત્તિઓ થવી જોઇએ છે.

અપભ્રંશ સાહિત્યનું માધુર્ય

લેખક · પ્રો. ભોગીલાલ સાંડેસરા એમ. એ.

આચાર્ય હેમચન્દ્રે વિક્રમની બારમી સદીના પાછલા ભાગમાં ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહની વિનંતી ઉપરથી એક વ્યાકરણ લખ્યું છે. એ વ્યાકરણની રચના માટે તમામ સાધન-સામગ્રી પૂરી પાડનાર ને એના પ્રચાર તથા અભ્યાસની વ્યવસ્થા કરનાર હતા સિદ્ધરાજ, અને એ વ્યાકરણના કર્તા હતા હેમચન્દ્ર; એટલે આશ્રયદાતા તેમજ પ્રણેતા બન્નેનું નામ એની સાથે જોડવા માટે એ વ્યાકરણને 'સિદ્ધહેમચન્દ્ર' નામ આપવામાં આવ્યું છે, અને સામાન્ય રીતે તે 'સિદ્ધહેમ વ્યાકરણ' તરીકે ઓળખાય છે.

એ વ્યાકરણ પણ પાણિનિના વ્યાકરણની જેમ આઠ અધ્યાયમાં વહેંચાએલું છે. એ પૈકી પહેલા સાત અધ્યાયમાં સંસ્કૃતનું વ્યાકરણ આવે છે, અને આઠમા અધ્યાયમાં પ્રાકૃત ભાષાના વ્યાકરણનું નિરૂપણ છે. પ્રાકૃતમાં પ્રથમ મુખ્ય સાહિત્યિક પ્રાકૃત મહારાષ્ટ્રીનું વ્યાકરણ આપ્યા પછી શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ, એ બીજી પાંચ પ્રાકૃત ભાષાઓનાં વિશેષ લક્ષણો કહ્યાં છે. પણ એ આઠમા અધ્યાયના ચોથા પાદમાં અપભ્રંશ ભાષાનું નિરૂપણ કરવા સાથે હેમચન્દ્રે એક વિશેષતા કરી છે. બીજી કોઇ ભાષા માટે એમણે સૂત્રોમાં આવતા વ્યાકરણના નિયમોનાં ઉદાહરણ તરીકે કવિતાનાં અવતરણો આપ્યાં નથી, પણ અપભ્રંશ માટે આપ્યાં છે. એ પદ્યો પૈકી ઘણાખરા તો દૂહા છે ને એ કાળના પ્રચલિત લોકસાહિત્યમાંથી જ ચૂંટણી કરીને હેમચન્દ્રે પોતાના વ્યાકરણમાં તે ઉતાર્યા હોય એમ જણાય છે. એમાંના કેટલાક આજે પણ એક અથવા બીજા સ્વરૂપે લોકસાહિત્યમાં જળવાતા છે.

અપભ્રંશ એટલે એ સમયની લોકભાષા; અને હેમચન્દ્રે જે અપભ્રંશનાં ઉદાહરણો એમાં આપ્યાં છે તે એ કાળના ગુર્જર દેશમાં જે પ્રકારની ભાષા વ્યાપક હશે એનાં જ ગણવાં જોઇએ. કવિતાની નજરે પણ એમાંનાં ઘણાંખરાં મુક્તકો સુંદર છે. એ દૂહા મોટે ભાગે તો શૃંગાર ને વીરરસના છે, પણ સામાન્ય નીતિના ને પૌરાણિક વિષયોના દૂહા પણ એમાં આવે છે. પ્રાચીન ગુર્જર દેશ (એટલે કે ગુજરાત, સૌરાષ્ટ્ર ને રાજસ્થાન મળીને થતા દેશ)ના પ્રાચીન લોકસાહિત્યનું નવનીત એમાં આપણને મળે છે, અને એ કાળના પ્રેમશૌર્યમય જીવનની પણ કંઇક ઝાંખી થાય છે. હેમચન્દ્રના એ વ્યાકરણની રચનાને જ આજ આઠસો વર્ષ તો વીતી ગયાં છે, એટલે એમાં સંઘરાયેલું આ લોકસાહિત્ય તો એ કરતાં યે ઘણું જૂનું હોવું જોઇએ.

એ પ્રાચીન લોકસાહિત્યમાંથી વીણેલા થોડાક દૂહા અનુવાદ સાથે અહીં રજૂ કર્યા છે. મુક્તકો તરીકે એમનું વાચન આજે અથવા ગમે ત્યારે પણ ઉત્તમ રસાનુભવ કરાવે એવું છે.

(૧) પ્રાણને ભોગે પણ પરોપકાર કરનાર મનુષ્યો વિષે અન્યોક્તિ :

તણુહં તઇજ્જી ભંગિ નવિ, તેં અવડ-યડિ વસંતિ;
અહ જણુ લગ્ગિવિ ઉત્તરઇ, અહ સહ સઇં મજ્જંતિ.

[હવડ કિનારા ઉપર ઊગેલાં તૃણોની ત્રીજી ગતિ જ નથી; ડૂબતો માણસ કાં તો તેમને પકડીને ઊગરી જાય છે અથવા એ તૃણો તેની સાથે જ ડૂબી જાય છે.]

(૨) જેનો પતિ યુદ્ધમાં મરણ પામ્યો હતો એવી કોઇ સ્ત્રી કહે છે :

ભલ્લા હુઆ જુ મારિઆ, બહિણિ મહારા કંતુ;
લજ્જેજ્જં તુ વયંસિઅહુ, જઇ ભગ્ગા ઘરુ એન્તુ.

[હે બહેન! મારા પતિ યુદ્ધમાં મરણ પામ્યા એ સારું થયું; જો તેઓ ભાગીને ઘેર આવ્યા હોત તો હું મારી સખીઓની વચ્ચે લજ્જા પામત.]

(૩) આપત્તિમાં જેનું વીરત્વ વધુ પ્રકાશે છે એવા પતિની પ્રશંસા કરતી પત્નીની ઉક્તિ :

ભગ્ગઉં દેક્ખિવિ નિઅય-બલુ, બલુ પસરિયઉ પરસ્સુ;
ઉમ્મિલ્લઇ સસિ રેહ જિવઁ, કરિ કરવાલુ પિયસ્સુ.

[પોતાના સૈન્યને ક્ષીણ થએલું ને શત્રુસૈન્યને વિજય પામતું જોઇ મારા પ્રિયતમના હાથમાંની તલવાર શશિરેખાની જેમ વિલસે છે.]

(૪) વિશિષ્ટ પુરુષો વિષે :

જીવિઉ કાસુ ન વલ્લહઉં, ધણુ પુણુ કાસુ ન ઇટ્ઠુ;
દોણ્ણિ વિ અવસર-નિવડિઆઇં તિણુસમ ગણઇ વિસિટ્ઠુ.

[જીવન કોને વહાલું નથી? અને ધન પણ કોને ઇષ્ટ નથી? પરંતુ વિશિષ્ટ પુરુષ એ બંનેયને અવસર પડયે તૃણ સમાન ગણે છે.]

(૫) 'મોટાંનાં ઘર ક્યાં છે?' એમ પૂછતા કોઈ પથિકને એક સ્ત્રીએ આપેલો ઉત્તર :

જઇ પુચ્છહ ઘર વડ્ડાઇં તો વડ્ડા ઘર ઓઈ;
વિહલિઅ-જણુ-અબ્ભુદ્ધરણુ કંતુ કુડીરઇ જોઈ.

[જો મોટાં ઘર વિષે પૂછતા હો તો આ જ મોટાં ઘર છે; દુઃખી જનોનો ઉદ્ધાર કરનાર મારો પતિ ઝૂંપડીમાં બેઠેલો છે તે જુઓ.]

(૬) મેઘની ગર્જના સાંભળી નાયિકાનું સ્મરણ કરતા પથિકની ઉક્તિ :

જઇ સસણેહી તો મુઇઅ, અહ જીવઇ નિન્નેહ;
બિહિં વિ પયારેહિં ગઇઅ ધણ, કિં ગજ્જહિ ખલ મેહ.

[જો તે સ્નેહવાળી હશે તો મરણ પામી હશે; જો જીવતી હશે તો સ્નેહ વિનાની હોવી જોઇએ. આમ બે ય રીતે મારી પ્રિયતમા તો ગઇ જ છે; તો હે ખલ મેઘ! હવે શા સારુ ગર્જના કરે છે?]

(૭) રુક્મિણીનું હરણ કરીને આવતા કૃષ્ણને રુક્મીના આખા સૈન્ય સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવ્યો છે. એ સમયે વ્યાકુળ થએલી રુક્મિણીને કૃષ્ણ કહે છે :

અમ્હે થોવા રિઉ બહુઅ, કાયર એમ્વ ભણંતિ;
મુદ્ધિ! નિહાલહિ ગયણયલુ, કઇ જણ જોણ્હ કરંતિ.

['અમે થોડા છીએ, શત્રુઓ ઘણા છે'—એમ તો કાયર લોકો કહે છે. હે મુગ્ધા! ગગનતલમાં જો કે જ્યોત્સ્ના કોણ કરે છે. (તારા ઘણા છે અને ચંદ્ર એક છે, છતાં ચંદ્રથી જ જ્યોત્સ્ના થાય છે.)]

(૮) વર્ષાઋતુના પથિકો વિષે :

હિઅઇ ખુડુક્કઇ ગોરડી, ગયણિ ધુડુક્કઇ મેહુ;
વાસા-રત્તિ-પવાસુ અહં, વિસમા સંકડુ એહુ.

[હૈયામાં ગોરી ખટકે છે અને ગગનમાં મેઘ ધડુકે છે. વર્ષાની રાત્રિના પ્રવાસીઓને આ વિષમ સંકટ છે.]

(૯) પુત્રજન્મની સાર્થકતા :

પુત્તેં જાએં કવણુ ગુણુ, અવગુણુ કવણુ મુએણ;
જઇ બપ્પિકી ભુંહડી, ચંપિજ્જઇ અવરેણ.

[જો બાપિકી ભોંય બીજા દબાવી પડે તો પુત્રના જન્મથી ગુણ શો ? ને મરણથી અવગુણ પણ શો ?]

(૧૦) કોઇ નવોઢાનો પોતાની સખીને પ્રશ્ન :

ભણુ સહિ નિહુઅઉં તેવં મઇં, જઇ પિઉ દિટ્ઠુ સદોસુ;
જેવઁ ન જાણઇ મજ્ઝુ મણુ, પક્ખાવડિઅં તાસુ.

[હે સખિ ! મારા પિયુમાં તેં કંઈ દોષ જોયો હોય તો, એના પ્રત્યે પક્ષપાતવાળું મારું મન જાણે નહિ તેમ, ગુપ્તરીતે મને કહે.]

(૧૧) સ્નેહ અને સ્નેહના અભાવ વિષે :

તિલહં તિલત્તણું તાઉં પર, જાઉં ન નેહ ગલન્તિ;
નેહ પણટ્ઠઇ તેં જિ જ તિલ, તિલ ફિટ્ટિવિ ખલ હોંતિ.

[તલનું તલપણું ત્યાં સુધી જ કે જ્યાં સુધી એમાંથી સ્નેહ-તેલ ગળી જતું નથી. સ્નેહ નાશ પામે એટલે તે જ તલ તલ મટીને ખળ (અથવા દુષ્ટ) બને છે.]

(૧૨) સ્વમાન જાળવવા વિષે :

માણિ પણટ્ઠઇ જઇ ન તણુ, તો દેસડા ચઇજ્જ;
મા દુજ્જણુ-કર-પલ્લવેહિં, દંસિજ્જંતુ ભમિજ્જ.

[માન જતાં શરીરનો ત્યાગ ન થઈ શકે તો એ પ્રદેશનો ત્યાગ કર; પરન્તુ દુર્જનો આંગળી કરે એ સ્થિતિમાં તો ત્યાં ભમીશ નહિ.]

(૧૩) દેશની રમણીયતા શેનાથી ?

સરિહિં ન સરેહિં ન સરવરેહિં, નવિ ઉજ્જાણુ-વણેહિં;
દેસ રવણ્ણા હોન્તિ વઢ, નવસંતેહિં સુઅણેહિં.

[નદીઓથી, સરોવરોથી અથવા ઉદ્યાનો અને વનોથી નહિ, પણ હે મૂર્ખ ! ત્યાં વસતા સુજનોવડે દેશ રમણીય બને છે.]

(૧૪) પોતાના હૃદય પ્રત્યે વિરહિણીની ઉક્તિ :

હિઅડા પઇં એહુ બોલ્લિઅઓ, મહુ અગ્ગઇ સય વાર;
ફુટ્ટિસુ પિએ પવસંતિ હઉં, ભંડય ઢક્કરિ સાર.

[હે હૃદય ! તું મારી આગળ સેંકડો વાર એમ બોલ્યું હતું કે 'પિયુ પ્રવાસે જશે એટલે હું ફૂટી જઇશ.' પણ તેં અદ્ભુત ઢોંગ કર્યો—હજી પણ ફૂટયું નહિ.]

(૧૫) કોઇ એકલવીરની પ્રતિજ્ઞા :


હિઅડા જઇ વેરિઅ ઘણા, તો કિં અબ્ભિ ચડાહું;
અમ્હાહિં બે હત્થડા, જઇ પુણુ મારિ મરાહું.

[હે હૃદય ! વેરી ઘણા છે, તો શું આકાશમાં ચડી જઈશું ? અમારે ય બે હાથ છે; મરીશું તો પણ મારીને મરીશું.]

(૧૬) સુખનો માર્ગ :

દેવં દુક્કરુ નિઅય-ધણુ, કરણુ ન તઉ પડિહાઇ;
એમ્વઇં સુહુ ભુંજણહ મણુ, પર ભુંજણહિં ન જાઇ.

[પોતાનું ધન દેવાનું—દાન આપવાનું દુષ્કર છે અને તપ કરવાનું ગમતું નથી; એમ સુખ ભોગવવાનું મન છે, પણ ભોગવાતું નથી.]



'કુમાર'ના નામાક્ષરોમાં વિવિધ આકૃતિઓ

'કુમાર'ના પૂઠા પર વિવિધ આકૃતિઓમાં આવતા નામાક્ષરો જોઈને અનેક વાચકોએ એવા પ્રયત્નો મોકલ્યા છે. તેમાંની ચૂંટણી આ ઉપર આપી છે. ડાબી બાજુ મથાળેથી (૧) ભાઈ પ્રમોદ પટેલે યોજી મોકલેલી હાથમાં રાષ્ટ્રધ્વજ ધારેલી માનવ આકૃતિ (૨) ભાઈ દિલીપ બક્ષીએ બે રાષ્ટ્રધ્વજોમાં તેમજ તેને બાંધતી પાન-આકૃતિમાં બેવડી રીતે 'કુમાર' અક્ષરો સંયોજ્યા છે અને (૩) તુલસીક્યારામાં એવી જ રચના કરી છે. (૪) મકાનની આકૃતિમાં ભાઈ દલપતભાઈ દેસાઇએ કરેલી અક્ષરરચના છે. જમણી બાજુ મથાળેથી (૧-૨-૩) ભાઈ છગનલાલ (ગાંગપુર) મશાલની જ્યોતમાં અને પક્ષીમાં; વચ્ચે (૪) ભાઈ 'માથુર' પોપટની આકૃતિમાં; (૫) ભાઈ અંબુ પીરાવળ પતંગમાં; (૬) ભાઈ જયરામ પટેલ બે હંસમાં અને છેડે (૭) ભાઈ એમ. પી. ભાવસાર માછલીની આકૃતિમાં 'કુમાર'ના નામાક્ષરો આલેખી મોકલે છે તે આપ્યાં છે. આ પ્રકારની રચનામાં પહેલો નિયમ સુવાચ્યતાનો જળવાવો જોઇએ. વાંચનની સરળતાને ભોગે કળા ન થાય.

સ્કંભતીર્થની સરસ્વતી

પ્રાચીન ખંભાત અને પુરાણ-કાળની સરસ્વતીનું એક કલ્પનાદર્શન

લેખક · **યશોધર નર્મદાશંકર મહેતા** બેરીસ્ટર-ઍટ-લૉ.

ખંભાતની કહાણી એટલે સૈકડો નહિ, પરંતુ હજારો વર્ષની ઐતિહાસિક, પ્રાગૈતિહાસિક કે પૌરાણિક વિગતો ઉપર સમગ્ર દૃષ્ટિપાત. વૈદિક ગાથાઓ અને પૌરાણિક કથાઓની પાછળ રહેલી સાચી સૃષ્ટિની કલ્પના કરવાનું સાહિત્ય આપણને મોહેં-જો-દરો અને હડપ્પામાંથી નીકળી આવેલા અવશેષોએ પૂરું પાડ્યું. પાર્જિટરે કહેલું કે પુરાણો એ ઠંડા પહોરનાં ગપ્પાં નથી, પરંતુ ખરી હકીકતોનું, યથેચ્છ કલ્પનાવિહાર સાથેનું કથન છે. પાર્જિટરની એ સંભાવનાને પુરાણોનો વિશેષ અભ્યાસ કરવાથી તથા મોહેં-જો-દરોની શોધખોળથી ટેકો મળે છે.

હિંદનો પશ્ચિમ કિનારો,—જ્યાં સિંધુ ને સરસ્વતીનાં મુખ હતાં, તે આખો યે કિનારો—અસુરોનો હતો. આ અસુર તે જંગલી ક્રૂર માણસો અગર પશુઓ નહિ, પરંતુ સંસ્કૃતિની ઊંચી કક્ષાએ પહોંચેલી એક પ્રાચીન અને સત્તાશીલ જાતિ. આ જાતિને આર્યો સાથે અનેક સૈકાઓ સુધી અનેક યુદ્ધો થયાં. એમાં અંતે આર્ય જાતિનો વિજય થયો તે સાચું; પરંતુ સંસ્કૃતિની બાબતોમાં તો અસુરો આર્યો કરતાં પણ ચડિયાતા હતા, એટલે આર્યો ભલે જીતવા આવેલા, પરંતુ સંસ્કૃતિની દૃષ્ટિએ તો પોતે જિતાયા. 'દેવાસુર સંગ્રામ'-ની ઐતિહાસિકતાનો વિચાર કરતાં આ હકીકત પૂરી સમજાય છે અને તેમાંથી એટલું ફલિત થાય છે કે છેવટે આર્ય અને અસુર જાતિઓના મિશ્રણથી હિંદુસ્તાનમાં એક વિશિષ્ટ સંસ્કૃતિનો ઉદય થયો. પરંતુ આ અતિ પ્રાચીન હકીક્ત ઉપરથી આપણે હવે ખંભાતની હકીકત ઉપર આવીએ.

અસુરોની એક પેટાજાતિનું નામ 'નાગ' હતું. આ નાગ લોકો પણ આપણા જેવા મનુષ્યો જ હતા. એ લોકો મોટી નદીઓ અને સમુદ્રોમાં વહાણવટું કરતા, એટલે તેમનો વસવાટ નદીકિનારે તથા સમુદ્રતટે હોય તે સ્વાભાવિક છે. આ નાગ લોકો જ્યાં રહેતા તે ભૂમિને 'પાતાલ' એવું નામ પુરાણોની પરંપરાથી મળ્યું છે. આ 'પાતાલ' કયું? 'ખંભાતનો ઈતિહાસ' લખાનાર શ્રી રત્નમણિરાવની સંભાવના એવી છે કે આ 'પાતાલ' તે સિંધુ તથા સરસ્વતીના મુખપ્રદેશ, તથા તેની અંદરના તેમજ આજુબાજુના ટાપુઓ. શ્રી રત્નમણિરાવની આ સંભાવનાની પાછળ સબળ આધારો અને ઊંડું પૃથક્કરણ છે. અસુર સંસ્કૃતિ, પાતાલ, નાગ જાતિ, સરસ્વતીનું મૂળ ખંભાત આગળની ભોગવતી વા અસુરોની નગરી, શૈવ સંપ્રદાય તથા લિંગપૂજા સાથે આ ભૂમિનો પરાપૂર્વનો સંબંધ,—એ બધી બાબતોની એમણે કરેલી અત્યંત રસપૂર્ણ, સુંદર અને શાસ્ત્રીય ચર્ચાનો લાભ લેવાની જેમની ઈચ્છા હોય તેમણે એ વિદ્વાન લેખકનો લખેલો 'ખંભાતનો ઈતિહાસ' વાંચવા જેવો છે.

ખંભાત ગુજરાતની દક્ષિણે ખંભાતના અખાત પર ઊભેલું પ્રાચીન બંદર છે. આ અખાત સૈકાઓથી પુરાતો ચાલે છે, ને એ ઘટનાના પરિણામે એક કાળનું સમૃદ્ધ ને આબાદ ખંભાત આજે તો લગભગ પડી ભાંગ્યું છે. ખંભાતની પાસે થઈને ત્યાંના અખાતમાં બે નદીઓ મળે છેઃ એક મહી અને બીજી સાબરમતી. એ અખાત, ભરતીના જોર માટે છેક પ્રાચીન સમયથી જાણીતો છે. એનાં મોજાં ઉન્મત્ત યોદ્ધાઓની માફક અનેક ફીટ ઊંચાં ઉછળે છે, અને પાણીનો પ્રચંડ પર્વત જાણે ધસી આવતો હોય તેમ અખાતનો જલરાશિ ધસે છે.

હજારો વર્ષથી ઘસડાઈ આવતા કાંપ અને કાદવથી આ અખાત જે પુરાતો જાય છે તે આખી યે બીના ઘણી રસમય, ને ઐતિહાસિક દૃષ્ટિએ ઘણા મહત્ત્વની છે. બેશક, ખંભાતની એ કરુણ કહાણી પણ છે. આ અખાતમાં મહી અને સાબરમતી ઉપરાંત નર્મદા અને તાપી જેવી મોટી નદીઓ પણ પડે છે, પરંતુ અખાતને પૂરવાનો ગુનો તો ફક્ત મહી-સાબરમતીએ જ કર્યો છે. અને હવે આપણે એક વિચિત્ર તથા રોમાંચક ઘટના ઉપર આવીએ.

ભારતની ભૂમિના ઇતિહાસમાંની એ અભૂતપૂર્વ ઘટના તે સરસ્વતી જેવી એક મહા નદીનું અલોપ થવું તે. આ સરસ્વતી જે વેદકાળ અને મહાભારતકાળની સૌથી વિશેષ પવિત્ર, વિશાળ અને મહત્ત્વની નદી ગણાતી તે ક્યાં થઈ ક્યાં પડતી હતી, ક્યાં અને ક્યારે અદૃશ્ય થઈ ગઈ, કેમ અદૃશ્ય થઈ ગઇ, એ પ્રશ્નો ભૂલભુલામણી જેવા છે. એ સરસ્વતીની સ્તુતિઓ વેદની ઋચાઓમાં છે અને પાછળથી તેને 'વાક્દેવી' તરીકે પૂજવામાં આવી છે. એ સરસ્વતીનો હવે આપણે વિચાર કરીએ.

'સરસ્વતી'નો અર્થ 'જળથી ભરપૂર' એવો થાય છે. તે હિમાલયથી તે સમુદ્ર સુધી એકધારા અસ્ખલિત પ્રવાહથી વહેતી અને એના વક્ષઃસ્થલ ઉપર ઉત્તરથી તે છેક દક્ષિણે સમુદ્ર પર્યંત અનેક વહાણો આવજા કરતાં. એના બંને કિનારાઓ સુંદર આશ્રમોથી ને વનરાજિથી શોભતા અને એનાં પુણ્ય સલિલોથી મનુષ્યો કૃતકૃત્ય બનતાં અને પશુપંખીઓ સંતુષ્ટ થતાં. એના તટ પરના મહર્ષિઓના એ આશ્રમોમાંથી વેદની ઋચાઓનાં ગુંજન થતાં, અને વનરાજિમાંથી નિર્દોષ પંખીઓના કલરવો તેમજ શાર્દૂલની ગર્જનાઓ પણ સંભળાતાં. આઘે આઘે અનાજથી ભર્યાં ખેતરોમાં કો ગ્રામકન્યાઓ કંઠ ભરીને ગાતી અને સરસ્વતીની છાતીએ છાતીએ રમતાં નાવમાંના નાવિકો કિનારે વિહરતી ગ્રામમુગ્ધાંગનાઓને નિહાળી પ્રેમગીતો લલકારતા. એ ગીતોમાં અને પ્રેમકલ્લોલમાં ભગવતી સરસ્વતી પણ તલ્લીન થતાં અને નાવના પાર્શ્વ ભાગોમાં ભગવતીનાં પાણી જ્યારે અથડાતાં ત્યારે ૐકારની જાણે પ્રત્યેક માત્રા ગુંજતી હોય તેમ ગુંજાર થતો અને મર્ત્યોના પ્રણયગીતમાં પરમાત્માના પ્રણવગીતના સંચાર થતા. વાતાવરણની આવી નાદમસ્તીમાં વહાણો સંચરતાં અને સૂર્યના ઉદય તથા અસ્તથી ભગવતીનાં પાણી અનેક રંગોથી રંગાતાં. ચંદ્ર જ્યારે પ્રકાશતો ત્યારે, કોઇ નમ્ર અને શરમાળ નવયુવાન પોતાની પ્રિયતમાને જેમ હૃદયનાં પડે પડ ખોલીને સંબોધે તેમ પોતાનો સઘળો પ્રકાશ ભગવતીના અંગપ્રત્યંગમાં તે પૂરતો. સરસ્વતી ને ચંદ્રમૌલિની આ ભાવસમાધિથી આશ્રમોના તપોનિધિઓને આત્મરતિ સાંપડતી ને રસનિધિઓને રસદર્શન થતાં. કવિજનો કવતા, પ્રેમીજનો પ્રેમલીન થતા, ને નાવમાં બેઠેલો કોઈ ક્રાંતદર્શી આત્મા મહાકાલને પ્રેરતી મહામાયાનો વિચાર કરી ભગવતી સરસ્વતીના ભૂતભાવિનું માનસિક ચિત્ર ઊભું કરતો.

હજારો વર્ષો સુધી આમ ચાલ્યું, અને સહસા એક બનાવ એવો

બન્યો કે ઉપરનું બધું હતું ન હતું થઇ ગયું. એક ભયંકર ભૂકંપ થયો અને સરસ્વતી ભૂગર્ભમાં પ્રવેશ્યાં. આખી સૃષ્ટિ ફરી ગઈ અને સમૃદ્ધ નગરો, હરિયાળાં ખેતરો, મનોરમ આશ્રમો,—એ બધું કોઈ સમર્થ મહાયોગીની માયા જેવું અલોપ થઇ ગયું. એની જગા એક નવી સૃષ્ટિએ લીધી, અને તે સૃષ્ટિ તે રાજપુતાના અને થરપારકરનાં રણ તથા સરસ્વતીના મુખ આગળનું ખંભાતનું રણ.

આ સરસ્વતીના પ્રવાહ વિષે વિદ્વાનોમાં ભારે મતભેદ છે. એ મતભેદો સાથે આપણને નિસ્બત નહિ હોવાથી અહીં ફક્ત એટલું જ કહીશું કે સરસ્વતી કચ્છના રણમાં શમી જતી તે વાત બરાબર નથી, કેમ કે તે હકીકતની વિરોધી હકીકતો પ્રમાણમાં ઘણી છે. શ્રી રત્નમણિરાવ અનેક હકીકતોનું પૃથક્કરણ કરી એવા ચોક્કસ મંતવ્ય ઉપર આવે છે કે ખંભાતનો અખાત પોતે જ સરસ્વતીનું પહોળું થઈ ગએલું મોં છે. આ નિર્ણય ઉપર તે ઘણી જ ચોક્કસાઇથી આવે છે અને તમામ બીનાઓને શાસ્ત્રીયરીતે ચર્ચી, તોળી, વિચારીને તે આ બાબતની વિસ્તૃત ચર્ચા કરે છે અને જે ધરતીકંપ થએલો તે વડવાનલના પરિણામે હતો તેમ જણાવે છે.

તે લખે છે કે 'વડવાનલ અથવા જ્વાલામુખી અને ધરતીકંપને લીધે તેમજ અતિવૃષ્ટિને લીધે પશ્ચિમ હિંદની નદીઓમાં જે મોટા ફેરફાર થઇ ગયા તેમાં કેટલીક મોટી નદીઓના પ્રવાહ બદલાયા; ઉપરાંત કેટલીક નદીઓના ટુકડા પણ થઇ ગયા. સરસ્વતી આખી લુપ્ત થયાથી એને મળનારી કેટલીક નદીઓ સિંધુને અને ગંગાને મળી. નીચાણના રેતાળ પ્રદેશમાં એના ટુકડા પણ થઇ ગયા, અને ગુજરાતમાં બનાસ, પાટણની સરસ્વતી, સાબરમતી વગેરે નદીઓ બની ગઈ. આમ, પ્રાચીન સરસ્વતીની બધી પરંપરાઓ આ બધા પ્રદેશમાં વહેતી નદીઓને ઓછીવધતી લાગુ પડી અને એનાં તીર્થો એ બધી નદીઓને વહેંચી લીધાં'. શ્રી રત્નમણિરાવની આ સંભાવનાની પાછળ એક જ વિષયનાં પ્રમાણો નથી, પરંતુ વૈદિક ઉલ્લેખો, પુરાણોની કથાઓ, પરંપરાગત હકીકતો, ભૂસ્તરશાસ્ત્રીઓના અને ભૂગોળવેત્તાઓના અભિપ્રાયો, એ બધાની તુલના, પૃથક્કરણ અને સારદોહન પછીની એકવાક્યતા છે.

આ હકીકતો લક્ષમાં લેતાં એમ સમજાય છે કે ખંભાતનો અખાત તે સરસ્વતીનું પહોળું થયેલું મોં અને તે નદી ઉપરનું શહેર તે ખંભાત,—પ્રાગૈતિહાસિક સમયની' ભોગવતી' ને પછીની 'ત્રંબાવતી' નગરી, અને ત્યાર બાદનું 'ખંભાયત.' પણ આ બંનેથી યે પ્રાચીન નામ તે ''સ્કંભતીર્થ''; કેમકે 'સ્કંભ' એટલે શિવનું જ્યોતિર્લિંગ; ને 'સ્કંભ'ની પૂજા અસુરોમાં બલ્કે હિંદના પશ્ચિમ કિનારાની પ્રાચીન જાતિમાં પ્રચલિત હતી.

આમ ખંભાત અત્યંત પ્રાચીન સ્થાન છે અને 'સ્કંભતીર્થ'ની જ જગ્યા છે એવું એ વિદ્વાનનું માનવું છે. તો પછી એ નગરને 'ભોગવતી' નામ શાથી આપવામાં આવ્યું હશે? રત્નમણિરાવ એ ઉપર નીચે પ્રમાણે વિચાર કરે છેઃ 'આ નામ જો ખરેખર પ્રાચીન હોય તો પૌરાણિક પરંપરાની દૃષ્ટિએ તેને શોધવું પડે. પુરાણોમાં પાતાલમાં આવેલી નાગ લોકોની રાજધાનીને 'ભોગવતી' કહેલી છે અને ખંભાતનું નામ લોકપરંપરાથી 'ભોગવતી' કહેવાય છે,' એમ જણાવી શ્રી રત્નમણિરાવ પાતાલ એટલે સિંધુ તથા સરસ્વતીના મુખ-પ્રદેશો, એની ચર્ચા કરે છે અને 'નાગલોકની' વાત છેડે છે. પુરાણોમાં આ પાતાલનું ઘણું મનોરમ વર્ણન છે. પાતાલમાં સુંદર ઉદ્યાન-પ્રાસાદો ને વિહારસ્થાનો છે, તેની આબોહવા સમશીતોષ્ણ છે અને તેની સમગ્ર શોભા સ્વર્ગ કરતાં પણ ચડિયાતી છે, એવાં અનેક વર્ણનો એમાં આવે છે. આ પાતાલમાં નાગલોકોની વસતિ હતી ને તે અસુર જાતિની એક પેટાજાતિ હતી. એ નાગલોકોના ઇષ્ટ દેવ તે હાટકેશ્વર. એ જાતિનો મોટો ભાગ સમુદ્રકાંઠે વસતો અને વહાણવટું કરતો. મહાભારતમાં સમુદ્રને નાગાનાં આલય કહેલો છે. મહાવંશમાં સમુદ્રના રાજા વરુણને અને સાગરને બંનેને નાગરાજ નામથી ઓળખાવવામાં આવ્યા છે. વળી સ્કંદપુરાણમાં વરુણ દેવતા તારક નામના અસુર સાથે યુદ્ધ કરવા નાગ ઉપર બેસીને આવ્યા એવો ઉલ્લેખ છે. પુરાણો પ્રમાણે આ યુદ્ધ ખંભાત પાસે થયું અને જ્યાં તારકાસુરનો વધ થયો તે જગ્યા તે ખંભાત આગળનું તારાપુર. આ બધી હકીકતો એટલું સ્પષ્ટ કરે છે કે ખંભાતની ભૂમિ તે પ્રાચીન સરવસ્તીનું મુખ; ત્યાંની વસતિ શૈવ સંપ્રદાયના અસુરોની; ત્યાંના લોક સમુદ્ર અને સરસ્વતી ઉપર વહાણવટું કરતા; તે ભૂમિ ઉપર આર્યો તથા અસુરો વચ્ચે અનેક યુદ્ધો થએલાં; અસુરોના વહાણવટા અને નૌકાસૈન્યથી આર્યો વારંવાર પરાજિત થતા; નાગલોકો તે એ અસુરોની જ એક પેટાજાતિ અને તેમનો વિશિષ્ટ ધંધો વહાણવટું હતો, આ અસુરો તથા નાગો સિંધુ અને સરસ્વતીના તમામ પ્રદેશોમાં પ્રસરેલા હતા—બલ્કે છેક ગુજરાતથી તે પંજાબ ને કાશ્મીર સુધી હતા, પરંતુ હારતાં હારતાં તેમને છેવટે સિંધુ અને સરસ્વતીના મુખપ્રદેશો ઉપર અને ત્યાંથી છેક દક્ષિણે નાસી છૂટવું પડેલું; અને આ આર્યો અને અસુરો છેવટે સેળભેળ થઇ ગયા, સંસ્કૃતિઓનો વિનિમય થયો, શિવપૂજા વૈદિક ધર્મમાં આવી, તેના ચુસ્ત અનુયાયીઓ આર્યોમાં છેક ઊંચી કક્ષાના બ્રહ્મદેવ લેખાયા, અને લોહી તથા સંસ્કૃતિના પરસ્પર મિશ્રણથી પૌરાણિક સમયની અને તે અગાઉની હિંદુ પ્રજાનું વિશિષ્ટ ઘડતર થયું.

ખંભાત અને તેની આજુબાજુના પ્રદેશનું બલ્કે પાતાલ અને ભોગવતીનું વર્ણન મહાભારતમાં પણ મળી આવે છે. સિંધુ અને સરસ્વતીના મૂળથી નીચે ઊતરી આવવું એટલે પાતાળમાં જવું એમ સમજીએ તો 'ફલાણો નાગ પાતાળમાં પેસી ગયો.' એ અર્થ બરાબર સમજી શકાય. ભોગવતી તે પાતાલની નગરી અને નાગલોકની રાજધાની, એ બંનેનો વિચાર કરતાં ખંભાત નાગલોકોની રાજધાની ઠરે. વળી 'ભોગવતી' એ સરસ્વતીનું પણ નીચલા પ્રવાહનું નામ; એટલે ભોગવતી તે જ ખંભાત, તેમ માનવાને બહુ હરકત નથી.

ઉપરની વિગતોથી એ સિદ્ધ થયું કે ખંભાત એ વૈદિક અને તેથી પણ પ્રાચીન સંસ્કૃતિનું મથક છે અને એની મહત્તાની સાખ હજારો વર્ષનો અવિચ્છિન્ન ઇતિહાસ પૂરે છે. હવે આપણે ઐતિહાસિક બલ્કે અર્વાચીન વિગતો તપાસીએ.

જ્યારે સોલંકી સત્તા ગુજરાતમાં શિખરે હતી ત્યારે ખંભાત સારા યે હિંદમાં સૌથી મોટાં બંદરોમાંનું એક ગણાતું. અસલથી તે શૈવ તીર્થ તો હતું જ, પરંતુ પછીથી જૈનોનું કેન્દ્ર પણ બન્યું. સમર્થ જૈનાચાર્ય હેમચંદ્રસૂરિએ ખંભાતમાં દીક્ષા લીધેલી. આ સમયમાં ગુજરાતના રાજાઓનું નૌકાસૈન્ય ખંભાતમાં રહેતું. જૈનોની જાહોજલાલીનું ખંભાત ક્ષેત્ર બન્યું અને ઉદયનમંત્રી તથા વસ્તુપાલ જેવા સમર્થ જૈન મુત્સદ્દીઓ અને યોદ્ધાઓએ ખંભાતના ઇતિહાસમાં નોંધ લેવાય તેવાં પ્રકરણો ઉમેર્યાં. વસ્તુપાલ જ્યારે ખંભાતનો દંડનાયક હતો ત્યારે—ઈ. સ.ના તેરમા સૈકામાં ખંભાતને સોનાનાં નળિયાં હતાં તેમ કહીએ તો ચાલે. એ કાળે તે હિંદનું સર્વશ્રેષ્ઠ બંદર ગણાતું અને અનેક દેશોનાં વહાણો ત્યાં ઊભરાતાં. દરિયાપારના દેશો સાથે ગુજરાતને ત્યારે સ્વતંત્ર સંબંધ હતો અને તે ખંભાત દ્વારા થતો. એ પછી પશ્ચિમનો મહાન પ્રવાસી માર્કોપોલો

નિકલ

શ્રેષ્ઠ યાંત્રિક ગુણો ધરાવતી ગમે તેવા વિષમ હવામાનમાં પણ ન કટાતી ધાતુ

એની ખૂબી તો એ છે કે વિવિધ ધાતુઓમાં વધતાઓછા પ્રમાણોમાં કરેલું તેનું મિશ્રણ તેતે ધાતુમાં અનેક નવા ને અદ્ભુત ગુણો ઉપજાવે છે.

લેખક - ડૉ. **નરસિંહ મૂ. શાહ** એમ.એસસી., પીએચ.ડી.

નિકલ એટલે ખોટું તાંબુ. નિકલનું ખનીજ તાંબાના ખનીજને બરાબર મળતું આવે છે. પણ એના ખનીજમાંથી તાંબુ કાઢવાના બધા પ્રયાસ નિષ્ફળ નીવડતાં, જર્મનીના ખાણિયાઓએ ઉપહાસમાં એનું નામ 'કુપ્ફર નીકલ' (એટલે ખોટું તાંબુ) પાડયું. સંસ્કૃતમાં પણ નિકલને 'પિશાચ-તામ્ર' કહે છે. નિકલ ધાતુ સૌ પ્રથમ ૧૭૫૧માં તેના ખનીજમાંથી છૂટી પાડવામાં આવી. તે પછીના બે દસકામાં તો કાંઇ પ્રગતિ ન થઈ શકી, પરંતુ ૧૭૭૪માં બર્ગમાને નિકલના ગુણધર્મનો વિશેષ અભ્યાસ કર્યો. જોકે એમ તો છેક ઈ. સ. પૂર્વે ર૩પ વર્ષના જૂના સિક્કાઓમાં પણ નિકલનું અસ્તિત્વ માલૂમ પડે છે, એટલું જ નહિ પણ એથી યે પ્રાચીન કાળમાં ચીનમાં પણ નિકલ ધાતુનો ઉપયોગ થતો એમ પુરવાર થયું છે.

નિકલના ખનીજમાં નિકલ ઉપરાંત લોઢું, કોબાલ્ટ, ગંધક અને સોમલ સંયોજનના રૂપમાં હોય છે. તેમાંથી નિકલ ધાતુ કાઢવાની રીત ખૂબ અટપટી છે, અને તેમાં અનેક ક્રિયાઓ કરવી પડે છે.

આ સદીની શરૂમાં દક્ષિણ પૅસિફિકમાં ન્યૂ કૅલેડોનિયાની ફ્રેન્ચ વસાહત દુનિયાને નિકલ પૂરું પાડતી. પરંતુ પછી પરિસ્થિતિ બદલાઈ છે. કૅલેડોનિયાની પેદાશ માત્ર હવે છ ટકા જેટલી જ આવે છે, અને આજે તો દુનિયાની અત્યારની નિકલની પેદાશનો ૮૯ ટકા ઉપરાંત કૅનેડામાં ઑન્ટારીઑના સડબરી જિલ્લામાંની જ ખાણો પૂરો પાડે છે. લગભગ એ બધી ખાણો કૅનેડાની ઇન્ટરનૅશનલ નિકલ કંપનીની માલિકીની છે. આ ઉપરાંત નૉર્વે અને સોવિયેટ રશિયામાં તેમજ ફિન્લૅન્ડમાં પણ નિકલનાં ભરાણો આવેલાં છે; પરંતુ અત્યાર સુધી ઉત્પાદનમાં તેઓ અગત્યનો હિસ્સો આપતાં નથી.

રસોઇમાં જેમ ચપટી મીઠું અગત્યનો ભાગ ભજવે છે: એક ચપટી જ મીઠું જેમ રસોઇને સ્વાદિષ્ટ બનાવે છે, એવું જ નિકલની બાબતમાં છે. સામાન્ય માણસનું મન નિકલ એટલે નિકલ-પ્લેઇટિંગ (ઢોળ ચઢાવવા)માં અને ચલણી નાણાં તરીકે સિક્કાની બનાવટમાં ઉપયોગી ધાતુ. પણ તેમાં તો નિકલની પેદાશનો માત્ર ૧૦ ટકા ભાગ જ વપરાય છે. પરંતુ એથી વિશેષ મહત્તાપૂર્ણ એનું સ્થાન તો ઉદ્યોગોમાં છે. મિશ્ર ધાતુઓમાં નિકલનો ઉપયોગ અપૂર્વ અને કિંમતી ગુણો લાવી શકે છે. એ મિશ્ર ધાતુઓની વિવિધ બનાવટોમાં એક ટકાથી માંડીને ૯૦ ટકા સુધીના પ્રમાણમાં નિકલ વપરાય છે.

અત્યારે દુનિયામાં નિકલનું ઉત્પાદન લગભગ ૧૧૦ હજાર ટન ઉપરાંત છે. તેમાંથી ૬૦ ટકા નિકલ તો એકલી ગજવેલની બનાવટના ઉદ્યોગમાં ખપે છે. ગજવેલમાં બે ટકા નિકલ મેળવવાથી કાંઈ ફાયદો થતો નથી, પરંતુ એ પ્રમાણ ચાર ટકા સુધી પહોંચે તો ગજવેલની તણાવાની શક્તિ(tensile strength)માં અજબ ઉમેરો થાય છે. એથી ગજવેલના તાર જલદી કાટ ખાતા નથી તેમજ તેમનો ઘસારો ખૂબ ઓછો આવે છે. નિકલનું પ્રમાણ જો દસ ટકા થાય તો ગજવેલ પોચી બને છે; પરંતુ ૧૩ ટકા નિકલવાળી ગજવેલ એવી તો મજબૂત અને કઠણ બને છે કે તેને કાપી શકાતી નથી તેમજ તેના પર સારડી પણ કામ કરી શકતી નથી. ૨૪ ટકા નિકલનો ઉમેરો કરવાથી લોઢું ચુંબકત્વનો ગુણ ગુમાવે છે અને એ પ્રમાણ ૩૨ ટકા સુધી લઈ જવાથી તો પછી એ મિશ્ર ધાતુમાંથી વિદ્યુતના પ્રવાહને પણ પસાર થતાં ખૂબ પ્રતિરોધ (resistance) નડે છે. આવી ધાતુ વીજળિક રૅડીએટરો, ટોસ્ટરો વગેરેની બનાવટમાં તારનાં ગૂંચળાં માટે વપરાય છે. ૩૬ ટકા નિકલવાળી ગજવેલમાં એક અદ્ભુત ગુણ પેદા થાય છે. સામાન્ય ઉષ્ણતામાનના ફેરફારોની તેના પર જરાય અસર થતી નથી. આને 'ઇન્વાર' ધાતુ તરીકે ઓળખવામાં આવે છે અને ફુટપટી તથા બીજાં એવાં માપવાનાં સાધનોની બનાવટમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. બખ્તર, તોપ, ગોળીઓનાં ખોખાં અને દરિયાઇ સરંજામના અનેક ભાગોની બનાવટમાં નિકલવાળું આવું ગજવેલ અતિ મહત્ત્વનું અને ઉપયોગી નીવડયું છે.

લોહ ઉપરાંત બીજી ધાતુઓમાં પણ નિકલની મેળવણી થાય છે. ત્રાંબા સાથે નિકલ મેળવવાથી જે મિશ્ર ધાતુ પેદા થાય છે તેમાં અતિશય મજબૂતાઇ અને કાટ સામે ટકવાનો ગુણ આવે છે. એટલે તે કન્ડેન્સર ટયૂબો, દરિયાઇ સરંજામ, વીજળીરોધક તારો તથા સિક્કાઓની બનાવટમાં તેમજ બીજા નાનામોટા વ્યવહારુ ઉપયોગોમાં પુષ્કળ વપરાય છે. ચાર ભાગ ત્રાંબું અને એક ભાગ નિકલવાળી ધાતુ રાઈફલની ગોળીઓને પટ દેવા માટે કામમાં આવે છે.

૬૦ ટકા નિકલ, ૧૫ ટકા લોઢું ને ૧૪ ટકા ક્રોમિયમ મેળવીને બનાવેલી મિશ્ર ધાતુ નિક્રોમ કહેવાય છે. તેનું ગલનબિંદુ અતિશય ઊંચું છે, એટલે તે વીજળિક હીટરોની બનાવટમાં તેમજ અતિશય ગરમીએ ચાલતી વીજળિક ભઠ્ઠીઓમાં વપરાય છે.

ત્રાંબા અને નિકલની સાથે જસત (૫: ૨: ૨ ના પ્રમાણમાં) મેળવવામાં આવે તો જર્મન-સિલ્વર બને છે. નિકલ અને ઍલ્યુમીનિયમવાળી મિશ્ર ધાતુ એરોપ્લેન, મોટરનાં એન્જિનો અને એવાં બીજાં એન્જિનીઅરિંગનાં કાર્યોમાં વપરાય છે. વસ્તુત: નિકલના ઉત્પાદનનો ૮૫ ટકા જેટલો ભાગ આમ અન્ય ધાતુઓ સાથે મેળવાઇને ઉપયોગી મિશ્ર ધાતુઓની બનાવટમાં ખપી જાય છે.

હવે નિકલના સ્વતંત્ર ઉપયોગો લઈએ. શુદ્ધ નિકલ ઇલેકટ્રોપ્લેઈટિંગમાં વપરાય છે. એમાં, પહેલાં વસ્તુને નિકલપ્લેઈટ કરી તેના પર ક્રોમિયમનો પટ આપવામાં આવે છે. રાસાયનિક ને વીજળિક કામો તેમજ દુગ્ધાલયો અને પેટ્રોલ કાઢવાના ઉદ્યોગમાં પણ તેનો ઉપયોગ થાય છે. બારીક નિકલનો ભૂકો વનસ્પતિ ઘીની બનાવટમાં સંસર્ગ પદાર્થ (catalyst) તરીકે વપરાય છે. આ ઉપરાંત, બૅટરીઓ તથા ઇનૅમલોની બનાવટમાં તેમજ રાસાયનિક ક્રિયાઓમાં કસોટિયા (reagents) તરીકે નિકલના ક્ષારો ઉપયોગમાં લેવાય છે.

નિકલમાં જે વિધવિધ ઉપયોગી ગુણોનું એકીકરણ થએલું છે તે અન્ય કોઇ ધાતુમાં માલૂમ પડતું નથી. આ ધાતુ શ્રેષ્ઠ યાંત્રિક ગુણો ધરાવે છે. તેનામાં ન કટાવાનો તો અદ્ભુત ગુણ છે. ગમે તેવી વિષમ હવામાનવાળી પરિસ્થિતિમાં પણ તેને કાટ વળતો નથી, કે બીજી

કોઈ જ અસર થતી નથી. વેલ્ડિંગમાં કે કેઇસિંગમાં પણ તેના ગુણોમાં ફેર પડતો નથી. અતિ ઉષ્ણતાએ પણ તેની એ શક્તિ ટકી રહે છે. ધાતુ તરીકેના તેના આ ગુણો અતિશય ઠંડીમાં પણ વિકાર પામતા નથી. તેના પર ક્ષાર કે તેજાબ તેમજ બીજા એવા પદાર્થોની અસર થતી નથી. અતિશય મુલાયમ ખોરાક, પીણાં, દવાઓ ઈત્યાદિનું સડા તેમજ કાટ સામે રક્ષણ કરવા નિકલનો પટ આપેલા પૅકિંગનો ઉપયોગ કરવામાં આવે છે. આથી એ ચીજો ખાટા યા એવા વિકારી પદાર્થો વડે અખાદ્ય બનતી નથી. ઉપરાંત નિકલનો એક વિશિષ્ટ ગુણ તેની ઉષ્ણતાવાહકતા છે. તેની સ્વચ્છ લીસી સપાટીને લીધે તે બીજી ધાતુઓ કરતાં આ ગુણમાં ચઢે છે.

નિકલના વીજળિક ગુણો પણ તેને અતિ મહત્ત્વનું બનાવે છે. ટેલીવીઝન તથા રૅડારની બનાવટમાં તે ઘણું ઉપયોગી છે. ટેલીફોન, ટેલીગ્રાફ, રેડિયો અને બીજાં વ્યવહારનાં સાધનોમાં પણ તેનો ઉપયોગ ખૂબ થાય છે.

આપણાં ઘરોમાં પણ નિકલ હવે રોજિંદા ઉપયોગમાં આવે છે. જાતજાતનાં ઘરગથ્થુ વાસણો, તેમજ બીજાં આડકતરીરીતે ઉપયોગમાં આવતાં વીજળીનાં સાધનોની બનાવટમાં નિકલનો ઉપયોગ ઘણાં વર્ષોથી વધતો ચાલ્યો છે. આમ નિકલ એક રોજિંદા ઉપયોગની અત્યંત વ્યાપક અને અતિ મહત્ત્વની ધાતુ પુરવાર થઈ છે.

નિકલ ધાતુ ૩૪૦ ડિગ્રી નીચે લોહચુંબકીયતાનો ગુણ ધરાવે છે. આ ધાતુ પર જલદ નાઈટ્રિકની અસર થતી નથી, પરંતુ મંદ ઍસિડમાં તે સહેલાઈથી ઓગળી જાય છે અને લીલા રંગનું દ્રાવણ બને છે. આ દ્રાવણમાંથી નિકલ નાઇટ્રેટના સ્ફટિકો મેળવી શકાય છે. નિકલના ઉપયોગી ક્ષારોમાં નિકલ ક્લોરાઈડ અને નિકલ સલ્ફેટ સામાન્ય છે. નિકલ સલ્ફાઇડ કાળા રંગનું છે.

માનવ સંસ્કૃતિનો જેમ વિકાસ થતો ગયો તેમ તેમ અનુક્રમે લોઢું, તાંબું, કાંસું વગેરેનો ઉપયોગ મનુષ્યે કર્યો છે, અને એ રીતે માનવના ઈતિહાસમાં તામ્રયુગ, લોહયુગ ને કાંસ્યયુગ આવ્યા છે. આજે નિકલનો યુગ પ્રવર્તે છે એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નહિ ગણાય.

પચ્ચીસ વર્ષ પહેલાં (અનુસંધાન સામેના પાનાથી ચાલુ)

લોકવાર્તાઓ આપણા કંઠસ્થ સાહિત્યમાં છે તેમાંની એક રસમય બાળકથા આ અંકમાં આવી: 'અબોલા રાણી'. પોતાના અપશુકનિયાળ જન્મને કારણે પોતાનું મોં જોવાથી પોતાના બારે ભાઇ કાગડા બની ગયા, તેને સાત વર્ષના અબોલ જીવનની જે કઠોર તપસ્યા વડે એ બહેન સજીવન કરે છે તેની એ વાત હતી. તે સાથે આવેલું ચિત્ર એક નાના ઐતિહાસિક મહત્ત્વને કારણે આ સાથે છાપ્યું છે: શ્રી રવિશંકર રાવળે આલેખેલું એ ચિત્ર ગુજરાતી ચિત્રકળાના ઇતિહાસમાં આલેખાએલું પહેલું છાયાચિત્ર છે. (જુઓ સામે)

'ચીતરવાનું સહેલ છે' એ લેખમાળામાં આ અંકમાં એક નવો નુસખો આવેલો. એ તારવીએ:

'ઘણી યે વાર આપણે જોઇએ છીએ કે મોટાં ચિત્રો જેટલું આકર્ષણ અને શોભા આપે છે તેટલી અસર નાનાં ચિત્રોની નથી થતી.

ઘરની ભીંત ઉપર, લગ્ન વખતે મંડપમાં કે શાળાની દીવાલ ઉપર, કોઇ સુંદર ચિત્ર તમે માત્ર સાદી રેખામાં સાદા રંગથી મોટું કરી ચીતરશો તો એથી તમને અને બીજા જોનારને તે જગ્યાનું વાતાવરણ જીવતું અને ભર્યુંભર્યું લાગશે.

પરંતુ આ વસ્તુ તમે એમ જાહેરમાં અજમાવી શકો તે પહેલાં તમારે તેનો ખાનગી અભ્યાસ ઘેર પાકો કરી લેવો જોઇએ.


શરૂઆતમાં તમે જે ચિત્ર લો તે બહુ જ સાદું અને સ્પષ્ટ રેખાઓવાળું હોવું જોઇએ. પછી જેમજેમ પ્રમાણો સાચવીને દોરવાની શક્તિ આવતી જાય, તેમતેમ અઘરા નમૂના લેતા જજો. પહેલાં ચિત્રની ચોમેર કાટખૂણે લીટીઓ દોરી લેવી. પછી, એમાં ચોરસ ખાનાં પાડવાં. ચિત્ર જો સાદું અને સહેલું હોય તો મોટાં ખાનાં પાડો, પરંતુ ચિત્ર જરા અટપટું જણાય તો ખૂબ નાના ચોરસ પાડવા.

તે માટે, તમારા કંપાસની અણીઓ પહોળી કરી, ચિત્રની ચોતરફની કિનાર પર એકસરખા માપનાં બિંદુઓ મૂકીને તેને સામસામાં જોડી લીટીઓ આંકી દો, એટલે ચોરસ ખાનાં પડી રહેશે.

તમે જોઈ શકશો કે એ દરેક નાના ચોરસ ખાનાની અંદર ચિત્રનો કોઇ ને કોઈ વળાંકો જુદીજુદી રીતે સમાઈ રહેલો છે.

મૂળ ચિત્ર ઉપર આટલી તૈયારી કર્યા બાદ હવે, મૂળ કરતાં જેટલા ગણું મોટું ચિત્ર કરવું હોય તેટલા ગણો મોટો કાગળ લો. સમજો કે મૂળ ચિત્રથી ત્રણ ગણું મોટું ચિત્ર દોરવું છે, તો તેવડો કાગળ લેવો. પછી મૂળ ચિત્રમાં દોરેલાં ચોરસ ખાનાંના માપથી ત્રણ ગણો તમારો કંપાસ પહોળો કરી, મોટા કાગળની કોર પર તે માપનાં બિંદુ મૂકીને તેને સામસામાં જોડનારી લીટીઓ આંકી દો.

તમે પહોળા કરેલા કંપાસનું માપ અને તે વડે મૂકેલાં બિંદુઓ જો બરોબર હશે, તો તમે જોશો કે એ ખાનાં, મૂળના નાના ચિત્ર પર જેટલા ચોરસ છે તેટલી જ સંખ્યામાં, અને તેનાથી બરોબર ત્રણ ગણાં મોટાં અંકાઈ ગયાં છે. હવે, નાના ચિત્ર પરના દરેક ખાનામાં જે પ્રમાણેની રેખા હોય, તે પ્રમાણેની જ રેખાઓ મોટા કાગળ પરના ખાનામાં મોટા રૂપમાં નક્કી કરો. અને એ રેખા લંબાઇને તેની જોડેજોડેનાં ખાનાંઓમાં, મૂળ ચિત્રમાં હોય તે પ્રમાણે જ, ઝાંખી રેખાઓમાં પ્રમાણસર આવતી જાય છે કે નહિ તે મેળવતા જાઓ. એમ એ આખું ચિત્ર ઝાંખી કાચી રેખાઓમાં માપસર મૂકી જાઓ. પછી તે ઝાંખી રેખા ઉપર પાકી સુંદર રેખા ધ્યાનપૂર્વક દોરી જાઓ. બરોબર કાળજી રાખશો તો પહેલે જ પ્રયાસે પચાસ ટકા કામ કરી શકશો.



આ સાથે પૈડું દોડાવતા છોકરાનું એક ચિત્ર આપ્યું છે તે તદ્દન સહેલો પાઠ છે. તેઉપર ચોરસ ખાનાં પાડી રાખ્યાં છે. તે પરથી મોટા કાગળ પર મોટાં ખાનાં આંકી મોટું ચિત્ર દોરો અને તેમાં શાહી પૂરી જાઓ. આ પાઠ બરોબર કરી શકો તો પછી 'કુમાર'માં આવેલાં ઘણાં ચિત્રો ઉપરથી તમે એવાં જ મોટાં ચિત્રો દોરી શકશો.

જે પોતાને એકલો કે અસહાય ધારી નથી લેતો તેને કોઇપણ પળે વાતાવરણનું અણુયેઅણુ સહાય કરવા માટે તત્પર જ દેખાય છે. —પુ.

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૧૫ · ફાગણ ૧૯૮૧ (માર્ચ) ૧૯૨૫

આવતી કાલનો પુરુષ' એ નામથી આ અંકની 'મિજલસ'-માં એક ફકરો આવેલો. તેનો શરૂઆતનો ભાગ આજે પણ એટલો જ અર્થબોધક છે. એ અહીં ઉતારીએ:

'દૂરદૂર, ભવિષ્યના ગર્ભમાં, અગણ્ય આવતી કાલોમાં તે પડેલો છે.

આશાએ ગૂંથેલા એ ભવિષ્યના પડદા પાછળ, કો વીર સેનાની, ચારિત્ર્યશીલ નાગરિક કે દક્ષ મુત્સદ્દી, કોઇ ધુરંધર વિદ્વાન, પ્રેરક કલાકાર કે પ્રતિભાવાન કવિ-દૃષ્ટાને રૂપે તે ઢંકાએલો પડ્યો છે. ત્યાં રહ્યોરહ્યો તે બહાર આવવાની રાહ જુએ છે. કારણકે પોતાની મેળે તે ત્યાંથી નીકળી બહાર આવી શકે તેમ નથી. તેનું શરીર, તેનું મન, તેનો આત્મા, બધું, ઓ કુમાર, તારા હાથમાં છે.

ઓળખ્યો એને? એ આવતી કાલના પુરુષ તમે પોતે છો. આવતીકાલના એ પુરુષનું બંધારણ તમારા આજના જીવન ઉપર છે. આવતી કાલે તમારામાંથી એવો પુરુષ પ્રગટાવવા માટે તમે આજે કેવું જીવન જીવો છો? તેને માટે તમે શી તૈયારી કરી છે?...'

શ્રી ધૂમકેતુનું નેપોલિયન-ચરિત આ અંકમાં પૂરું થવા સાથે એક બીજું પ્રેરક ચરિત્ર પણ એમાં હતું. ગામડાનો એક રખડેલ છોકરો, હાઇસ્કૂલ કે કોલેજની ઘરેડમાંથી પસાર થયા વિના, આપબળે અસાધારણ વિદ્વાન થઇને અમેરિકન યુનિવર્સિટીમાં પાલી ભાષાનો પ્રાધ્યાપક કેમ થયો એ દર્શાવતી, બૌદ્ધધર્મના તપોમય અનુયાયીશ્રી ધર્માનંદ કોસંબીની 'આપવીતી'ના પ્રસંગો આ અંકમાં જે આપ્યા છે તેમાં, પોતાના પગ ઉપર ઊભા રહીને પ્રાણવાન થવાની કળા બોલી રહી છે. વિદ્યાભ્યાસની તમન્નાથી ઘર છોડી નીકળેલા ગરીબ માબાપના એ પુત્રે કાશીમાં કેવી કટોકટીમાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો તે દાખવતો એક પ્રસંગ સાથે ઉતારીએ:

'મારાં ધોતિયાં તદ્દન ફાટી ગયાં હતાં. પણ નવો ધોતીજોટો લાવવો ક્યાંથી? ગમે તેટલાં સંકટ આવે તોપણ કોઈની મદદની યાચના કર્યા વિના પોતાની અક્કલ અને પ્રામાણિકપણાથી બધાં સંકટો પાર કરવાનો મેં નિરધાર કર્યો હતો. અંતે નિશ્ચય કર્યો કે અન્નછત્રમાંથી રોજ એક પૈસો તેલનો મળે છે, તે તેલમાં ન ખરચતાં બચાવવો, અને એમ બે અઢી મહીને એકાદ રૂપિયો થાય, એટલે તેનું નવું પંચિયું લેવું. પણ દીવો શામાંથી બાળવો? એમાં અમે એવું ઠરાવ્યું કે રાત્રે દીવે વાંચવાને બદલે મોઢે જેટલું આવડતું હોય તેનું પુનરાવર્તન કરી જવું. આ પ્રમાણે મેં અંધારામાં દિવસો વીતાવી પૈસા સંઘરવા માંડ્યા.

ભાઈ માટેના બહેનના નિઃસ્વાર્થ પ્રેમની જે (જુઓ સામેના પાને)



Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

અમેરિકામાં ઉદ્યોગની ઇજનેરીમાં ડૉક્ટરેટનો
અભ્યાસ કરવા ગએલા શ્રી સુરેન્દ્ર છ. ધોળકિયાના આ નીચેના પત્રમાં
પંડિત નેહરુની અમેરિકાની સફર દરમ્યાનની શિકાગોની હિંદી વિદ્યાર્થીઓની સભાનું નિકટ રહીને કરેલું બયાન રસદાયક જણાશે.

...ભાઈ,

અમે શિકાગો જઇ આવ્યા–નેહરુનાં દર્શન માટે. હું, ગુલાબચંદ ને બીજા બે બંગાળી મિત્રો હતા. મેં આપણો પોશાક પહેરેલો: ખાદી ટોપી, શેરવાની, સુરવાલ વગેરે. તેથી અહીંના ને રસ્તાના અમેરિકનો તો ખુશ જ થઈ ગયા ને બહુ જ આતુરતાથી જોવા–પૂછવા લાગ્યા. ઉપર ઓવરકોટ ને શાલ તથા હાથમોજાં લીધેલાં એટલે ઠંડી બહુ ન લાગી. ઊપડતી વખતે અમેરિકન મિત્રની મોટર બગડી જતાં, ૧૦ મિનિટની અંદર ગળતી બસમાં ઊપડયા ને સાંજે ૬ વાગ્યે શિકાગોમાં ઈન્ટર્નેશનલ હાઉસ પહોંચ્યા. નેહરુનાં શિકાગોનાં બીજાં બે ભાષણો આમંત્રિતો માટે જ હતાં, તે સવારે ૧૧ ને સાંજે ૪॥ વાગ્યે હતાં. પણ અમે હિંદી વિદ્યાર્થીઓ તથા શહેરીઓ તરફના માનપત્રમાં જઈ પહોંચ્યા. તે પહેલાં બુધવારે રાત્રે રેડિયો પર પંડિતજીનું Second Policy Speech in U. S. A. સાંભળ્યું. તેમાં તેમણે સામ્યવાદની રીતો ને વ્યક્તિસ્વાતંત્ર્ય પરના અંકુશ પ્રત્યે વિરોધ બતાવ્યો ને એશિયાની દરિદ્રતા તથા પરતંત્રતા દૂર કરવા માટે અમેરિકાએ એકલપેટી સ્વાર્થનીતિ છોડી મદદ કરવી જોઈએ એમ કહ્યું. મહાત્માજીના સિદ્ધાંતોને સામ્યવાદ સાથે વિરોધમાં સરખાવી સમજાવ્યા, ને હિંદી પરદેશનીતિના સૂત્ર તરીકે આંતરિક વિકાસ માટે વિશ્વવ્યાપક શાંતિની જરૂરિયાત સમજાવી.

શિકાગોના ગવર્નરે એમની ઓળખાણ જગતના મૂઠીભર મહાન માણસોમાંના એક તરીકે આપી. પંડિતજીનો સાદ (શરદીને કારણે હશે) હિંદ જેવો દર્દભર્યો ન લાગ્યો. પણ મોટો અવાજ અને સરસ ઉચ્ચારો તો ઘણી અસર કરતા.

વિદ્યાર્થીવર્ગે ગોઠવેલા માનપત્ર માટેના હૉલમાં લગભગ ૧૫૦ હિંદીઓ ને બીજા ચીના, હબસી, અમેરિકનો વગેરે ભેગા મળેલા. નેહરુએ કાળો-ભૂરો સૂટ પહેરેલો ને ઊભેઊભે પહેલાં અંગ્રેજીમાં ને પછી હિંદીમાં ૪૦ મિનિટ ભાષણ કર્યું. તેમાં "હવે માત્ર ડિગ્રીઓ લગાવવાથી હિંદ-સરકારમાં નહિ પેસી શકાય; જેઓ first rate કરી બતાવશે તેમને જ લેવામાં આવશે; તમે બધા હિંદના એલચીઓ છો; સારામાં સારું ભણો ને જુઓ; આપણે પહેલાંની માફક ઇગ્લંડના બૅરિસ્ટરોનું કામ નથી,–સ્વતંત્રતા પહેલાં હતું, હવે તો એન્જિનીઅરોનું કામ છે; હિંદી ભાષા શીખી લો;" વગેરે હળવે સાદે પ્રેરક વાતો કરી. વાતાવરણ બહુ જ સાનુકૂળ ને આહ્લાદક હતું. પછી તે બેસી ગયા ને સીગરેટ પીવી શરૂ કરી. વિજયાલક્ષ્મી તો ફર્યાં કરતાં હતાં–ચાલાક, હસતી, ચમકતી, મીઠાબોલી સ્ત્રી તરીકે મેં તેમને પહેલી વાર જોયાં. તેમણે ભાઇને થોડી મિઠાઇ ખવડાવી.

પછી ધીરેધીરે મુલાકાતો શરૂ થઈ. હું ને ગુલાબચંદ નેહરુથી ફક્ત એક ફૂટ દૂર હતા—એટલા નજીક હતા. અમે તેમને પગે લાગ્યા ને પછી હાથ મેળવ્યા. ક્યાંથી આવ્યા વગેરે વાતો પૂછી. એક સ્ત્રીએ સોનાનું ઘડિયાળ ને ૧૦૦ ડૉલરનો ચેક ભેટ આપ્યાં. ઘડિયાળનું પૅકેટ ગુલાબચંદને આપી ઉઘડાવ્યું. તે વિજયાલક્ષ્મીને આપી કહ્યું 'મેં જિંદગીમાં સોનું કદી પહેર્યું નથી; તો આ શા કામનું?' બહેન કહે, 'તો બીજા કોઇને આપી દેજે.' તેઓ પરસ્પર હિંદીમાં જ વાત કરતાં હતાં. ઇંદિરા ગાંધી બહાર મોટરમાં જ બેઠાં હતાં. તે અજબ શોભતાં હતાં. ડૉ. ચન્દ્રશેખર F. R. S. જે શિકાગોમાં જ છે તે મળવા આવ્યો,—નાનકડો, કાળાશપડતો, સાદો, પણ જબરો છે. એમ જુદાજુદા માણસો થોડીથોડી વારે મળી જતા હતા.

અંદર જવા માટે હિંદીઓ માટે પણ બે ડૉલર ફી હતી. જવાહરના ફોટાવાળો બિલ્લો ને ધ્વજ લગાડી જવાનું હતું. પછી અમે એમની આત્મકથા, જે મારી પાસે છે તે, લઇ ગએલા તેના પર ઑટોગ્રાફ માટે રજૂ કરી. વિજયાલક્ષ્મીએ તો ના પાડી; પણ નેહરુ કહે, 'લાવો ઈન્ડીપેન; મારી આ ચોપડી ઉપર ના ન જ કહેવાય.' એક હિંદીએ તેમનો સ્કેચ કરી સહી લીધી. જુદીજુદી યુનિવર્સિટીઓમાંથી ઘણા હિંદીઓ આવ્યા હતા. તેમાંના ઘણા તો વહેલા આવી ગયા.

નેહરુ સાડા સાત વાગ્યે ગયા પછી અમે શિકાગો જોવા નીકળ્યા. આ રીતે આટલી પાસેથી મુલાકાતનો સ્વપ્ને પણ ન મનાય તેવો લાભ મળ્યો તેથી અનહદ સંતોષ થયો. નેહરુ જરા વૃદ્ધ લાગ્યા. સવારે તે ખેતરોમાં ફરેલા ને ખેડૂતો સાથે જમેલા તેનાં વિગતવાર વર્ણનો અહીંનાં છાપાંઓમાં આવ્યાં છે. પહેલે પાને લગભગ ૩॥ ઇંચના અક્ષરોમાં 'Nehru Arrives in the City' મથાળા સાથે ને નેહરુનો જભ્ભો, સુરવાલ ને ઉઘાડે માથે તાલવાળો ૮ ઇંચનો ફોટો આવેલો. ઉપરાંત તેની હૉટેલનો ફોટો વગેરે તો બહુ જ આવતા. એક દિવસના હૉટેલના તેને ૪૫ ડૉલર પડતા હતા; પણ સખત પહેરો, રસોઇયા તરીકે હૉટેલનો માલિક, વગેરે બહુ જ પ્રબંધ હતો.

અમે રાત્રે ૧૨-૨૦ની બસમાં બેસી અહીં સવારે ૫ વાગ્યે આવ્યા. બસમાં સૂવાની સગવડ હતી. શિકાગોમાં એક અમેરિકન સ્ત્રી સાથે પરિચય થઈ ગયો. તેણે છેવટ સુધી અમારી સાથે રહી બધું બતાવ્યું. અમારા માટે તેણે પોતાના પૈસા પણ ખર્ચ્યા. તેની છોકરી હિંદમાં થોડો વખત રહેલી. તેને હિંદની આધ્યાત્મિક શક્તિમાં ઘણો વિશ્વાસ હતો. તેનાથી માણસના દૈવી તત્ત્વ ને બ્રહ્માંડના તત્ત્વની એકતાનતા સાધી અણુબૉમ્બનો પણ સામનો થઇ શકે; માટે હિંદે એશિયામાં કમ્યુનિઝમને અટકાવવામાં મદદ કરવી જોઈએ; તે માટે વિજયાલક્ષ્મીને કાગળ લખીશ; વગેરે વાતો કરી. તેણે ઇલેક્ટ્રિક લોકલમાં મુસાફરી કરી શિકાગોની મોટી સ્ટેઈટ સ્ટ્રીટ બતાવી. રસ્તા પરનાં જબરાં થીએટરો, ટાવરો, ૧૮-૨૦ માળનાં મકાનો ને એ બધાં પરની રંગીન ફરતી ચમકતી લાઈટના દેખાવો જોયા.

સૌથી નવું તો અમે ટેલીવીઝન સ્ટૂડીઓ જોયો. તેમાં દૂરદૂરના દેખાવો કેવી રીતે ઘેરઘેર રેડિયોમાં દેખાય તેની આખી રીત તથા સામાન દેખાડયાં. સામાન્ય અમેરિકનને ત્યાં જવાની મનાઈ હતી; પણ અમને હિંદી વિદ્યાર્થીઓ તરીકે જવા દીધા. તેમાં પેલી સ્ત્રી તથા અમેરિકન ન્યૂઝ ડાયરેક્ટર વચ્ચે આંતરરાષ્ટ્રીય રાજકારણ પર સારી ચર્ચા થઈ. આવી બીજી ચર્ચાઓ પરથી (અનુ૦ પૃ. ૧૦૯ મે)

લાલ જાદૂગર (અનુસંધાન પાછળના પૃ. ૮૪ થી ચાલુ)
નથી. અને મને પ્રતીતિ કરાવી આપ્યા પહેલાં હું એમાંનું કશું જ માનવા પ્રેરાઉં તેમ નથી..' સર ગૅડ્‌સ્બીએ જણાવ્યું.

'પ્રતીતિ કયા પ્રકારની?' વાસે સ્વસ્થપણે સામો સવાલ કર્યો.

'હમણાં એકાદ કલાક બાદ તમે જાહેરમાં પ્રયોગ કરવાના છો ને?'

'બરાબર છે.'

'વારુ; તો જુઓ. તમારા પ્રયોગ પહેલાં અમે આખું થીએટર તપાસી જવા માગીએ છીએ. આખા યે પ્રયોગખંડમાં, અમને ઠીક લાગશે ત્યાં, માત્ર અમે જ જાણતા હોઇએ એવી કેટલીક ખાનગી સંજ્ઞાઓ સાથેનાં સીલ અમે મૂકીશું અને પ્રયોગને અંતે એ સંજ્ઞાઓ જેવી ને તેવી અક્ષુણ્ણ જણાશે તો ત્યાર પછી અમે શંકા નહિ કરીએ.'

વાસ જવાબમાં માત્ર હસ્યો.

અને એ હાસ્ય કરમાવા દીધા વિના તે સર ગૅડ્‌સ્બીને સંબોધતો બોલ્યો: 'ઓહો! બસ એટલું જ ને, સર ગૅડ્‌સ્બી? એટલા સારુ કરીને મારે ઠેઠ થીએટર સુધી આવવાની યે જરૂર નથી. તમે લોકોએ તો એ જોએલું જ છે.' અને પછી મેજનું ખાનું ઉઘાડતો બોલ્યો: 'લો, આ સીલ કરવાની લાખ અને કાળી દોરી લેતા જાઓ. તમારે જ્યાં પણ જે કંઈ કરવું હોય તે બેધડક કરજો. વારુ, તમે તમારું કામ ચલાવો; દરમિયાન હું મારું કામ પતાવી નાખું.'

બ્રાઉએ ધીરે રહીને લાખ તથા દોરી લઈ લીધાં. વાસે હસતાં હસતાં એમને વિદાય આપી.

ટર્નર થોડીક પાછળ રહી ગએલી જોન સાથે કંઈક વાત કરવાને થોભવા જતો હતો ત્યાં તો બ્રાઉએ બૂમ પાડી: 'ચાલો, આપણી પાસે હવે બહુ સમય નથી.' અને ત્રણે જણ ત્યાંથી ઊપડી નીકળ્યાં. પ્રયોગખંડમાં જઇને જ્યાં કંઈ પણ નજર ફેંકે ત્યાં નર્યું પોલાદ જ જણાતું હતું. આમ છતાં તેમણે મંચના પરદા, પ્રવેશદ્વાર વગેરે પર સીલ, સંજ્ઞાઓ આદિ તો કર્યાં જ.

પ્રયોગનો સમય પણ હવે થવા આવ્યો હતો. જમા થતા જતા પ્રેક્ષકોમાં શ્રીમંતો, વિદ્વાનો અને વિજ્ઞાનીઓ સુદ્ધાં હતા. ટર્નર, જોન અને સર ગૅડ્‌સ્બી બ્રાઉ ત્રણે પહેલી જ હારમાં ગોઠવાઇ બેઠાં.

વાસ પ્રયોગમંચ પર આવી પહોંચ્યો. આવતાં વેંત એણે આ જ વાક્ય પહેલું સંભળાવ્યું: 'મિત્રો, હજી યે મારી—એક મંગળ-નિવાસીની શક્તિમાં અશ્રદ્ધા ધરાવતા કોઇકોઈ પ્રેક્ષકો છે ખરા!'

અને જવાબમાં એવા પ્રેક્ષકોની ઠઠ્ઠા રૂપ હાસ્ય પ્રેક્ષકોના સમુદાયમાંથી સંભળાઇ ઊઠ્યું.

વાસે અગાઉની માફક એના એક પછી એક પ્રયોગો કરવા માંડ્યા. અને એ સૌને અંતે એણે આગલી હરોળમાં બેઠેલી ત્રિપુટીને તેમની શંકાનું સમાધાન કરી લેવા મંચ પર નિમંત્રી. ત્રણે જણે જઇને તપાસ્યું તો પોતાનાં સીલ-સંજ્ઞા આદિ જેવાં ને તેવાં અકબંધ રહેલાં જણાયાં. દોરીના તાર સુદ્ધાં યથાસ્થાને રહેલા. આ બધું જોઈને તદ્દન નિઃસંશય ન બન્યા છતાં સર ગૅડ્‌સ્બીને જાહેરમાં એટલું તો કહેવું પડ્યું કે 'વાસ, હવે પછી આ બાબતમાં હું વિશેષ કંઈ તમને નહિ પૂછું.'

વાસનું ભારે મસ્તક સહેજ નમ્યું અને ત્રણેએ વિદાય લીધી.

પરંતુ થોડેક ગયા હશે ત્યાં ટર્નર એકાએક થોભી ગયો. એણે બ્રાઉ અને જોનને પાસેના એક રેસ્તોરાંમાં પોતાને માટે રાહ જોતા બેસવા જણાવ્યું અને મારતે પગે ત્યાંથી ઊપડી નીકળ્યો.

વાસની મુલાકાત વખતે ટર્નરે એ જોઈ લીધેલું કે તેના કમરાની પછીતની એક બારી અધખૂલી રહી ગએલી હતી. એ જો હજુ ય ઉઘાડી હોય તો? વાસ જરૂર હજુ અરધોએક કલાક સુધી બીજા વિજ્ઞાનીઓ ને પત્રકારો સાથેની વાતચીતમાં રોકાએલો રહેવાનો હતો, એટલે ટર્નર એ તકનો લાભ લેવા દોડી નીકળેલો.

થોડી વારમાં તો તે પેલી ઉઘાડી બારી સામે આવી લાગ્યો. કળેબળે ઉપર ચડી અંદર નજર નાખી, અને અંદર કોઇની હાજરી ન જણાતાં ધક્કો મારી, આખી બારી ખોલી દઈને અંદર પ્રવેશ્યો. વાસ હજુ પ્રેક્ષકો સાથે જ રોકાએલો હતો. ટર્નરે એક ચપળ દૃષ્ટિ આખા ખંડમાં ફેરવી લીધી અને પછી ભીંત આગળના એક મોટા સોફાની પાછળ ઘુસી જઈને ત્યાં પડ્યોપડ્યો રાહ જોવા લાગ્યો.

રાહ જોતાં જોતાં એ લગભગ કંટાળવા આવ્યો હતો ત્યાં ખંડનું બારણું ઊઘડતું સંભળાયું. ટર્નર જરાક વધુ સંકોચાઈને બેઠો. થોડી વારે બારણું બંધ કરતાં કરતાં પોતાની સાથેની બીજી એક વ્યક્તિને સંબોધતો વાસ અંદર પ્રવેશ્યો: 'એલ્સી, આજે આમ કેમ થયું? ક્યાંકથી પણ પાવર લીક થતો હોવો જોઈએ. મને કેટલાયે આંચકા અનુભવવા પડેલા.'

સાથેની વ્યક્તિએ જવાબ આપ્યો: 'બાપુ, પ્રયોગ દરમિયાન તો તમારી સાથે કશી વાત ક્યાંથી થઇ શકે? બાકી એક ઇન્સ્યુલેટર-બૅન્ક થોડી બગડી છે. પાવર ઓછો ને ઓછો થતો જતો હોઇ એ દુરસ્ત કરવી જ પડશે.'

'એમ? ચાલો; એ તો જાણે દુરસ્ત કરીશું; પણ બેનસન શું કરે છે?' વાસે પૂછ્યું.

'બધું યથાસ્થાને મૂકવામાં રોકાએલો છે.'

આમ વાતો કરતાં બંને ત્યાંથી ઊપડ્યાં અને એમના અવાજ સાથે એમનાં પગલાં પણ તદ્દન અશ્રાવ્ય બની ગયાં, એટલે ટર્નર હળવેક રહીને સોફા પાછળથી બહાર નીકળ્યો.

બહાર નીકળીને પહેલી નજર એણે બારણા તરફ નાખી.—એ બંધ જ હતું, પણ અંદરથી! આમ કેમ? વાસ અને તેની પુત્રી ક્યાં ગયાં? ટર્નર થોડી વાર દિઙ્મૂઢ ઊભો રહ્યો. પણ ત્યાં ઉઘાડી બારી વાટે આવતા પ્રકાશમાં એક છેડે કંઈક બખોલ જેવું એની નજરે પડ્યું. પોતાની પહેલી તપાસમાં તદ્દન નક્કર જણાએલી ફરશમાં આ વળી બખોલ ક્યાંથી? એ હળવે પગલે ત્યાં પહોંચ્યો અને અંધારા પોલાણમાં પગ સેરવી જોયું તો પગથિયાં જેવું જણાયું.

શું કરવું? અંદર ઊતરવું કે નહિ? ટર્નર જેવા સાહસિક પત્રકાર-ને એ વિમાસણ બે પળથી વધુ ન ચાલી. હિંમત કસીને એ એક પછી એક પગથિયાં ઊતરવા લાગ્યો. ચોક્કસ, વાસ અને તેની પુત્રી બહાર ક્યાંય નહિ પરંતુ અહીં જ પેઠાં હોવાં જોઈએ.

કપરા વળાંક લેતાં એ પગથિયાંવાળી ચક્રાકાર સીડીને છેક છેડે પહોંચતાં બરાબર સામે જ એક આલેશાન ખંડ ધોધમાર રોશની-થી ઝગમગી રહેલો દેખાયો. સંખ્યાબંધ વીજળિક યુક્તિપ્રયુક્તિઓ એમાં યોજવામાં આવેલી હોય તેમ લાગ્યું. ટર્બો—જેનરેટરો, ડાયને-મો, ઇલેક્ટ્રો—મૅગ્નેટો અને ફૂલીજ-ટ્યુબો, ઇન્સ્યુલેટર-બૅન્કો અને જબરાં સ્વિચબોર્ડો,—અને આ બધા વચ્ચે ભૂરા પોશાકમાં સજ્જ અનેક માણસો કામ કરી રહ્યા હતા.

'કમાલ છે આ!' ટર્નર સ્વગત બોલી ઊઠ્યો. 'વાસે તેના મંદિર માટે આટલી વિશાળ જગ્યા અમસ્તી જ નથી રોકી. ઉપરથી સૂની જેવી લાગતી એ વિશાળ જગ્યા નીચે એટલું જ વિશાળ આ ભોંયરૂં હોવાની અને એમાં એની યુક્તિપ્રયુક્તિમાં સહાયક આટલા બધા માણસો કામ કરતા હોવાની કોઇને ગંધસરખી પણ ક્યાંથી આવે? વીજળિક શક્તિ પણ એ પાણી દ્વારા જાતે જ ઉત્પન્ન કરી લે છે, એટલે

વીજળીઘર કનેથી વધુ પાવર માગવાની એને જરૂર પણ શી રહે?'

એ આમ સંકલ્પવિકલ્પો દોડાવી રહ્યો હતો ત્યાં વાસ ને એની પુત્રી એ બાજુ આવતાં દેખાયાં. ટર્નર તરત જ ત્યાંથી પોબારા ગણી ગયો ને પેલી બારી વાટે બે મિનિટમાં બહાર પહોંચી ગયો.

દોડતોક ને એ બ્રાઉ તથા જોનને જઈ મળ્યો. રેસ્તોરાંમાં બેઠે બેઠે એકીશ્વાસે આખી યે વાત તેણે એ બંનેને કહી સંભળાવી.

'તો તો પછી તે એબલ કાર્ટન જ હોવો જોઇએ, બીજો કોઇ જ નહિ.' જોન અધીરાઈથી બોલી ઊઠી.

'એમાં કશી જ શંકા હવે નથી રહેતી.' ટર્નર સંમત થતો બોલ્યો: 'પેલી છોકરી એ એની પુત્રી જ છે. એ એક અસામાન્ય વિજ્ઞાની છે, વીજળીનો જાદૂગર છે, એ નિર્વિવાદ છે. પરંતુ તે આ બધું શા માટે કરે છે તે કંઇ સમજી શકાતું નથી. આજે થોડોક પાવર લીક થયો ન હોત તો આપણને એટલું યે જાણવા ન મળત. એ છે તો બધી વીજળીની જ રમત, એ આપણે જાણી ચૂકયા છીએ, એટલે હવે તેને સપડાવવો એ પહેલાંના જેટલું મુશ્કેલ નથી.'

આટલું કહી એણે સર ગૅડ્રસ્બી સાથે કંઇક મસલત કરી. સર ગૅડ્રસ્બી સહર્ષ સહકાર આપવાનું કબૂલતા ટર્નરનો ખભો થાબડી રહ્યા.

[૬]

ટર્નર, જોન અને સર ગૅડ્રસ્બી બ્રાઉ ત્રણે હવે એકબીજાના સતત સંપર્કમાં રહેવા લાગ્યાં હતાં.

છેવટે એક દિવસ નક્કી કરીને ત્રણે વાસના પ્રયોગો જોવા ગયાં ને પહેલાંની જેમ જ એના પ્રયોગમંચ સામે પહેલી હરોળમાં ગોઠવાઇ બેઠાં. જોનના હાથમાં આ વખતે એક નાની પેટી પણ હતી.

જેવો વાસ મંચ પર આવીને સસ્મિત ઊભો રહ્યો કે ટર્નરે જોનના હાથમાંથી પેટી લઇ લીધી. તેણે એ ખોલીને કશુંક અંદર સેરવી દીધું અને પાછી બંધ કરી દીધી. તાત્કાલિકભાગ્યે જ પરખી શકાય એવો ધીમો ગણગણાટ એ પેટીમાંથી શરૂ થઈ ગયો હતો.

'હવે આપણે પ્રયોગોનો પ્રારંભ કરીએ.' જેવા ને તેવા સ્મિત સાથે વાસ બોલ્યો: 'સૌ પ્રથમ તો આપણે ગેબમાંથી એક જીવતી-જાગતી યુવતીને અહીં ઉતારીએ. જુઓ—' એમ કહેતાં એણે હાથ હલાવ્યો, પરંતુ કશું જ પરિણામ ન જણાયું! બીજી વાર એમ કર્યું, પણ એ જ નિષ્ફળતા!

'ઓહ, માફ કરજો, મિત્રો!' ક્ષમાયાચક અવાજે તે બોલ્યો: 'આજે કોણ જાણે શા કારણે પણ મારાથી મારું સઘળું લક્ષ કેન્દ્રિત નથી કરી શકાતું.'

પ્રેક્ષકગણ અવાક બનીને વાસ સામે તાકી રહ્યો હતો. હવે પેલો ગણગણાટભર્યો અવાજ વધુ ને વધુ જોર પકડતો જઇને વાતાવરણને વધુ સ્તબ્ધ બનાવી રહ્યો હતો. અકળાએલો વાસ ઘડીમાં આમ તો ઘડીમાં તેમ નજર દોડાવી રહ્યો હતો. છેવટે હતાશ થઇને એ પાછાં પગલાં ભરવા જતો હતો ત્યાં તો સામે જ બેઠેલા સર ગૅડ્રસ્બી બ્રાઉ પ્રયોગમંચ પર કૂદી જઇને સીધા વાસ કને પહોંચી ગયા અને તેને ખભેથી પકડતા બોલ્યા: 'વાસ, આ આટલા બધા પ્રેક્ષકો તારાં બહાનાં સાંભળવા નથી આવ્યા. પ્રયોગો જોવા આવ્યા છે.'

'હા, હા, અમને પ્રયોગો કરી બતાવો.' પ્રેક્ષકોમાંથી અવાજ ઊઠવો શરૂ થઈ ગયો.

'આજે મારું ચિત્ત...'

'આ તારું ચિત્ત!' કહેતાં સર ગૅડ્રસ્બીએ વાસના લમણા પર જોરથી એક મુક્કો લગાવ્યો કે એની સાથે જ, વિશાળ લલાટ સાથેનું વાસનું બનાવટી મસ્તક દૂર ઊછળી પડ્યું, અને અપાર્થિવ લાગતો વાસ એકાદ સામાન્ય પાર્થિવ મનુષ્ય જેવો દેખાવા લાગ્યો! થોડા ઘણા સફેદ કેશ સાથેના તેના ટાલિયા માથા પર પરસેવાનાં બુંદ ચમકી ઊઠયાં.

હવે ટર્નર પણ મંચ પર આવી લાગ્યો. ક્ષુબ્ધ બનેલા પ્રેક્ષકસમુદાયને શાંત રહેવાની ઈશારત કરતો તે બોલ્યો:

'મિત્રો! પોતાને મંગળનિવાસી ગણાવતો આ વાસ એ બીજો કોઈ જ નહિ પરંતુ ફ્રાન્સ ચાલ્યો ગએલો વિજ્ઞાની એબલ કાર્ટન છે. એની બધી કરામતનો આધાર વીજળીશક્તિ પર રહેલો છે. એ શી રીતે આ બધું કરી શકે છે એ તો આપણે નથી જાણતા, પણ એનો મુખ્ય સ્રોત તો વીજળીશક્તિ જ છે એ અમે જાણી ચૂકયા છીએ. એનું એકાદ યંત્ર જો બગડયું ન હોત તો અમે સુદ્ધાં એ જાણી ન શકત.'

ત્યાર બાદ ટર્નરે પોતે નજરે જોએલી બધી વાત કહી સંભળાવી, અને છેવટે પોતે એ લાલ જાદૂગરને શી રીતે સપાટામાં લીધો એ સમજાવતાં જણાવ્યું: 'વાસની બધી હિકમત જાણી લીધા પછી આજે અમે કેટલાંક જરૂરી સાધનો સાથેની આ નાનકડી પેટી અહીં લેતાં આવેલાં. એમાં એક વેઈવલેંગ્થ-સ્ટૉપવૉચ પણ છે, જે રેડિયોના તરંગમાન તથા વીજળિક આવર્તનોને માપવા માટે વપરાય છે. કાર્ટન જે વીજળિક શક્તિ વાપરે છે તેનું તરંગમાન એ પરથી અમે જાણી લીધું. ત્યાર પછીનું કામ તો તદ્દન સહેલું હતું. એક અવરોધક વીજળિક તરંગ (Interference wave) ઊભો કરવાનો રહેતો હતો, જે કાર્ટનની વીજળિક શક્તિની સઘળી સમતુલા ખોરવી નાખે. આ પેટીમાં અમે એવું તરંગજનક સાધન મૂકેલું છે, જેને લઇને અમે તે કરી શકયાં—વસ્તુતઃ હજુ પણ તે ચાલુ જ છે. કેમ, ખરુંને, વાસ?' એટલું કહેતો ટર્નર વાસ તરફ ફર્યો. વાસને તો ભોંભારે થઈ પડી હતી.

'પોલીસ! પોલીસ!' કોઇક બોલી ઊઠયું. અને ખરેખર પોલીસ ત્યાં આવી પહોંચી હતી. વાસના પ્રયોગોમાં અંતરીક્ષમાંથી ઊતરતી છોકરી—વસ્તુતઃ તેની પુત્રી અત્યારે પોલીસના કબજામાં જ હતી, અને એની સાથે ભૂરો પોશાક પરિધાન કરેલા વાસના કર્મચારીઓ.

'બાપુજી!' પોલીસ સાથે પ્રયોગમંચ સુધી આવતાં તો એ છોકરી રડી ઊઠી: 'બાપુજી, આ બધું શું બની ગયું?'

'મેં જ પોલીસને પહેલાં ભોંયરાનું કામ પતાવી લઇને પછી અહીં આવવા જણાવેલું.' ટર્નરે ઠંડે કલેજે જવાબ આપ્યો: 'અને કાર્ટન! અત્યારે આ ઘટસ્ફોટ પછી પોલીસ જ તને સારામાં સારું રક્ષણ આપી શકે એમ નથી લાગતું?'

'એ તો કોણ જાણે. પણ હું મારી જાતને ખુશીથી પોલીસને હવાલે સોંપી દઉં છું. ચાલો, એલસી.' વાસ કતરાતો બોલ્યો.

વાસને, એની પુત્રીને, પોલીસને તથા સ્તબ્ધ પ્રેક્ષકસમુદાયને ત્યાં જ છોડીને ટર્નર, જોન તથા બ્રાઉ ધીમે રહીને ત્યાંથી સરકી ગયાં.

આ ઘટનાની જાણ વીજળીવેગે ફેલાઈ ગઈ હોઈને લોકોનાં ટોળાં ને ટોળાં મંદિર તરફ ધસી રહ્યાં હતાં. વાસ, તેની પુત્રી તથા તેના કર્મચારીઓને પોલીસે મજબૂત કૉર્ડન નીચે બહાર લાવીને એમને માટે તૈયાર રાખેલી ગાડીમાં બેસાડી દીધાં.

[૭]

અરધા કલાક બાદ એ આખો યે રસાલો ન્યૂ સ્કૉટલૅન્ડ યાર્ડના ડિટેકટિવ-ઈન્સ્પેકટર વિલિસની ખાનગી કચેરીમાં એકઠો થયો. વિલિસ એ પળિયાંવાળા વિજ્ઞાનીને નિર્નિમેષ નિહાળી રહ્યો હતો. 'તમે જાણો જ છો, પ્રોફેસર, કે તમને જૂઠા પ્રતિનિધિત્વ (ફૉલ્સ રેપ્રીઝેન્ટેશન) ના આરોપ નીચે પકડવામાં આવ્યા છે. જૂઠા પ્રતિનિધિત્વ દ્વારા તમે નાણાં મેળવ્યાં છે—મબલખ નાણાં; અને પોતે

અન્ય ગ્રહમાંથી ઊતરી આવેલા હોવાનું જણાવીને આખી દુનિયાને તમે ઉપરતળે કરી નાખેલી છે.' વિલિસે ધીમે સાદે જણાવ્યું.

'મારા પ્રિય ઈન્સ્પેક્ટર,' કાર્ટન તેને સંબોધતો બોલ્યો: 'મને લાગે છે કે કાયદાની અદાલતમાં તમને આ આરોપ પુરવાર કરવાનું અત્યંત મુશ્કેલ થઇ પડશે. પૂરું વળતર વાળ્યા વિના કોઈની પાસેથી કશા પૈસા ન લેવાની ખાસ ખબરદારી મેં રાખેલી છે. કોઇને કશું જ નુકસાન નથી કર્યું, કે તેમ કરવાનો ઇરાદો પણ નથી સેવ્યો. મારી આખી યે યોજના, જો સાચું કહું તો, દુનિયાની નજરે મને વ્યાજબી ઠરાવવાની હતી.'

'આથી તમે એકરાર કરવા માગો છો એમ સમજવું?' ઇન્સ્પેક્ટરે સવાલ કર્યો.

'એકરાર કરતાં હું એને નિવેદન કહેવાનું વધું પસંદ કરું.' કાર્ટને સ્પષ્ટીકરણ કર્યું: 'ટૂંક સમયમાં જ હું મારા ખરેખરા હેતુને વ્યક્ત કરવાનો જ હતો, પરંતુ ટર્નરે વચ્ચે જ મને પકડી પાડ્યો હોઇને મારે હવે કશું સંતાડવાનું નથી રહેતું. હવે હું તેનો ફોડ પાડીશ.'

'બરાબર છે.' કહેતાં વિલિસે પડખે ફરીને ત્યાં બેઠેલા કારકુનને જણાવ્યું: 'કૉનરૉય, બધું નોંધી લેજે.'

અને એકલા કૉનરૉયે જ પોતાની નોંધપોથી તૈયાર નહોતી રાખી. જોન અને ટર્નર પણ પેન્સિલ તોળીને તૈયાર બેઠાં હતાં.

કાર્ટને પોતાની કેફિયત શરૂ કરી: 'સરકારે પોતાનો શસ્ત્રીકરણનો કાર્યક્રમ જ્યારે ટોચે પહોંચાડેલો ત્યારે દેશને અમૂલ્ય થઈ પડે અને ખરેખરી કટોકટી વખતે દેશને બચાવી લે એવી કેટલીક વૈજ્ઞાનિક શોધોમાં સરકારને રસ લેતી કરવાને મેં પ્રયત્ન કરેલો. હું સરકારી અધિકારીઓનો દોષ નથી કાઢતો, પરંતુ એ લોકોનો દોષ કાઢું છું જેમણે મને અને મારી શોધોને સાંભળવા સુદ્ધાં ના પાડી દીધેલી. એમણે મને એકાદ પાગલ જેવો જ ગણી કાઢેલો.' આટલું કહી કાર્ટને કટુતાપૂર્વક પોતાના હોઠ ભીડ્યા, અને ધીમેધીમે પાછું આગળ ચલાવ્યું:

'કોઇ વિદેશી સત્તા તરફથી, અલબત્ત, મને સારો વર્તાવ મળ્યો હોત; પરંતુ મારામાં યે રાષ્ટ્રભક્તિ છે. હું કોઇને હાનિ પહોંચાડવા નહોતો માગતો. મેં એક અખબારી નિવેદન પ્રસિદ્ધ કરેલું—અહીં બેઠેલા મિસ વિનગેટ દ્વારા, અને એવી ઉમેદ રાખેલી કે લોકોમાંથી તેને સમર્થન મળશે. પરંતુ એવા કશા સમર્થનને અભાવે છેવટે મેં મારો દેશ છોડ્યો અને લોકોને આકર્ષવા સાથે તેમને મારી શોધો સમજાવવાની કોઇ યુક્તિ માટે હું મહિનાઓ સુધી મથતો રહ્યો. છેવટે મંગળનિવાસી સોલિવસ વાસનો ખ્યાલ મને સુપ્રયોજ્ય લાગ્યો. એક વાર જો હું લોકોનું,—જરૂર પડ્યે દુનિયાનું, લક્ષ ખેંચી શકું, તેમને મારી શોધોની પ્રતીતિ કરાવી શકું તો તેઓ સ્વયં પોતાની શાંતિ અને સલામતી માટે મારી એ શોધો વપરાવાની માગણી કર્યા વિના નહિ રહે, એવા ખ્યાલે હું ઍલસીને સાથે લઇ સસેક્સ મુકામે, દુનિયાથી તદ્દન અજ્ઞાત રહીને, પાછો ફર્યો અને ત્યાં એક ભૂગર્ભ-પ્રયોગશાળામાં મારા પ્રયોગો આગળ વધારવા લાગ્યો.

'ત્યારબાદ મેં મંગળનિવાસીનો વેશ સજ્યો. છાતી અને વાંસાને એ હતાં તે કરતાં વધારે મોટાં દેખાય એટલા માટે એમના પર પૅડિંગ કર્યું, અને મસ્તક પણ કૃત્રિમ રીતે મંગળનિવાસીનો આભાસ આપવાને મોટું બનાવ્યું.' અને ત્યાર પછી, ચહેરા પર સહેજ મલકાટ આણતો તે બોલ્યો, 'અને પેલું અંતરીક્ષયાન! ધાતુનો એ ગોળો ઊડી શકે તેમ હતો જ નહિ, કદાપિ શક્ય પણ નથી. એની અંદરનું યંત્રકામ તદ્દન નકામું હતું—જોવામાં પ્રભાવકારક, પરંતુ ઉપયોગમાં નિરર્થક. ફાવે તે રીતે ઊભું કરી દીધેલું હોવાને લઇને તે એક રહસ્ય સમું લાગતું હતું. મૂળે તો બે જુદાંજુદાં અરધિયાંમાં ગોઠવીને ગાડા મારફત મારા ઘરથી ત્રણેક માઇલ પર એ મૂકેલાં, અને પછી બંનેને જોડી કાઢેલાં. ઑક્સી-એસીટીલીન વેલ્ડરો આજે બે જુદીજુદી ધાતુઓને જોડી દઈ શકે છે, પરંતુ સાંધાનું નિશાન તે પર રહી જાય છે. પરંતુ મારી શોધ એવું કશું નિશાન રહેવા નથી દેતી. મારી શોધ વિદ્યુચ્ચુંબકીય પ્રક્ષોભ (ઇલેક્ટ્રો-મૅગ્નેટિક ઍજિટેશન) દ્વારા બંને ધાતુઓના અણુઓને એવા ભેળવી દે છે કે સાંધા જેવું કશું રહે જ નહિ,—જેમ પાણીમાં પાણી ભેળવતાં કશું નિશાન નથી રહેતું તેમ. સવારના અઢી વાગ્યે કશી અવરજવરનો સંભવ નહોતો, એટલે એ બધું કામ નિરાંતે પતી શક્યું. પાછા વળતાં અમે ગાડાના પડેલા ચીલા પણ ભૂંસી નાખવાનું નહોતાં ચૂક્યાં.'

'અને પેલા દોરડાના જાદુનું શું?' વિલિસે સવાલ કર્યો.

'એમાં ઉચ્ચ કક્ષાની વૈજ્ઞાનિક તાલીમ જોઇએ છે. સાચું કહું તો, અદૃશ્યીકરણનું રહસ્ય મેં પ્રાપ્ત કર્યું છે. આ અવલ દરજ્જાના રહસ્યને પણ સરકારે તો સ્વીકારવાની મુદ્દલ તત્પરતા નહોતી બતાવી. તમે એટલું તો જાણતા જ હશો કે આપણને જે કંઈ દેખાય છે તે પ્રકાશના તરંગોને આભારી છે. દાખલા તરીકે હું તમને જોઇ શકું છું કારણકે તમે મારા પ્રત્યે પ્રકાશતરંગોનું પુનરાવર્તન કરી રહ્યા છો. વસ્તુતઃ તમે એવા પ્રકારના અણુઓનો સમુચ્ચય છો, કે તમારા પર પડતો પ્રકાશ, આપણે જેને મનુષ્ય કહીએ છીએ એવી તમારી આકૃતિ નિપજાવે છે. પ્રકાશતરંગો સીધી રેખામાં જ ગતિ કરે છે. જલ તેમને પરાવર્તિત કરી શકે છે, જ્યારે કોઈ અપારદર્શક વસ્તુ તેમને તદ્દન રોકી દઇ શકે છે. વૈજ્ઞાનિક ભાષામાં 'સ્ટીરીઓઆઈસોમર' ગણાતા પદાર્થો એ પ્રકાશતરંગોનું 'પોલેરાઇઝેશન' પણ કરી શકે છે. ફેરાડેના અખતરાઓએ સિદ્ધ કર્યા મુજબ પ્રકાશ વીજળીમય છે, અને તમામ વીજળિક ક્ષેત્રોની પેઠે તેનું પણ નિયંત્રણ સહેલું જ છે. એટલે પ્રકાશમાં રહેલી મૂળભૂત વીજળી પર સીધી અસર કરે એવું ચુંબકત્વ શોધવું જોઇએ. જે સામાન્ય ચુંબક લોહને હલાવે છે તે પ્રકાશના તરંગોને પણ ફાવે તેમ હલાવી દઇ શકે. તેની યુક્તિ સધાય તો કોઈ પણ વસ્તુ પરના પ્રકાશને પાછો હડસેલી દઇ શકાય. એ માટે મેં સાધન નિપજાવ્યું. પહેલી પરીક્ષામાં જ મને જણાઈ આવ્યું કે મારા ચુંબકત્વની કક્ષામાંની કોઈ પણ વસ્તુને તાત્કાલિક અથવા ક્રમશઃ અદૃશ્ય કરી શકાશે. એ સાધનને પછી મેં બૅટરીમાં સમાવી લીધું. એ બૅટરી શરીર પર લગાડીને સહેજે અદૃશ્ય થઈ શકાય છે. એમનામાં અમુક પ્રકારની શક્તિ છે જે શક્તિ એકીસાથે લગભગ ચોદેક કલાક તો ટકે જ છે. ટ્રફાલ્ગર સ્કવેરમાં મેં જે દોરડું હવામાં ઉછાળેલું તેને છેડે આંકડો બાંધેલો હતો અને ત્યાંથી પસાર થતા ટેલીગ્રાફના એક તારમાં મારા મદદનીશ બેનસને એ દોરડું બરાબર ભેરવી દીધેલું. બેનસન અને હું અદૃશ્ય રહીને બધું બરાબર ગોઠવી લીધા બાદ જ હું સૌના આશ્ચર્ય વચ્ચે એકાએક દૃશ્યમાન બનેલો. દોરડું ચડતાં ચડતાં તાર સુધી હું પહોંચ્યો કે મારા શરીરે લગાડેલી બૅટરી મેં ચાલુ કરી દીધી અને તત્ક્ષણ અદૃશ્ય થઈ ગયો. પછી ધીમેધીમે દોરડું ખેંચી લીધું. મારા હાથ પર વીંટાતાં તે પણ અદૃશ્ય થઈ ગયું. મારી નીચે જ્યારે પાછા ઊતરવાને થોડીક જગ્યા થએલી જોઈ કે હું નીચે સરકી પડ્યો અને લાગલો જ ત્યાંથી દોડી નીકળ્યો. વિક્ટોરિયા સ્ટેશનના છાપરા પર પહોંચીને હું મારા અદૃશ્યપણાથી થોડી વાર મુક્ત રહ્યો અને ત્યાર બાદ પુનઃ અદૃશ્ય બનીને મારા પ્રયોગના પરિણામની ઉત્સુકતા સાથે પાછો ફર્યો.'

'આવી બધી શોધો છતાં સરકાર તમને દાદ ન આપે એ તો નવાઈ જેવું.' વિલિસ બોલ્યો.

'કદાચ હવે આ નિવેદનની પ્રસિદ્ધિ પછી દાદ આપે તો નવાઈ નહિ.' કાર્ટન ગણુગણુતો બોલ્યો. ત્યાર બાદ એકાદ પળ વિચાર કરીને એણે ફરી શરૂ કર્યું: 'અરે હા, પેલી આગની વાત તો રહી ગઈ.' તે સસ્મિત બોલ્યો: 'ચોકમાંના મારા ભાષણ પહેલાં મેં જાતે જ એ શરૂ કરેલી. એ જૂની ઈમારતોના ભોંતળિયે મેં અગ્નિથી અભેદ્ય એવા ચાર ગોળા મૂકેલા અને આગ દરમિયાન એ ક્યારે ફૂટશે તેનો સમય પણ મેં બરાબર મેળવી લીધેલો. એ ફૂટતાંની સાથે એમાંથી એક અત્યંત શક્તિશાળી વાયુ—મૂલતઃ તો કાર્બન ડાયૉક્સાઈડ અને એની સાથોસાથ એક એવો બીજો ભારે વાયુ છૂટે જે ઑક્સિજનના સઘળા અણુઓ શોષી લે. પરિણામે એ વાયુ જ્યાં જ્યાં પહોંચે ત્યાં આગ એની મેળે શાંત પડી જાય. મેં મેળવેલા સમયમાં આગ શાંત પાડવા માટે ચાર ગોળા મારી ગણતરી પ્રમાણે પૂરતા હતા.'

એટલું બોલીને કાર્ટન અટકયો. બધા આશ્ચર્યમૂઢ બની ગયા હતા. છેવટે ઈન્સ્પેક્ટર વિલિસ બોલ્યો: 'માત્ર અદૃશ્ય બનવાની શોધથી જ જગત પર વર્ચસ જમાવી શકાય તેમ હોવા છતાં તમારા જેવા આદમીને આવા પ્રદર્શનના ખેલ કરવા પડે?'

'વર્ચસ? અને તે ભય તથા બળપૂર્વક?' કાર્ટને માથું ધુણાવ્યું. 'ના, ઈન્સ્પેક્ટર, મારે લોકોને સલામત બનાવવા છે, ભયભીત નહિ.'

'અને દૂર દૂર બનતા બનાવોની આગાહીનું શું?' ટર્નરે પ્રશ્ન કર્યો.

'ટેલીવીઝન દ્વારા.' કાર્ટને જવાબ આપ્યો: 'પણ એ ટેલીવીઝન અત્યારે જે રીતનું સ્કૅનિંગ થાય છે એવું નહિ. મેં શોધેલા ટેલીવીઝનના પ્રકારમાં ટ્રાન્સ્મીટરની જરૂર નથી રહેતી. મારી રચના એક એવો વાહક-તરંગ (કૅરિયર વેઇવ) જન્માવે છે જે એક્સ-રેની માફક તમામ ઘન પદાર્થોમાંથી પસાર થઇ શકે છે—ખુદ પૃથ્વીમાંથી પણ. પ્રકાશતરંગોનો પ્રત્યાઘાત આ વાહક તરંગોને માત્ર છેડે થાય છે—જેવી રીતે લાકડીનો માત્ર છેડો જ જમીનને સ્પર્શતો હોય છે તેમ. આ પ્રત્યાઘાતને લઇને પ્રકાશતરંગો આંદોલનો રૂપે તેમના સ્રોત ભણી પાછા વળે છે, જ્યાં તેઓ પાછા મૂળ પ્રકાશતરંગોના રૂપમાં આવે છે—જેવી રીતે રેડિયો તેના મૂળ પ્રક્ષેપ (ઓરિજીનલ ટ્રાન્સમિશન)ને શ્રાવ્ય અથવા દૃશ્ય બનાવે છે તેવી રીતે. ચોકમાંના મારા પ્રયોગ વખતે મારી પુત્રી આ ટેલીવીઝનનો ઉપયોગ કરી રહી હતી અને મને બધું જણાવી રહી હતી. મારી પીઠપર મેં અત્યંત નાજુક કદનો એક શૉર્ટ-વેઇવ રેડિયો સંતાડી રાખેલો અને અત્યંત બારીક તાર સાથેનાં નાજુક શ્રવણયંત્રો (ઈઅર ફોન્સ) મારે કાને લગાડી રાખેલાં. મારા ટેલીવીઝન દ્વારા જાણી શકાતા પ્રસંગો હું આગોતરા જાણી લેતો હતો, કેમકે પ્રકાશની ઝડપે એ જાણી શકાતા હતા.'

ફરી પાછી સૌના પર સ્તબ્ધતા છવાઈ ગઇ. છેવટે સર ગૅડ્સ્બી બ્રાઉ બોલ્યા: 'આ બધી વાતો તો તમે મૂળભૂત વૈજ્ઞાનિક તથ્યો દ્વારા સમજાવી અને તે તો સહેજે ગળે ઊતરે છે; પરંતુ નક્કર ધાતુની દીવાલોમાંથી તમે બધું મંચ પર કેમ આણી શકતા હતા?'

'એ પણ કહું.' કાર્ટન બોલ્યો: 'કોઇ બે ઘન પદાર્થો એકીસાથે એક જ ક્ષેત્રફળ ન રોકી શકે એમ તમે માનો છો ને?'

'બરાબર છે!'

'ના, એ બરાબર નથી.' કાર્ટન સર ગૅડ્સ્બી બ્રાઉને આશ્ચર્યમાં ગરકાવ કરતો બોલ્યો: 'પદાર્થ એ નક્કર વસ્તુ નહિ પરંતુ પોતપોતાના રાહમાં વર્તતા અણુપરમાણુઓ વચ્ચેની ખાલી જગ્યાનો બનેલો હોય છે. હવે, બે પદાર્થોના અણુપરમાણુઓ જો અમુક નિશ્ચિત સ્થિતિમાં જ મૂકી શકાય, તો એક પદાર્થના અણુપરમાણુઓ વચ્ચેની ખાલી જગ્યામાંથી બીજા પદાર્થના અણુપરમાણુઓ સહેલાઇથી પસાર થઈ જઈ શકે. બેહદ શક્તિશાળી વિદ્યુચ્ચુંબકો વડે હું તેમ કરી શકયો છું. આને લઇને જ નક્કર ધાતુની દીવાલોમાંથી એની અસર નીચે ગમે તે વસ્તુ સહેલાઇથી પસાર કરી શકાતી હતી. પ્રયોગમંચની છતમાં છુપાવેલા માઇક્રોફોન દ્વારા મારા તમામ આદેશો હું પહોંચાડી શકતો હતો.'

'અને તમારી પુત્રીએ હવામાં તરી બતાવ્યું હતું તે શી રીતે?'

'એ ગુરુત્વાકર્ષણના બંધનની શિથિલતાને આભારી હતું. હજુ એ શોધને મારે સંપૂર્ણતાએ પહોંચાડવાની છે. એમ થતાં અંતરીક્ષની સફર તદ્દન આસાન બની જશે.' એટલું કહી એ અટકયો ને પછી પાછો માથું સહેજ એક બાજુ ઢાળતો બોલ્યો: 'હવે માત્ર એક જ હિકમત મારે સમજાવવાની રહે છે, અને તે જલશક્તિ દ્વારા વીજળીના ઉત્પાદન માટે જરૂરી પાણીને લગતી. એને માટે મારા ભોંતળિયામાં જ ડ્રિલિંગ કરીને જમીનનાં પડો નીચેનું પાણી હું ઉપયોગમાં લેતો. બસ, હું ધારું છું કે આટલું પૂરતું છે. મારા દેશને મારી શોધો દ્વારા હું કેટલો ઉપયોગી થઈ શકું તેમ છું એ એમાં સ્પષ્ટ છે.'

'પ્રોફેસર, તમારા જેવી વિરલ પ્રતિભા—' વિલિસ કંઈક બોલવા જતો હતો ત્યાં તો ટર્નર પોતાની નોંધપોથી બંધ કરતો ઊઠયો, અને, 'માફ કરજો. આ નિવેદન છાપાની પહેલી જ આવૃત્તિમાં મૂકવા મારે તાબડતોબ દોડી જવું જોઇએ' એમ બોલતો, જોનને પણ હાથે પકડી પોતાની સાથે ખેંચતો તે ત્યાંથી ઊપડી નીકળ્યો.

[૮]

એક મહિના બાદ એબલ કાર્ટન સામેના મુકદ્દમાનો ચુકાદો આવ્યો. ચુકાદામાં પબ્લિક પ્રોસીક્યૂટરની સખ્ત ટીકા કરવામાં આવી. પ્રજામાંથી ઊઠેલી માગણીને વશ બનીને સરકારને એબલ કાર્ટનને દેશના વૈજ્ઞાનિક સંશોધનોના નિયામકપદે મૂકવો પડયો અને લોહિતાંગમંદિર એ દેશનું સર્વોપરિ પ્રયોગમંદિર બની રહ્યું.

(જૉન રસેલ ફર્નની વાર્તા પરથી) અશોક હર્ષ

લાલ જાદૂગરે


- હવામાં દોરડું ફેંક્યું ને તે અદ્ધર ઊભું રહ્યું!
- તેના ઉપર પોતે ચડયો ને અદૃશ્ય થઇ ગયો; એટલું જ નહિ, દોરડું પણ અદૃશ્ય થઈ ગયું!
- એક ઠેકાણે આગ લાગેલી તે હુકમ કરતાં જ હોલવાઇ ગઇ!
- નક્કર ધાતુના ગોળા એકબીજામાંથી પસાર કરી બતાવ્યા.
- માણસ હવામાં તરતું હોય તેમ અદ્ધર ઊભું રહ્યું અને પછી અદૃશ્ય થઈ ગયું.
- દુનિયાને બીજે છેડે બનતા બનાવો ભવિષ્યવાણીની પેઠે આગોતરા કહી સંભળાવ્યા.

આ બધું શી રીતે સાધ્યું
તેના વૈજ્ઞાનિક ખુલાસા
આ વાર્તામાં આપ્યા છે.

ટિકિટ સંગ્રહ આજનો સંસારવ્યાપી શૉખ

એ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

ટિકિટો મૂલ્યવાન કેમ બને છે તેનાં કારણ સાથે એક દાખલો ગયા અંકમાં આપ્યો હતો, જેમાં, અકસ્માત થએલી ભૂલને લીધે તેની વિશિષ્ટતા ગણાઇ હતી. અહીં બીજો એક ભૂલનો દાખલો આપ્યો છે.



જોડાજોડ આવેલી આ બે ટિકિટોમાં એક અવળી છપાએલી છે. એ સ્થિતિમાં એને ટિકિટોની પરિભાષામાં tete-beche pair (ઉલટાસુલટ જોડકું) કહે છે. મૂલ્ય આજે ૧૦ પૌંડ છે; પણ એને કાપીને છુટી પાડી દો એટલે તેની કિંમત ત્રણ જ પેન્સ થઈ જાય. કેમકે પછી તે દરેક દોઢદોઢ પેન્સની સામાન્ય ટિકિટ બની જવાની. એની વિશિષ્ટતા તેના અવળા છપાવામાં જ રહેલી છે. એમ કેમ બન્યું હશે એવો સ્વાભાવિક પ્રશ્ન થાય. ટપાલ-ઑફિસમાંથી ટિકિટોની નાની ચોપડીઓ મળે છે એ તમે જોઈ હશે. એ ચોપડીઓ બાંધવા માટે શીટને વાળીને છ-છ ટિકિટોની થોકડીમાં કાપવામાં આવે ત્યારે સિલાઈના ટાંકા મારવા માટે ડાબી બાજુએ જ કોરી જગ્યા રહેવી જોઇએ. એ સારુ ટિકિટના એક શીટમાં અરધીનાં માથાં એક બાજુ અને બાકીની અરધીનાં બીજી બાજુ છાપે તો જ ડાબી બાજુએ એવી કોરી જગ્યા રહે તે રીતે તેની થોકડીઓ બનાવી શકાય. એવી ચોપડીઓ બન્યા વગરના શીટમાંથી આ 'ઉલટાસુલટ જોડકું' મેળવેલું છે.

તમને જાણીને નવાઈ લાગશે કે દુનિયાભરમાં વિશિષ્ટતાવાળી હજારો મોંઘી ટિકિટોમાં જે સૌથી વધુમાં વધુ મૂલ્યવાન ટિકિટ છે તેના દિદાર તદ્દન મામૂલી છે. એ છે ૧૮૫૬ની બ્રિટિશ ગાયાનાની ૧ સેન્ટની ટિકિટ. દુનિયાભરમાં તેનું એક જ નંગ હયાત છે અને તેની કિંમત આજ ૮૦૦૦ પૌંડ (લગભગ એક લાખ ઉપરાંત રૂપિયા) ગણાય છે. બનેલું એવું કે બ્રિટિશ ગાયાનાની ટપાલ ઑફિસમાં એક સેન્ટની ટિકિટો ખૂટી પડેલી એટલે લંડનથી નવી ટિકિટો છપાઇને આવી પહોંચે ત્યાં સુધી ચલાવવા માટે થોડી ટિકિટો ત્યાં જ છાપવાનો સત્તાવાળાઓએ ઑર્ડર આપ્યો. બ્રિટિશ ગાયાનાની ટિકિટો ઉપર જહાજનું ચિત્ર આવતું હતું. પણ છાપખાનાવાળા પાસે ખાસ જહાજના ચિત્રની જોગવાઈ ન હતી, તેથી તેણે વર્તમાનપત્રોમાં વહાણોની આવ-જાના સમાચારના મથાળા ઉપર જે વહાણનું સામાન્ય ચિત્ર છપાયા કરે છે તે મૂકીને ટિકિટો છાપી. એ એટલી મામૂલી ને બેડોળ હતી કે પોસ્ટ માસ્તરને ભય લાગ્યો કે કોઇ પણ છાપખાનાવાળો આની નકલ કરીને બનાવટી ટિકિટો છાપી કાઢશે. (જુઓ મથાળાનું ચિત્ર). આથી પોસ્ટ માસ્તર તથા તેના ત્રણ મદદનીશોએ એ બધી ટિકિટો ઉપર પોતાની સહીઓ કરી નાખી. એમાંથી બચી ગએલી માત્ર એક ટિકિટ સિવાય બાકીની બધી ટિકિટોનું શું થયું તે આજ લગી કોઇ જાણતું નથી. એ મોંઘી ટિકિટ આજે ન્યૂ યૉર્કના એક ટિકિટ શૉખીનના સંગ્રહમાં છે. ઈંગ્લંડના રાજા પાંચમા જ્યૉર્જને તેણે તે ભેટ આપવા ઈચ્છા દર્શાવેલી કેમકે રાજાનો સંગ્રહ દુનિયાના સુંદરતમ સંગ્રહોમાંનો એક ગણાતો. પણ રાજાએ એ દરખાસ્તને નકારીને જણાવ્યું કે એના બદલામાં આપી શકું એવું મૂલ્યવાન મારા સંગ્રહમાં કશું નથી. અને એ એટલી તો વિરલ વસ્તુ છે કે રાજાને માટે પણ તે ભેટ ભારે થઈ પડે.

આ રીતે, અછત ઊભી થવાને કારણે, અડચણના સમયે કામચલાઉ કાઢેલી એવી જ એક મૂલ્યવાન ટિકિટનું બીજું ઉદાહરણ: ઇ. ૧૯૦૧માં જર્મન મનવાર 'વિનેટા' ઉપર અચાનક ત્રણ ફેનિંગની ટિકિટનો જથ્થો ખૂટી ગયો. તેથી પર્સરે પાંચ ફેનિંગવાળી ટિકિટોને કાપી, એકના બે ટુકડા કરીને દરેક ટુકડા પર 'ત્રણ ફેનિંગ' એવા અક્ષરોવાળા જાંબલી રંગના રબર સ્ટૅમ્પ વડે સરચાર્જનો સિક્કો છાપ્યો. આમ, આપત્તિકાળે સરજાએલી આવી સરચાર્જવાળી અડધિયા ટિકિટના નંગની આજે ૮૦૦ પૌંડ કિંમત બોલાય છે. પણ એ આપત્તિ 'ખરી' હોવી જોઇએ. હવે તો કેટલાક દેશો લોભથી આવી ચિત્રવિચિત્ર ટિકિટો કાઢતાં શીખ્યા છે. હિંદમાંનાં પોર્ચુગીઝ સંસ્થાનોએ ૧૯૧૧માં આવી યુક્તિ કરીને એક ટિકિટનાં બે અડધિયાં કાપી સર-ચાર્જ ટિકિટો કાઢેલી. પણ એ વિરલ બની ન શકી. (ચાલુ)



દુનિયાની મોંઘામાં મોંઘી ટિકિટ: બ્રિટિશ ગાયાનાની ગુલબાસ રંગની એક સેન્ટની ટિકિટ આબેહૂબ આ જ નમૂનાની છે. ફેર એટલો કે આમાં જમણી બાજુએ 'ફોર સેન્ટ્સ'(ચાર સેન્ટ) એવા અંગ્રેજીમાં અક્ષરો છે, તેને બદલે એ ટિકિટમાં 'વન સેન્ટ' એવા અક્ષરો છે. દુનિયાભરમાં એનું એક જ નંગ છે અને તેની કિંમત એક લાખ રૂપિયા ઉપરાંતની અંકાય છે. એની હકીકત આ લેખમાં આપી છે.

દક્ષિણ આફ્રિકાના વસાહતીઓની સ્મારક-ટિકિટો તથા કવર

(જુઓ પાછળના પાનાનું ચિત્ર)

દક્ષિણ આફ્રિકામાં વસવાટ કરવા ગએલા યુરોપવાસીઓમાં મોટાભાગના ડચ-વલંદા લોકો છે. પ્રથમ તેઓ કેઈપ પ્રૉવિન્સમાં વસ્યા, અને પછી ઉત્તર તરફ ટ્રાન્સવાલમાં આગળ વધ્યા. તેમાં તેમને જંગલો, રાની પશુ-પ્રાણીઓ તથા ત્યાંના આદિવાસીઓની સામે બાથ ભીડીને ઘણી જહેમત, સંકટો ને ભોગ ખમવાં પડેલાં. આમ, એ ભૂમિને પચાવી પોતાની બનાવવાના પૂર્વજોના પુરુષાર્થની યાદગીરીમાં એ લોકોએ લગભગ બે લાખ પૌંડના ખર્ચે એક મોટું સ્મારક Voortrekker Monument બંધાવ્યું છે. એને પૂરું થતાં લગભગ ૧૦-૧૨ વર્ષ થયાં. ગઇ તા. ૧૬મી ડિસેમ્બરે (૧૯૪૯) એ ખુલ્લું મુકાયું તેના સ્મરણમાં ત્યાંની પોસ્ટ ઑફિસે ત્રણ ખાસ ટિકિટો તથા ફર્સ્ટ-ડે કવર બહાર પાડયાં હતાં તે પાછળ આપ્યાં છે. ટિકિટોને રદ કરવા એ જ સ્મારકમંદિરના ચિત્રવાળી ખાસ છાપ યોજવામાં આવેલી તે પણ તેમાં છે. ટિકિટો પર એ પ્રસંગને અનુસરતાં ચિત્રો છે. ૧ પેનીની ટિકિટમાં એ લોકો કેવાં ગાડાંમાં અને કેવા કપરા રસ્તાઓ પર થઈ આવેલા તે બતાવ્યું છે. ૧।। પેનીની ટિકિટો પર, વચ્ચે સ્મારકનું ચિત્ર છે; બંને બાજુએ



અંગ્રેજી તથા આફ્રિકન નામ છે. નીચે ત્યાંના મૂળ વતનીઓની ઢાલ છે અને ઉપર બ્યૂગલ છે. ૩ પેનીની ટિકિટ પર એ અંધારા આફ્રિકામાં પોતે ધર્મ તથા સંસ્કૃતિનો પ્રચાર કર્યાના પ્રતીક રૂપ બાઈબલ ને દીપકજ્યોત દર્શાવી છે. તેની બંને બાજુ આદિ સંસ્થાપકોનાં પ્રતિનિધિ-ચિત્ર છે: એક બાજુ તે સમયનો પોશાક પહેરેલી સ્ત્રી બાળક સાથે છે ને બીજી બાજુ ઘોડેસવાર પોતાના કૂતરા સાથે દૂરના પ્રદેશને નજરાવતો આલેખ્યો છે. ફર્સ્ટ-ડે કવર ઉપર પણ એ જ આલેખન છે. નીચલે જમણે ખૂણે દક્ષિણ આફ્રિકાએ કાઢેલી યુ. પી. યુ. (વિશ્વ-ટપાલ-સંઘ)ની ૭૫મી જયંતીની ટિકિટ છે. (મોકલનાર : છોટુભાઈ ન. મહેતા, પ્રીટોરિયા, દ૦ આ૦)

ટિકિટ-સંગ્રહનું શાસ્ત્રીય જ્ઞાન મેળવવામાં મદદરૂપ થાય તેવો એક નાનો સરખો અંગ્રેજી કોષ પ્રકટ થયો છે, જેમાં ૨૨ પાનાંમાં ટિકિટ-સંગ્રહ વિષેના બધા શબ્દોના અર્થ સમજ સાથે આપ્યા છે. કિંમત જણાવી નથી. નામ-સરનામું નીચે મુજબ છે: Standard Philatelic Dictionary Compiled by Vijay Krishna, Abhay-Vinay Pub-lications, 110 Khajuri Banaras-2



લંડનમાં ક્રૉયડન ખાતે એક 'આંતરરાષ્ટ્રીય–ભાષા–ક્લબ' નામનું વિદ્યાર્થીઓ માટેનું નિવાસગૃહ છે. દુનિયાના પચાસેક દેશોના ૫૦૦ જેટલા વિદ્યાર્થી ત્યાં વસે છે. એ ક્લબના વાર્ષિક ભોજનસમારંભ વેળાના આ ચિત્રમાં ત્યાં રહેતાં એક હિંદી (પારસી) વિદ્યાર્થી મિસ મેહરૂ દાવર ક્રૉયડનનાં મેયરેસ સાથે હાથ મિલાવે છે. ડાબી બાજુએ છેલ્લા છે તે કૉમનવેલ્થ સંબંધક ખાતાના એ વખતના રાજ્યમંત્રી મિ. ફિલિપ નોએલ-બેકર છે. તેમની પાછળ આ ક્લબના સ્થાપક મિ. ટેરેન્સ ડિસ્કાલે ને તેમની પાછળ ક્રૉયડનના મેયર (લમણે હાથ દઈ) ઊભા છે. મેયરેસની બંને બાજુ નાઈજીરિયાના બે વિદ્યાર્થીઓ છે. ઝગડતી દુનિયામાં એખલાસ વધારવામાં આવી સંસ્થાઓ ઘણો ફાળો આપી શકે.

પરદેશી પત્રમિત્રો(અનુસંધાન પૃ૦૧૦૨થી)અમે એટલું તો જાણી ગયા કે અમેરિકનો એશિયામાં કમ્યુનિસ્ટોની પ્રગતિ માટે પોતાની ચીનની બાજીને જવાબદાર લેખે છે અને ભૂલ કબૂલ કરે છે, એટલું જ નહિ પણ જ્યારે અમે અમેરિકનોનાં વખાણ કરીએ, ત્યારે તેઓ તરત ચેતવે છે કે 'અમારામાંના બધા તમે ધારો છો તેવા નથી.'

પછી મેં શિકાગો સ્ટેશન પર મારા અવાજની રેકર્ડ (ગ્રામોફોન પર વગડી શકે તેવી) ઊતરાવી. અહીં પોતાનો અવાજ રેકર્ડ પર ઉતારવા મોટાં સ્થળોએ ઑટોમૅટિક રેકોર્ડર હોય છે. તેમાં ૩૫ સેન્ટ નાખો એટલે ૬૫ સેકન્ડ બોલવા માટે લાઈટ થવા માંડે. તમે એક નાની બારી સામે બોલવાનું શરૂ કરો, ને લાઇટોથી સમયની ખબર પડતી રહે. ૬૫ સેકન્ડ સુધી બોલેલા બધા શબ્દો રેકર્ડ પર ઊતરે. પછી એ જ રેકર્ડ ફરી વાર આપમેળે વગડે એટલે બોલેલું બોલનાર સાંભળે. પછી તે બહાર નીકળે ને આપણે લઇ લઈએ. બીજા પાંચ સેન્ટ નાખી પૅક કરવાનું કવર મેળવો.

અમે એક ચાઇનીઝ રેસ્ટોરાંમાં ખાવાનું પતાવી બસની રાહ જોતા ઊભા. બસની મુસાફરીમાં આનંદ આવ્યો. શિકાગો ૧૪૦ માઇલ દૂર છે. બસ પણ આધુનિક સગવડ વાળી—હવા-પવન-ઠંડી ન લાગે તેવી હતી. રસ્તામાં ખાસ કરીને મકાઇનાં ખેતરો હતાં. અહીં રાસાયણિક ખાતરોનો બહુ ઉપયોગ થાય છે. તેનો અભ્યાસ કરવા પણ ખેડૂતના દીકરા અહીં આવે છે. રસ્તામાં એક નાનું સરોવર આવ્યું. અમેરિકાનાં સરોવરો અજબ નૈસર્ગિક સમૃદ્ધિ છે. રસ્તામાં, ચાલતી બસમાંથી ડ્રાઇવર રસ્તાનાં ઘરો માટેનાં વર્તમાનપત્રોનાં પાકીટો પોતાની જગા પર બેસી, બારણું ઉઘાડી, રસ્તા પર ફેંકતો જાય ને એ રીતે સમય બચાવે. એક માણસ બેત્રણ માણસનું કામ કરે. અહીં એ જાતનું માનસ તો દરેક સ્થળે દેખાય છે.

ઑફિસોમાં, રેસ્ટોરાંમાં, લાયબ્રેરીમાં–ઘણીખરી જગ્યાએ સ્ત્રીઓ જ કામ કરે છે. તે ઘણી ચંપળતા ને રસથી કરે છે ને માણસો માટે ઈજનેરી જેવા જ ધંધા રાખે છે. અહીં આખું શહેર સવારના ૮ થી સાંજના ૫ સુધી કામ કરે; પણ ૫ વાગ્યે બધું બંધ થઈ જાય. દિવસ ૪॥ વાગ્યે આથમે. સાંજે ફરવા જવા જેવી રીત છે જ નહિ, તેમ જાહેર બગીચા કે એવું કંઇ જ નથી.

શિકાગોમાં નટરાજ વશી ને તેનાં પત્ની પ્રવીણા (જે શિલ્પનું ભણે છે) ઘર રાખી રહે છે, ને ઘેર ગુજરાતી જમણ રાંધે છે. તેનાં નૃત્યો તો ત્યાં બહુ વખણાય છે. સૌ મળ્યાં, ને બહુ જ ભાવવાળી વાતો કહી. ઉપરાંત, શીખો, બંગાળીઓ, હિંદી પ્રોફેસરોની અમેરિકન સ્ત્રીઓ (હિંદી પોષાકમાં) વગેરે ઘણું જોવાનું મળ્યું. એ રીતે એ આનન્દદાયક ને ચિરસ્મરણીય અનુભવ લેવા માટે ધન્યતા અનુભવી.

જર્મની (બ્રિટિશ ઝોન)નાં સરનામાં

દરેક નામના ગામના નામ પછી (British Zone) એટલા શબ્દો ઉમેરી લેવા. પત્રવ્યવહાર કરતી વખતે શ્રી ગિરધારીલાલ ઑફ. ૭૧૧/૩ સાકર બજાર, અમદાવાદ, એ નામનો ઉલ્લેખ કરવો.

Boys only: (1) Hagen Bulow, 24 Wacken u. Ttzehoe, Schleswig-Holstein, Boy—19, (Art, Nature,Science); (2) Klaus Sylla, 24b Koempe Kanal Str. 3, Schleswig-Holstein, Boy—20, (Chemistry); (3) Ernst Peters, 24b Ttzehoe Gutenhorg Str. 15 Schieswig-Holstein, Boy—19, (Literature); (4) Gottfried Brandstater, 24b Ttzehoe Liethberg 52, Schleswig-Holstein, Boy—18, (Music, Technics); (5) Georg Forkemitt, 24b Kelliug Kusen Linden Str. 44, Schleswig-Holstein, Boy—18, (Nature); (6) Walter Gerdts, 24 Brunsbuttel Koog Kanal Str. 6, Schleswig-Holstein, Boy—18, (Biology); (7) Hans-Jurgen Brede, 24 Lockstedter-Lager Lagen Str. 5, Schleswig-Holstein Boy—18, (Stamps); (8) Hubertus Bendikowski, 24 Burg i. Dithm. Bahnhof Str. 46, Schleswig-Holstein, Boy—20, (Art, Stamp); (9) Hans-Werner Otto, 24b Wilster Landrecht 53, Schleswig-Holstein, Boy—20, (Literature); (10) Gunter Kroger, 24b Ttzehoe Eckenerweg 5, Schleswig-Holstein, Boy—17, (Music, Literature); (11) Gunter Rudtger, 24b Ttzehoe Neuhof, Schleswig-Holstein, Boy—20, (Art, Technic).

Girls Only: (1) Ursula Ahrens, Ttzehoe Olidorfer Str. 3, Schleswig-Holstein, Girl—20, (Religion, Customs); (2) Engelit Engler, 24b Ttzehoe Hindenburg Str. Schleswig-Holstein, Girl—20, (Medicine); (3) Gretel Brandt, 24b Hochfeld B./Wilster, Schleswig-Holstein, Girl—20, (Politics, Indian Religions); (4) Hella Bock, 24b Husum Bahnhof Str. 31, Schleswig-Holstein, Girl—20, (Religion, Custom); (5) Ingrid Hellm, 24b Ot:enbuttel 4./Ttzehoe, Schleswig-Holstein, Girl—20, (Customs); (6) Helga Hinrichsen, 24b Ttzehoe Edendorfer Str. 84, Schleswig-Holstein. Girl 20, (Usage, Landscape); (7) Eva Jentschura, 24b Looft post Hohenaspe, Schleswig-Holstein, Girl-20, (Politis, Religion); (8) Ingrid Lahossen, 24b Wilster Am Audeich 15, Schleswig-Holstein, Girl, 20, (Economics, Religion); (9) Renate Keuchel, 24b Ttzehoe Teldschmiedekamp 18, Schleswig-Holstein Girl-20, (Politics, Books); (10) Edith Krause, 24b Ttzehoe Olixdorfer Str. 58, Schleswig-Holstein, Girl -20, (Customs); (11) Ursula Matting, 24b Ttzehoe Bismarck Str. 23, Schleswig-Holstoin, Girl—20, Daily life, Politics.

જે અનેક પત્રમિત્રો મારી પાસેથી જુદાજુદા દેશોનાં સરનામાં મંગાવે છે તેમને, જવાબ માટે પોતાના સરનામાવાળું પોસ્ટેજ ચોડેલું કવર મોકલવા વિનતિ છે

ફરિયાદો વિષે

ગયા અંકમાં અમે પ્રકટ કરેલી ફરિયાદોને અનુમોદન આપતા પત્રો તે પછી અમને મળ્યા કર્યા છે. એમાંના બે: 'નવેમ્બર અંકમાં પ્રકટ થએલા બહેન શ્રી...ને મેં ત્રણેક પત્રો લખ્યા પણ પ્રત્યુત્તર જેવું મળ્યું જ નહિ. મને તો આ પણ કોઇ વિદ્યાર્થીનું વિદ્યાર્થિની તરીકે નામ પ્રકટ કરવાનું કાર્ય દેખાય છે.' બે મિત્રો એક સંયુક્ત પત્રમાં લખે છે: પણ અમને બંનેને 'એવા પત્રમિત્રોનો અનુભવ થયો છે કે જેમને સંખ્યાબંધ પત્રો લખવા છતાં જવાબ મળ્યો નથી. હિંદીઓની જે નામાવલિ પ્રકટ થાય છે તે બંધ કરવી જ યોગ્ય છે.'

એક સુધારો

૩૧૪મા અંકમાં ૯૮મા પાના ઉપર આપેલાં અમેરિકાનાં સરનામાંમાં નં. ૩ થી ૫ ના ગામ Baltimoreનું પરગણું Ind. (ઇન્ડિયાના) નહિ પણ Md. (મેરીલૅન્ડ) જોઈએ તે સુધારવું.

· આ માસ (માર્ચ) ઈતિહાસમાં

તા. ૩ મુંબાઇના પ્રસિદ્ધ દૈનિક બૉમ્બે ક્રૉનિકલની સ્થાપના, ૧૯૧૩
તા.૪ ગાંધી-અરવિન કરારથી હિંદી રાષ્ટ્રીય લડતની તહકૂબી, ૧૯૩૧
તા.૬ ઈટાલિયન કલાકાર ને શિલ્પી માઇકેલ ઍન્જેલોનો જન્મ ૧૪૭૫
તા.૮ રશિયામાં રાજાશાહી સામે જબ્બર લોકક્રાંતિનાં મંડાણ, ૧૯૧૭
તા. ૧૨ ચીની સ્વાતંત્ર્યના પિતા સુન યાટ સેનનું મૃત્યુ, ૧૯૨૫
તા. ૧૪ સૂર્યમાળાનો સૌથી દૂરનો ગ્રહ પ્લેટો શોધાયો, ૧૯૩૦
તા. ૧૮ લૉર્ડ અરવિનને હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું. ૧૯૨૭
તા. ૧૯ આફ્રિકા ખૂંદનાર સાહસ-સફરી લિવિંગ્સ્ટનનો જન્મ, ૧૮૧૩
તા. ૨૧ ગરત કવિ બાલાશંકર ઉલ્લાસરામનું અવસાન, ૧૮૯૮
તા. ૨૨ સુભાષબાબુની આઝાદ હિંદફોજનો ઈમ્ફાલમાં પ્રવેશ, ૧૯૪૪
તા. ૨૩ લાહોર કાવતરા કેસ અંગે ભગતસિંહ વગેરેને ફાંસી, ૧૯૩૧
તા. ૨૪ સ્વામી શ્રદ્ધાનંદજીએ હરદ્વારનું ગુરુકુલ સ્થાપ્યું, ૧૯૦૨
તા. ૨૫ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈનું અવસાન, ૧૮૯૮
તા. ૨૭ નાસિકની 'ભોંસલે લશ્કરી શાળા' ખુલ્લી મુકાઈ, ૧૯૩૮
તા. ૨૮ પેશ્વાઈના સ્તંભ સમા નાના ફડનવીસનું અવસાન, ૧૮૦૦
તા. ૨૯ દક્ષિણ ધ્રુવની શોધમાં કૅપ્ટન સ્કૉટ ગારદ થયો, ૧૯૧૨
તા. ૩૦ હિંદ-ઇંગ્લંડ વચ્ચેનો વિમાન-વ્યવહાર શરૂ થયો, ૧૯૨૯

આ માસની વ્યક્તિવિશેષ : વિલિયમ મૉરિસ



કવિ, ચિત્રકાર, શિલ્પી, લેખક, મુદ્રક ને કારીગર,—એમ અનેકવિધ ઉજ્જ્વલ પ્રતિભા–પાસાં ધરાવનાર, ને ઇંગ્લંડની સંસ્કારિતાના નવપલ્લવકાળની અગ્રણી આ વ્યક્તિનો જન્મ વાધામસ્ટો ગામે ઈ. ૧૮૩૪ની ૨૪મી માર્ચે એક ધનાઢ્યને ત્યાં થએલો. તેરમે વર્ષે તો તે કૉલેજમાં ગયો; પણ ત્યાં ચાલુ અભ્યાસને બદલે તે ભમીભટકીને પ્રકૃતિના જ પરામર્શમાંથી અનોખી રીતે જ્ઞાન મેળવતો. દરમિયાન તે પ્રખ્યાત ચિત્રકાર એડવર્ડ બર્ન-જોન્સની મૈત્રી દ્વારા કેટલીક વ્યક્તિઓનો પરિચય પામ્યો જેમાં ઑક્સફર્ડનું વાતાવરણ ભળતાં તે સૌને ધર્મ અને તત્ત્વજ્ઞાનનો નાદ લાગ્યો. પણ મૉરિસે પોતાનો જીવનસંદેશ કળાકૃતિઓ દ્વારા જ ઉચ્ચારવામાં પોતાનો પૈસો ખરચવા માંડયો. બર્ન-જોન્સ જોડે ફ્રાન્સ ને બેલ્જિયમનો પ્રવાસ કરી તેણે ગૉથિક શિલ્પનો અભ્યાસ કર્યો, જેને પરિણામે પાદરી બનવાને બદલે બર્ન-જોન્સે ચિત્રકાર થવાનો અને મૉરિસે શિલ્પી બનવાનો નિરધાર કર્યો.

પણ મૉરિસને પોતાની લેખનશક્તિનું ભાન થતાં તેણે 'લાલ શિખરનાં રુદનવૃક્ષ' નામનું પોતાનું પહેલું કાવ્ય પ્રકટ કર્યું ને આમ એ સરવાણી વહેતી થઈ. જેને પરિણામે તેણે 'ઑક્સફર્ડ ને કૅમ્બ્રિજ' નામનું પત્ર કાઢ્યું. તે એક જ વર્ષ ચાલ્યું, પણ અંગ્રેજી સાહિત્યનું અનોખું અંગ થઈ ગયું. આ વેળા તેને દાન્તે ગૅબ્રિઅલ રૉઝેટીનો સંસર્ગ થયો. તેના કહેવાથી પોતે શિલ્પ-વ્યવસાય હાથ પર લીધો, પણ તે પૂરું વરસ પણ ન ટક્યો. હવે તેનું મન રોજિંદા વપરાશની વસ્તુઓમાં કલાનો પ્રાણ પૂરવામાં પરોવાયું; સાથોસાથ ચિત્રો પર પણ હાથ અજમાવ્યો; જોકે હજી યે તેનું લેખન-કાર્ય તો ચાલુ જ હતું. ૧૮૫૮માં તેણે 'ગનીવરની રક્ષા' નામે કાવ્ય સંગ્રહ બહાર પાડયો, પણ તેનો ઝોક કલામય ગૃહ-શૃંગાર પ્રતિ વળ્યો ને તે ઉદ્દેશથી 'મોરિસ ઍન્ડ કં. સ્થાપીને તે દ્વારા શોભનકાર્યોમાં નવું પરિવર્તન લાવ્યો. દસ વર્ષ તેણે એ માટે અથાક પરિશ્રમમાં ગાળ્યાં. પણ લેખનને તે નહોતો ભૂલ્યો. ૧૮૬૭માં તેણે 'જેસનનાં જીવન ને વિદેહ' તથા 'પાર્થિવ સ્વર્ગ'ના ત્રણ ભાગ બહાર પાડ્યા.

૧૮૭૧માં અને ૧૮૭૩માં તે આઇસલૅન્ડના લોકોનું વીર્યવાન પરાક્રમી જીવન જોવા તથા સ્વીડન-નૉર્વેના 'સાગા' (મહાકાવ્યો) ભેગા કરવા ગયો, જેના પરથી તેણે 'સીગર્ડ ધ વૉલસંગ' નામે મહાકાવ્ય તથા બીજી કૃતિઓ રચી. કળા-હુન્નરનાં ભાષણો આપવા સાથે હવે તે રાજકારણમાં પણ ઊતર્યો. 'નૅશનલ લિબરલ લીગ'-માંથી આગળ વધી હવે તે સમાજવાદ તરફ ઢળી 'ડેમૉક્રેટિક ફેડરેશન'માં ભળ્યો અને તેના મુખપત્ર 'ઈન્સાફ'માં દ્રવ્ય અને લેખો ભરવા લાગ્યો. પણ લાંબે ગાળે કામદારોમાં વાંધો પડતાં તેમાંથી છૂટો થયો. કળા-હુન્નર અને ઉદ્યોગધંધા તથા સર્વસામાન્ય ઉપયોગી વિષયો પર ભાષણો અને બે ગદ્ય પુસ્તકો આપવા સાથે હવે તેણે જીવનનું મહત્કાર્ય શરૂ કર્યું, ને તે 'કેલ્મસ્કૉટ પ્રેસ'. રૂપસુંદર પુસ્તકોનો તેનો અનુરાગ હવે રત્નસમ સાહિત્ય છાપવામાં પરિણમ્યો.

ટેનિસનના મૃત્યુ બાદ તેને રાજકવિનું પદ આપવામાં આવ્યું તે તેણે નકાર્યું. ૧૮૯૫માં તે છેલ્લીવાર જાહેરમાં બોલ્યો, ને ૧૮૯૬માં પોતાનું છેલ્લું પુસ્તક 'ધોધમાર પૂર' લખ્યું. પણ હવે પાંચ વર્ષની જૂની બિમારીએ જોર પકડયું, તંદુરસ્તી લથડી. અને તે આરોગ્ય સારુ ઉત્તર ભૂશિરના પ્રવાસે નીકળ્યો; પણ એ માંદવાડમાં જ ૧૮૯૬ના ઑક્ટોબરની ૩જી ને મંગળવારે અવસાન પામ્યો.

આ માસનો પ્રસંગ-વિશેષ: '૫૭ના સંગ્રામની ચિનગારી

ડેલહાઉસીની અન્યાયપૂર્ણ ખાલસાનીતિ તથા લોકોને ખ્રિસ્તી બનાવવા લશ્કરમાં ને બીજે સરકારની મદદથી ચાલતો ધર્મપ્રચાર વગેરેને લીધે, લશ્કર તથા પ્રજામાં જે લડાયક અસંતોષ ફેલાયો હતો તેનો ઉપયોગ કરીને, નાનાસાહેબ પેશ્વા તથા મૌલવી અહમદશાહ આદિ સૂત્રધારોએ લશ્કર તથા જનતાને અંગ્રેજો સામે આખરી સ્વાતંત્ર્યજંગ ખેલવા તૈયાર કર્યાં અને ૩૧મી મે ૧૮૫૭ના રોજ હિંદભરમાં એકીસાથે સ્વાતંત્ર્યયુદ્ધનો વાવટો ફરકાવવાનું નિશ્ચિત થયું. પણ તે પહેલાં એક અકલ્પિત ઘટના બની. ગાય ને ડુક્કરની ચરબીવાળાં નવી જાતનાં કારતૂસો વાપરવાની સિપાહીઓ પર બળજબરી થવાથી અસંતોષથી ધૂંવાફૂંવા થએલા સૈનિકો ઉશ્કેરાઇ ગયા. બંગાળમાં બરાકપુર ખાતે ૧૯મી પલટને એ કારતૂસો વાપરવાની સાફ ના પાડતાં તેમનાં હથિયારો છીનવી લેવા અંગ્રેજોએ ૨૯મી માર્ચે તેને મેદાન પર બોલાવી. શાંતિથી હથિયારો ઉતારી આપવા કરતાં વિપ્લવ શરૂ કરી દેવાની સૈનિકોની ઇચ્છા હતી; પણ નેતાઓએ તેમને ૩૧મી મે સુધી થોભવાની સલાહ આપી. પરંતુ એ પલટનનો મંગળ પાંડે નામનો જવાન આ અપમાન ગળી જવા તૈયાર નહોતો. પલટન મેદાન પર આવતાં જ તે પલટનની આગળ કૂદી આવી સૈનિકોને વિપ્લવ શરૂ કરવા એલાન કરવા લાગ્યો. એ જોઈ પલટનના સાર્જન્ટ મેજર હ્યુસને તેને ગિરફતાર કરવા સૈનિકોને હુકમ કર્યો. પણ કોઇ સૈનિક એ માટે આગળ ન આવ્યો! ત્યાં તો મંગળે ગોળી છોડી હ્યુસનને ઠાર કર્યો. એટલે લેફટેનન્ટ બઘ ઘોડા પર બેસી તેની સામે ધસ્યો. તેને પણ ગોળીથી જમીન પર પાડી દીધો. બઘે પાંડે પર ગોળી છોડી, પણ પાંડે બચી ગયો અને તરત જ આગળ વધી તેણે તલવાર વતી બઘને કાપી નાખ્યો. આ જોઇ કર્નલ વ્હીલર નાસીને જનરલ તથા બીજા ગોરા સિપાહીઓને તેડી આવ્યો. એ જોઈ ફિરંગીના હાથમાં જીવતા પકડાઇ જવા કરતાં મૃત્યુ બહેતર ગણીને એ જવાંમર્દ મંગળ પાંડે એ પોતાની ઉપર જ પોતે ગોળી ચલાવી લીધી. ઘાયલ થએલા મંગળ પાંડેને ગિરફતાર કરી તેના પર કામ ચલાવવામાં આવ્યું અને ૮મી એપ્રિલે તેને ફાંસી અપાઈ.



માધુકરી

સળગે બ્રહ્માંડની હોળી અહર્નિશ, ખડક્યાં તમસનાં ઈંધણાં,
ચેતનની જ્વાળાઓ ઊડે ફરતી ચગે સુરઅસુરની રમણા;
વચ્ચે બેસીને હોંસભરી હોલિકા દેવો સામે રહે ડણકી,
ખોળે પ્રહ્લાદ પ્રભુબાલ રમે એનું ખિલખિલતું હાસ્ય રહે રણકી:
હસી ઊડે ત્રિકાળનાં હૈયાં
—ધૂમે ઘેરૈયા.
—ઉમાશંકર જોષી

(સંસ્કૃતિ)

સ્વ. ડૉ. સચ્ચિદાનંદ સિંહા: આધુનિક બિહારના પિતા

હોળીને દિવસે સઘળા મુલાકાતીઓને અબીલ આપીને એંશીમા વર્ષે પણ હોળીનો આનંદ માણ્યા બાદ, ધૂળેટીની સવારે સાડા છ વાગ્યે ચિરનિદ્રામાં પોઢી ગએલા ડૉ. સચ્ચિદાનંદ સિંહા પર એકલું બિહાર જ નહિ પણ સારું યે ભારત ગમગીની અનુભવે તો નવાઇ નહિ. પાર્લામેન્ટમાં એમને અંજલિ આપતાં સરદાર પટેલે એમને બિહારના પિતા ગણાવ્યા હતા, અને તેમાં મુદ્દલ અતિશયોક્તિ નથી. રાજનીતિના તેમજ રાજવહીવટના અવ્વલ કક્ષાના નિષ્ણાત હોઇને ભારતની બંધારણસભાના પ્રથમ પ્રમુખનું માન એ પામેલા અને પટણા યુનિવર્સિટીના વાઈસ-ચૅન્સેલરપદે રહેલા. રાજકારણ તો એમને ગળથૂથીમાં જ વરેલું હતું એમ કહીએ તો ચાલે. એ જ રીતે પત્રકાર તરીકે પણ એમનું સ્થાન અનન્ય હતું. અલબત્ત, એમનું પત્રકારત્વ સી.વાઈ. ચિંતામણિ, મોતીલાલ ઘોષ અથવા કે. સી. રાયના જેવું ઉગ્ર નહિ પણ બિપિનચન્દ્ર પાલના જેવું હતું.

ગાંધીજીના 'યંગ ઈન્ડિયા' પત્રની જે રાષ્ટ્રવ્યાપી અસર હતી એવી જ અસર એક કાળે શ્રી સિંહાના 'હિન્દુસ્તાન રિવ્યૂ' માસિકની હિન્દ પર અને ખાસ કરીને બિહાર પર હતી. એના દરેક અંકમાં જુદીજુદી અનેક કલમો ચમકતી, પરંતુ આખા યે પત્ર પાછળ સતત શ્રી સિંહાનું જ વ્યક્તિત્વ બોલતું રહેતું. લેખક એને ગમે તે વિષય પર લખી મોકલે તો પણ છાપી દેવું એવા મતના એ ન હતા. 'હિંદુસ્તાન રિવ્યૂ'એ અમુક ધ્યેયનો પડઘો પાડવો જ જોઇએ એ એમનો આગ્રહ હતો. ચોક્કસ કર્તવ્યવૃત્તિ (મિશન) એમના પત્ર પાછળ રહેલી, અને એને લઇને જ ગાંધીજીના 'યંગ ઇન્ડિયા'ના પ્રાકટ્ય પહેલાં હિંદની તરુણ જનતા પર એની મોહિની રહેલી. હિંદના આજના કેટલાયે નેતાઓના જાહેર જીવનનો પ્રારંભ 'હિંદુસ્તાન રિવ્યૂ'નાં પાનાંથી થએલો છે. ઓરીસાથી બિહારને છૂટું પાડવાની શ્રી સિંહાની લડતનું હજુ ઘણાંને વિસ્મરણ નહિ થયું હોય. બિહારની કારોબારી સભાના સભ્યપદ દરમિયાન પાંચ વર્ષ સુધી શ્રી કે. સી. મહીન્દ્રે કરેલા સંચાલન સિવાય શ્રી સિંહા જ 'હિંદુસ્તાન રિવ્યૂ'નું સંચાલન કરી રહ્યા હતા, અને તે એમનું જ પત્ર રહ્યું હતું.



પત્રકાર તરીકે એમનું વ્યક્તિત્વ ગજબનું હતું. ગમે તેવી પ્રબળ વ્યક્તિનો પણ વિરોધ કરતાં એ ન અચકાતા. ગાંધીજીના રાજકીય સિદ્ધાંતો બહુધા પૌરસ્ત્ય હતા, જ્યારે શ્રી સિંહાના પાશ્ચાત્ય.

મારામાસનાં પંખી–૫૦
કલકલિયો



નદી-તળાવે ફરવા જનારે કાબર જેવડા આ પંખીને પોતાના ભભકભર્યાં વાદળી રંગથી વાતાવરણને રંગભર્યું બનાવી મૂકતું જોયું હશે.

તેની ચાંચ રાતી લાંબી, પગ ચકચકતા લાલ, છાતી સફેદ, માથું તથા પડખાં ભૂરાં રાતાં, અને તે બધા પર ઉઠાવદાર નીલવર્ણી પાંખો; અને પૂછડી તો ઘણી ટૂંકી.

માછલાં તેનો મુખ્ય આહાર, એટલે કોઈ પથ્થર પર કે પાણી ઉપર ઝૂલતી ડાળી પર તે હિલોળા લેતું પાણીની સપાટી ઉપર આવતાં માછલાં પર નજર રાખતું બેઠું હોય; અને જેવો શિકાર લાગમાં આવે કે તુરત જ ચાંચ ફાડી, પાણીમાં અતિ ઝડપે ઝપટ મારતુંક ને તેને પકડી લાવી આરોગી જાય; અને પોતાની ઝપટથી માછલાં વિખરાઈ જવાથી વળી બેસવાની જગ્યા બદલે. માછલાં ઉપરાંત તે તીડ જેવાં જીવડાં પણ ખાય છે.

માર્ચથી જૂન એ તેનો પ્રજનનકાળ. એ કાળે જ તેનું જોડું જોવા મળે. કિનારાની જમીનમાં કે કૂવાની દીવાલમાં ત્રણેક ઇંચના વ્યાસની ઊંડી અને છેડે જરા વિશેષ પહોળી બખોલ પોતાની ચાંચ વડે કોરી, તેમાં પ્રથમ દૃષ્ટિએ ગોળ જ લાગે તેવાં, ચળકતાં સફેદ રંગનાં પાંચથી સાત ઇંડાં તે મૂકે છે. ક્વચિત્ ઉંદરે કોરેલા દરથી પણ ચલાવી લે. ન પચે તેવો ખોરાક પાછો ઓકી કાઢવાની તેની આવડતને કારણે, તેનો આ માળો માછલાંનાં હાડકાં અને એવા બીજા ગંદા પદાર્થોથી ભરેલો દુર્ગંધ મારતો હોય છે. આંખોને અતિ ગમતો એવો આ કલકલિયો ઘ્રાણેન્દ્રિયને તો બહુ જ ખરાબ અનુભવ કરાવે છે.

'હિંદુસ્તાન રિવ્યૂ' એના નામ અનુસાર દેશસમસ્તના પ્રશ્નોની સમીક્ષા કરતું. ડૉ. સિંહાના જમાનાના હિંદીઓની આશા ને આકાંક્ષાઓનો એ આયનો બની રહેલું. માત્ર બિહારના કે યુક્ત પ્રાંતના નહિ પણ હિંદભરના લેખકોની કલમ એમાં ચમકતી. આમ હિંદભરના લેખકોના સહકાર છતાં કેવળ એવો સહકાર જ એમને અપેક્ષિત નહોતો. પત્રની જીવંતતા એમને મન પ્રધાન વસ્તુ હતી. નૉર્થક્લિફની માફક એ પણ માનતા કે તંત્રીને શું ગમે છે એ નહિ પણ વાચકોને શું ગમે છે એ કોઈ પણ પત્રનું પ્રધાન લક્ષ્ય હોવું જોઇએ. આ કારણે કોઇ પણ લેખ વાચકોને શુષ્ક લાગશે એવું જણાય તો તે ગમે તેવા વિદ્વાનનો લખેલો હોય તો પણ પાછો વાળતાં મુદ્દલ ન અચકાતા. અલબત્ત, એમનાં આ ધગશ અને સ્વતંત્ર મિજાજ છતાં ગાંધીજીના જેટલું દેશનું માનસપરિવર્તન એ નહોતા સાધી શક્યા. પરંતુ એની પૂર્વભૂમિકા તો એમણે તૈયાર કરી જ રાખી હતી. હિંદના રાજકારણમાં એક એવો જમાનો પણ હતો કે જ્યારે 'હિંદુસ્તાન રિવ્યૂ' ન વાંચનાર નેતા કે પત્રકારમાં એટલી ઊણપ ગણાતી.

બિહારમાં એમણે સાધેલી કોમી એકતા તો હરકોઇ હિંદીની જબાન પર કેવળ પ્રશંસા જ લાવે તેમ છે. બિહારની કોમી એકતા કેવળ બે વ્યક્તિઓને આભારી ગણાતી—એક મૌલવી મઝરૂલ હક અને બીજા શ્રી સચ્ચિદાનંદ સિંહા. કોમવાદીઓને માટે તો 'હિંદુસ્તાન રિવ્યૂ'નાં લખાણો ખોફનાક બની રહેલાં. માત્ર 'હિંદુસ્તાન રિવ્યૂ'ના જ નહિ પણ 'સર્ચલાઇટ'ના પીઠબળ રૂપે પણ શ્રી સિંહાની આ જ નીતિ રહેલી. કોમી એખલાસ માટે એમણે બિહાર અને ઓરીસાની કારોબારીસભાના સભ્યપદેથી કરેલા કેટલાયે પ્રયાસો 'સરકારી રહસ્યધારા'(ઑફિશ્યલ સીક્રેટ્સ ઍક્ટ)નીચે દટાઇ રહેલા છે. જો પોતાના મિત્ર મઝરૂલ હકને છેહ દઇને બ્રિટિશોની ભાગલા પાડીને રાજ કરવાની નીતિના એ હાથા બન્યા હોત તો તત્કાળ તેઓ સર સચ્ચિદાનંદ સિંહા બની ચૂકયા હોત. પણ એવો મિત્રદ્રોહ કે કર્તવ્યદ્રોહ એમની નાડમાં નહોતો.

હિંદના અન્ય પ્રાંતોને મુકાબલે બિહારનાં પત્રોને બ્રિટિશ સરકારની બહુ ઓછી દખલ સહન ન કરવી પડી હોય તો તેના મૂળમાં શ્રી સિંહાનું પ્રજ્વલંત વ્યક્તિત્વ જ રહેલું ગણાય. એ એક બાહોશ વકીલ હતા, ચુનંદા રાજનીતિજ્ઞ હતા, છતાં પોતાને પત્રકાર ગણાવવામાં જ ગૌરવ માનતા—અને તે પણ સંચાલક પત્રકાર તરીકે નહિ, વ્યવસાયી પત્રકાર તરીકે. એવો ભાગ્યેજ કોઈ સમય હશે જ્યારે વ્યવસાયી પત્રકારોના હિતમાં એ ઊભા રહ્યા ન હોય. ઊગતા પત્રકારો એમને 'ચાચા' તરીકે જ સંબોધતા. એમની શૈલીમાં ગાંધીજીના જેટલી સરળતા નહોતી, મોતીલાલ ઘોષના જેવો આતશ નહોતો કે ચિંતામણિના જેવો મર્મ નહોતો, પરંતુ હૃદયની પારદર્શકતા અને વ્યવસાયના ગૌરવની સભાનતા હતી.

એમની યજમાનવૃત્તિ પણ ખૂબ વખણાયેલી છે. પટણા હાઇકોર્ટના ચીફ જસ્ટિસથી માંડીને દસ રૂપિયાના કારકૂન શ્રી સિંહાની મિજબાનીમાં સમાન કક્ષાએ આવી રહેતા; અને એમની એ મિજબાની પણ 'શિષ્ટાચારની શાળા' (School of Manners) ગણાતી.

એમની વિશાળ આંખો પાછળ છુપાએલી રમૂજવૃત્તિનો પરિચય તો લોકસભાના એમના કામચલાઉ પ્રમુખપદ દરમિયાન ઘણાને થયો હતો. કસ્તૂરીરંગા જેવા એકાક્ષરી જવાબ આપતા પત્રકાર સાથે વાત કરનારને જે ભય અને વિસ્મયની લાગણી થતી તેને બદલે શ્રી સિંહા સાથે વાત કરનારને પૂરેપૂરી નિર્ભયતા ને પરિચિતતા જ લાગતી.

કેમ કે રાષ્ટ્રના ભોગે કશી અંગત મહત્ત્વાકાંક્ષા ન સેવનાર આવી વ્યક્તિની ખોટ બિહાર પ્રાંતને જ નહિ પણ દેશ સમસ્તને સાલશે; કારણ કે, સરદાર વલ્લભભાઈના જ શબ્દોમાં કહીએ તો, 'ડૉ. સિંહા જાહેર જીવનમાં લાંબા સમય સુધી બજાવેલી સેવાની એવી છાપ મૂકતા ગયા છે જે ઘણા થોડાએ મૂકી હશે.' —અશોક હર્ષ

ખાંડ–સાકર

ઈતિહાસના ઉષ:કાળથી માણસના ખોરાકમાં સાકર વપરાતી આવી છે. મધ, દૂધ અને ફળનો ઉપયોગ આપણા આહારમાં જૂના કાળથી થતો આવે છે. આ પદાર્થોમાં સાકરના વર્ગનાં રૂપાંતરો હોય છે, ને તે જુદાજુદા રૂપે આપણા ખોરાકમાં સાકર પૂરી પાડે છે.

સાકર પ્રાચીન ચીન, હિંદ અને ઇજિપ્તમાં પ્રચલિત હતી. તેના વિષેનું જ્ઞાન તે તે દેશોની પ્રજાને હતું. શેરડીનું વાવેતર ત્યાં મોટા પ્રમાણમાં થતું ને તેના રસમાંથી ખાંડ ને સાકર બનાવાતી. ઈ. ના સાતમા સૈકામાં સાકર મોટા પાયા પર બનાવાતી. પંદરમા સૈકામાં અમેરિકાના બ્રાઝિલ અને વેસ્ટ ઈન્ડીઝ ટાપુમાં શેરડીમાંથી સાકર બનાવવાનો ઉદ્યોગ સારી રીતે ચાલતો હતો. ત્યાર પછી ચાર સૈકાઓ બાદ બીટ (શક્કરિયાં જેવા મીઠો લાલ મોટો ગોળ કંદ)માંથી સાકર કાઢવાનું શરૂ થયું. આજે યુરોપ અને અમેરિકામાં બીટમાંથી સાકર કાઢવાનો ધંધો ખૂબ ઔદ્યોગિક મહત્તા પ્રાપ્ત કરી ચૂકયો છે. આ રીતે બનાવેલી સાકર 'બીટ સ્યૂગર' તરીકે ઓળખાય છે.

શેરડીમાંથી તેમજ બીટમાંથી કાઢેલી ખાંડ આજની માગણીને પહોંચી વળવા પૂરતી તૈયાર થતી નથી. એટલે ખાંડના ઉદ્યોગપતિઓએ એક પગલું આગળ ભર્યું છે. અમેરિકામાં મકાઈમાંથી ખાંડ બનાવવાનું કામ ત્યાંના સંશોધકોને સોંપવામાં આવ્યું છે. પરિણામે આજે સ્ફટિકમય ગ્લુકોઝના રૂપમાં જોઈએ તેટલી ખાંડ બનાવવા માટે પૂરતા પ્રમાણમાં કાચો માલ મળી શકે એમ છે, અને ખાંડને બદલે તેને સંતોષકારક રીતે વાપરી શકાય એમ છે. શેરડીમાંથી બનાવેલી ખાંડ સુક્રોઝ તરીકે ઓળખાય છે. આપણા શરીરમાં સુક્રોઝનું વિઘટન થાય છે અને તેમાંથી ગ્લુકોઝ પેદા થાય છે. ગ્લુકોઝ પણ ખાંડનું એક રૂપાંતર છે. પચવામાં ગ્લુકોઝ વધારે સારી છે. માંદા માણસને પણ ગ્લુકોઝનું પાણી હરકત વિના આપી શકાય છે. ખાંડને બદલે વાપરી શકાય એવા બીજા પદાર્થો પણ પુષ્કળ મળે છે: જેવા કે પ્રવાહી સાકર, સ્વીટોઝ ને ડી-ડેકસ. માલ્ટો ડેકસ્ટ્રીન જેવા મીઠા પદાર્થો પણ સુલભ થયા છે. આમ, ખાંડની તંગીને નિવારવા ખાંડને બદલે વાપરી શકાય અને શરીરને નુકસાન ન પહોંચાડે એવા મીઠા પદાર્થો વિજ્ઞાનની મદદ વડે તૈયાર થાય છે.

ખાંડ ને તેના જેવા પદાર્થો શરીરને ગરમી આપે છે. એ બધા ખોરાકના કાર્બોહાઇડ્રેટ વર્ગમાં આવે છે. એકલી સાકર કે એના જેવા પદાર્થો પર જીવવું શક્ય નથી, કારણકે સાકરમાં પ્રોટીન, ચરબી અને વિટામીન હોતાં નથી. સાકર અને એવા પદાર્થો શરીરને જરૂરી ગરમી પૂરી પાડે છે: પણ એ સિવાય બીજી રીતે તે ઉપયોગી નથી.

સુક્રોઝ ઑકટો-એસીટેટ નામનો સફેદ સ્ફટિકમય પદાર્થ બજારમાં મળે છે. તે સુક્રોઝ-ખાંડમાંથી બનાવવામાં આવે છે. તેનો ઉપયોગ ગુંદર જેવા અમુક જાતના પદાર્થોની બનાવટમાં થાય છે. કાગળને પારદર્શક બનાવનાર પદાર્થ તરીકે પણ તે વપરાય છે. પ્લાસ્ટિકના ઉદ્યોગમાં તે ઉપયોગી છે અને દારૂને પીવા યોગ્ય ન રાખવા માટે પણ તે ઉમેરવામાં આવે છે. તેની બનાવટ આપણા દેશમાં શરૂ કરવામાં આવે તો દારૂનિષેધના કાર્યક્રમમાં આ પદાર્થ સરકારને ઉપયોગી છે. એક લાખ ભાગ પાણીમાં એક ભાગ ઑકટો-એસિટેટ ઉમેરવાથી પાણી કડવુંવખ થઇ જાય છે.

કોલસાના ડામર જેવા પદાર્થમાંથી ખાંડ-સાકર કરતાં સેંકડો ગણી વિશેષમિઠાશવાળો પદાર્થ (સેકરીન) બનાવાય છે: સાકર જેવા મીઠા પદાર્થોમાંથી કડવાવખ પદાર્થો તૈયાર કરી શકાય છે.

પણ વિજ્ઞાનની આટલી સિદ્ધિઓ છતાં પોષણની દૃષ્ટિએ તો શેરડીનાં રસમાંથી બનાવેલો ગોળ ઉત્તમ જ પદાર્થ છે. એ વિષેની 'કુમાર'ના ૩૧૨ મા અંકની 'માધુકરી'માં આવેલી નોંધમાં જણાવ્યા મુજબ શરીરને પોષક તથા ઘણા ઉપયોગી ક્ષારો અને બીજાં પોષક તત્ત્વો કોઈ પણ ગળપણ કરતાં ગોળમાં જ સવિશેષ રહેલાં હોય છે. આપણા આહારમાં આજે જે સુગાળવાપણું પેસી ગયું છે તે દૂર કરીને રૂપને બદલે ગુણ જોતાં શીખી, રૂપાળી ખાંડનું સ્થાન ગુણવાન ગોળને આપવું ઘટે. —ડૉ. નરસિંહ મૂ. શાહ


ઉનાળા માટે ઉપયોગી

ઉનાળામાં ઠંડાં પીણાં તૈયાર કરવા માટે બરફની જરૂર પડે છે અને બરફને લાકડાના ભૂસામાં વીંટાળી જાળવી રાખવાનો રિવાજ છે. એક વાર બરફની પાટ તોડચા પછી તેનો જે ભૂકો પડે છે, નાના ગાંગડા બને છે તે વધુ વખત જાળવી રાખી શકાતા નથી અને જલદી પીગળવા લાગી જાય છે. એવો ભાંગેલો બરફ ટકાવવો હોય તો તેને એક માટીના પ્યાલામાં, વાડકામાં કે કૂંડીમાં રાખો, તેના મોં ઉપર ઊનના કાપડનો કે જાડા કાપડનો ટુકડો બાંધો, પણ બાજુએ વીંટળાવા ન દો, અને પછી એ બંધ કરેલા પ્યાલા, વાડકા કે કૂંડીને એક ભીની રેતીભરેલી થાળીમાં મૂકી રાખો, એથી બરફ લાંબો વખત ટકશે. થાળીમાંની રેતીને પાણીથી ભીંજાયલી રાખ્યા કરવી. ઠંડાં પીણાં બનાવનાર દુકાનદારોને એ રીત બરફની કરકસરમાં મદદ કરશે.

ઉનાળામાં દૂધ જલદી બગડી જાય છે અને રાતભર દૂધ સારું રાખવું તો મુશ્કેલ જ બને છે. દૂધ ટકાવવાની સહેલી રીત એ છે કે એક થાળીમાં પાણી ભરી તેમાં દૂધના લોટા કે પ્યાલાને ઢાંકીને મૂકો અને લોટા કે પ્યાલાની આસપાસ કપડું વીંટાળી રાખો કે જેથી પાણી અડવાથી કપડું ભીંજાએલું રહે. અને પછી જ્યાં હવાની આવજા હોય એવા સ્થાને છાયામાં મૂકી રાખો કિંવા જાળીવાળા પાંજરામાં મૂકો. વીંટાળેલું કપડું પાણી ચૂસીને દૂધને ઠંડું રાખશે અને હવાના યોગથી પાણીની વરાળ થઈ પ્યાલાને ઠંડો રાખવામાં મદદ કરશે.

શરબત બનાવવાને ગુલાબનો અર્ક (ઇન્સેસ) જોઈએ છે. એવો અર્ક ઘરગથ્થુ રીતે તૈયાર કરવો હોય તો એક મોટા મોંની કાચની બરણી લઈ તેમાં તાજાં ગુલાબનાં ફૂલોનો હાર અંદર લટકતો રહે એવી રીતે રાખી ઢાંકણું બંધ કરો. હાર બરણીના તળિયે અડકવો જોઈએ નહિ. હારનો દોરો ઉપરના ઢાંકણાંની સાથે ઘટ્ટ બેસાડી દેવો. એ બરણી સવારથી સાંજ સુધી તડકામાં રાખવી. એવી રીતે રોજ તાજાં ફૂલોનો હાર બદલવો એટલે એ ફૂલોનો અર્ક બરણીને તળિયે એકઠો થતો રહેશે.

ખાટાં લીંબુનો રસ શરબતો માટે સસ્તો પડે છે, પરંતુ રસની તૈયાર વેચાતી બાટલીઓ મોંઘી પડે છે. રસ બગાડચા વિના જાળવવો હોય તો લીંબુનો રસ કાઢીને તેમાં કશું ન નાખતાં તેને સજ્જડ બૂચવાળી બાટલીમાં ભરવો ને બાટલી રોજ તડકે મૂકવી. મહીનો દોઢ મહીનો બાટલી તડકે રહેવાથી તેમાંનો રસ બગડચા વિના લાંબા વખત સુધી રહી શકે છે અને શરબત માટે ઉપયોગી થઈ પડે છે. (પ્રજાબંધુ)



ભારત-સંઘની સરકારનો ચિત્રરૂપ આલેખ

ગઈ ૨૬મી જાન્યુઆરીએ ભારતના સ્વતંત્ર રાજ્ય તરીકેની વિધિસરની ઘોષણા થઇ તે નિમિત્તે અમે જાન્યુઆરી અંકમાં આપણી સંઘ-સરકારનો ચિત્રરૂપ આલેખ આપેલો હતો. તેમાં રહી ગએલી અમુક ભૂલો તરફ અમારું ધ્યાન ખેંચવામાં આવતાં તે આલેખને સુધારીને નવી રચનાવાળો આલેખ આ સાથે આપીએ છીએ. તેમાં જણાવ્યા મુજબ રાષ્ટ્રના પ્રમુખની ચૂંટણી રાજગૃહ તથા લોકગૃહ ઉપરાંત દેશના અન્ય પ્રાંતો(રાજ્યો)ના ધારાસભ્યોના બનેલા મંડળ તરફથી કરવામાં આવે. આ આલેખમાં લોકગૃહ તથા રાજગૃહ ઉપરાંત રાજ્યોના ધારાગૃહો પણ તેમનાં નામ સાથે દર્શાવવામાં આવ્યાં છે. એ રીતે ચુંટાએલા પ્રમુખ તથા લોકગૃહ અને રાજગૃહ એ બંને ધારાગૃહો મળીને ભારત-સંઘની પાર્લામેન્ટ બને. ઉપપ્રમુખની ચૂંટણી સંઘનાં બંને ધારાગૃહો મળીને કરે. ને પ્રમુખની ગેરહાજરીમાં તે પ્રમુખના જેટલા જ હક્ક ભોગવે. ઉપરાંત તે રાજગૃહના સભાપતિપદે પણ બેસે. વડા પ્રધાનની નિમણુક પ્રમુખ કરે, અને પછી તેની સલાહ અનુસાર પ્રધાનમંડળના બીજા પ્રધાનોની નિમણુક કરે. એ સમસ્ત પ્રધાનમંડળ સંયુક્તરીતે લોકગૃહને જવાબદાર રહે.

> દગ્ધ કરી નાખ દુરિતો તને દાબતા જબર જવાળામુખી શો બની જા,
> કચડતા પ્હાડના હાડને ચૂર્ણ કર માર્ગ કર મોકળો નભ ભણી જા.
>
> —પૂજાલાલ—

૧૯૩૨ના ઉપવાસ પછી યરવડા જેલમાં મહાત્માજી વાતો કરતા બેઠા હતા. પાસે જ સગડી પર પાણી ગરમ થતું હતું. તે ગરમ થઇ રહેતાં એક કેદીએ વાસણ ઉતારી લીધું, પણ સગડીમાં રહેલા થોડાક કોલસા ઓલવ્યા નહિ. મહાત્માજીએ તે જોતાં જ વાતમાં વિક્ષેપ પાડીને પણ પેલાને સગડી ઓલવી નાખવા કહ્યું. આ જોઈ પાસે બેઠેલા જેલ અમલદારે કહ્યું,'કોલસા સરકારી છે;આપ તેની ચિંતા શા માટે કરો છો?'લાગલા જ મહાત્માજીએ કહ્યું,'ના,એ તો જાહેર પ્રજાનાં નાણાંના કોલસા છે. અને તેમ ન હોય તોપણ એટલી દેશની સામગ્રી એળે જવા કેમ દેવાય?'


અનેકાર્થી શબ્દ: શંકુ=ઉપર જતાં અણિયાળી થતી જતી ગોળ બેઠકવાળી ઘન આકૃતિ; સોયની અણી; ટોચ કે શિખર; એક હજાર અબજ દર્શાવતી સંખ્યા; સૂર્યયંત્ર.


કહેવતોના અર્થ: 'હાથકંકણને આરસીની જરૂર ન હોય.' જે વાત તદ્દન સ્પષ્ટ, દીવા જેવી ચોખ્ખી (એટલે કે અંધારામાં દીવો જેટલો સ્પષ્ટ જણાય તેવી) હોય તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતનો શબ્દાર્થ ખુલ્લો જ છે. આપણે જાતે આપણો ચહેરો નથી જોઈ શકતા તેથી તે જોવા માટે આરસીની જરૂર પડે; પણ હાથમાં પહેરેલું કંકણ તો સરળતાથી નજર સામે જોઈ શકાય છે; તે જોવા માટે આરસીની જરૂર હોતી નથી.



યુનાઇટેડ સ્ટેટ્સ ઑાવ અમેરિકાએ કાઢેલો સૌ પહેલો સિક્કો:'ઈ.૧૭૮૭નો ફ્યુજિયો સેન્ટ.' એ 'ફ્રેન્ક્લિન સેન્ટ'ના નામે પણ ઓળખાય છે,કેમકે એના ઉપર(ડાબી બાજુ) ના ચિત્રમાં 'માઈન્ડ યૉર બિઝનેસ' (તમારું કામ સંભાળો) એવું ફ્રેન્ક્લિનનું ગમાતું સૂત્ર કોતરેલું છે. મથાળે સૂર્ય અને તેની નીચે તડકા ઉપરથી સમય માપવાના સૂર્યયંત્રનું આલેખન છે, તે એમ દર્શાવે છે કે સમય ઘણો ઝડપથી પસાર થઈ જાય છે; તેની નીચે લખેલું સૂત્ર ઉપયુક્ત છે. બાજુના ચિત્રમાં અમેરિકાનાં તેર રાજ્યોના પ્રતીક રૂપ તેર કડીઓ એકબીજીમાં ભળીને ગોળ સાંકળ રૂપ બનેલી દર્શાવે છે. તે, અમેરિકાના સ્વાતંત્ર્ય સમયે રચાયેલાં તેનાં તેર રાજ્યોની એકસંપી દર્શાવવા યોજેલ છે, જેની વચ્ચે લખેલા સૂત્ર 'વી આર વન (અમે એક છીએ)ને તે સાર્થ કરે છે.

'સૅન્ડવિચ' ટાપુઓના લોકોમાં જો કોઈનું સૂતક આવે તો તે તેનો એક દાંત પડાવી નાખે છે! * ઇ.૧૮૯૮ પહેલાં હિંદમાં છાપાના અંકો જો એકબીજાને બદલામાં મોકલવાના હોય તો તે ટપાલમાં મફત મોકલી શકાતા. * જાપાનમાં ૨૦ વર્ષની નીચેના માણસને તંબાકુ પીવાની મનાઈ છે. * બ્રિસ્ટલની એક શાળામાં શાળાનું કામકાજ શરૂ કરતાં પહેલાં વિદ્યાર્થીઓને ૧૦ મિનિટ હસાવવામાં આવે છે. * કાચબાનું હૃદય તેના શરીરમાંથી બહાર કાઢી લીધા પછી પણ ૪૦ કલાક સુધી ચાલુ રહે છે. * નેપાળમાં ભિખારીઓ તથા દારૂડિયા બિલકુલ નથી.





મથાળે ડાબી બાજુ: આવતી તા. ૧૪-૧૫-૧૬ એપ્રિલે અમદાવાદમાં 'મુંબઇ પ્રાંતીય શારીરિક શિક્ષણ પરિષદ'નું બીજું અધિવેશન ભરાવાનું છે તેની જે મોટા પાયા પર તૈયારીઓ ચાલી રહી છે તે પરથી એ ઘણું સંગીન થશે એમ લાગે છે. તેનું શ્રી રવિશંકર રાવળે આલેખેલું પોસ્ટર (પ્રચારચિત્ર) આ ઉપર આપ્યું છે. એ પ્રસંગે આરોગ્ય, ખોરાક, વ્યાયામ આદિને લગતાં પોસ્ટરો(બોધચિત્રો)નું એક પ્રદર્શન પણ યોજનાર છે. તેમાં ભાગ લેવા માટે પ્રાંતના સૌ ચિત્રકારો માટે એક ઈનામી હરીફાઈ યોજી છે; જેમાં મોટા તેમજ વિદ્યાર્થી ચિત્રકારો માટે બે પ્રકાર છે. વિગતો ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની કચેરી, બંદુકગૃહ, રીલીફરોડ, અમદાવાદ-૧, એ સરનામેથી મળશે.
જમણી બાજુ: કલાકણિકા–કલાનો કેટલો સમૃદ્ધ આદર થતો તેનો આ નમૂનો, પંજાબની એક મુખવાસના ડબ્બા ઉપરની તકતીઓ પૈકીની આ તકતી દર્શાવે છે. એ આખું સુશોભન સોનાના બિદરી કામનો નમૂનો છે. ડબ્બાની દરેક તકતીમાં વચ્ચેના વૃક્ષાકાર ચંદાની શોભન-આકૃતિ નિરનિરાળી કરેલી છે, તે પણ આટલી જ ભરચક અને નયનમનોહર છે. એ બીજી તકતીઓના નમૂના હવે પછી.







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (જુઓ પૃ. ૯૭) મથાળે ડાબી બાજુ: 'શિયાળાની સવાર'-વિક્રમ દલાલ, અમદાવાદ (ત્રીજુ ઈનામ); જમણી બાજુ: 'આબુના-સનસેટ પૉઈન્ટ પરના સૂર્યાસ્તના દૃશ્યના ત્રણ તબક્કાઓ'-રોહિત મહેતા, (નોંધપાત્ર); નીચે: 'ગામને ગોંદરે–કનુ ગાંધી, મુંબાઈ (નોંધપાત્ર). વિવેચન જુઓ પૃ. ૯૭મે.

KUMAR Reg. No. B. 1808



વલ્લભીપુરની પાસેના પવિત્ર સૂર્યમંદિરમાં એક એકાકી વૃદ્ધ પુરોહિત પૂજા કરતો. એક દહાડો સુભગા નામની એક અનાથ વિધવા બ્રાહ્મણ-કન્યા તેને આશ્રયે આવી. પુરોહિતે તેને પુત્રીની પેઠે રાખી અને સૂર્યમંત્ર શીખવ્યો. એ મંત્રમાં એવી શક્તિ હતી કે એક વખત બોલે એટલે સૂર્યદેવ પ્રસન્ન થઈ દર્શન દે; બીજી વાર ઉચ્ચારે તો ઉચ્ચારનારનું મૃત્યુ થાય.

કાળે કરીને બ્રાહ્મણ મરી ગયો. સુભગાને એકલાં ગમતું ન હતું. એક દહાડો સહસા, તેણે સૂર્યદેવનું ધ્યાન ધરી મંત્રનું ઉચ્ચારણ કર્યું. જ્યોતિર્મય સૂર્યદેવે દર્શન દીધાં. પ્રકાશ સહન ન થવાથી સુભગા મોં ઢાંકી બોલી 'દેવ, ક્ષમા કરો.' સૂર્યે વર માગવાનું કહેતાં સુભગાએ એક પુત્ર અને એક પુત્રી માગ્યાં. એ પ્રસંગનું આ ચિત્ર છે.

•

એ બાળકો મોટાં થયાં બાદ એક દહાડો પુત્રે પોતાના પિતાનું નામ જાણવા હઠ કરી. પરિણામે સુભગાને બીજી વાર સૂર્યમંત્ર બોલવો પડ્યો. સૂર્યદેવ પ્રગટ થયા, સુભગા મૃત્યુ પામી. સૂર્યદેવે પુત્રને આદિત્યશિલા આપી તે વડે પૃથ્વી જીતવાનું વરદાન દીધું. એ પુત્ર શિલાદિત્ય કહેવાઈ ચક્રવર્તી રાજા થયો.

શિલાદિત્યની એ રસભરી વાર્તા, અને એવી બીજી અનેક રસતરબોળ વાર્તાઓ, નાટકો, કાવ્યો તથા લેખો, મબલખ ચિત્રો સાથે, એક સમૃદ્ધ સ્મારક-ગ્રંથમાં સંઘરાયાં છે. એ સ્મારક-ગ્રંથ તે

હાજીમહમ્મદ સ્મારક-ગ્રંથ

જેમણે 'વીસમી સદી' માસિક પ્રગટ કરીને ગુજરાતમાં રંગભર પત્રકારત્વનો યુગ પ્રગટાવ્યો. અને જેમણે પોતાના એ પ્રિય ધ્યેય પાછળ પોતાની દોલત અને દેહની કુરબાની કરી નાખી તે સાહિત્ય અને કલાના શહીદ, બાદશાહ પત્રકાર, હાજીમહમ્મદ શિવજીના જીવનની રોમાંચકારી કરુણ સ્મૃતિઓ સાચવતા એ ગ્રંથમાં, એ મહાનુભાવ વ્યક્તિના અંગત સંપર્કમાં આવેલા સંખ્યાબંધ મિત્રોએ લખેલાં સંસ્મરણો અનેક ચિત્રો તથા ફોટો સાથે સંઘરાયાં છે.

બધાં મળીને ૫૪૪ પાનાં અને ૧૩૨ ચિત્રોનો દળદાર ગ્રંથ: કિંમત રૂ. ૪: પોસ્ટેજ ૦-૧૨-૦

કુમાર કાર્યાલય લિમિટેડ · રાયપુર · અમદાવાદ